અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

29 JANUARY-2026 THURSDAY | Vol. : 17 | Issue : 207 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  યાસીન મલિકના મૃત્યુદંડની સજાની NIA માંગ કરતી અરજી પર દિલ્હી હાઈકોર્ટ એપ્રિલમાં સુનાવણી કરશે

4  અસારવા રેલવે સ્ટેશનનું કાયાકલ્પ : વ્યાપક આધુનિકીકરણ તથા યાત્રી સુવિધાઓનો વિકાસ

6  ઓરીએ સારા વિશે ભદ્દી મજાક કરતાં બંનેની દોસ્તીમાં તિરાડ

7  ચાંદીમાં આગ ઝરતી તેજી, બે જ દિવસમાં ₹44,000 મોંઘી થઈ: સોનામાં પણ ઉછાળો, ₹1.63 લાખની ઓલ ....

### વિમાનમાં 6 લોકો સવાર હતા, પ્લેનમાં સવાર તમામ લોકોના મોત થયા

# મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું પ્લેન ક્રેશમાં નિધન

## પવાર મુંબઈથી બારામતી રાજકીય કાર્યક્રમમાં જઈ રહ્યા હતા ત્યારે દુર્ઘટના સર્જાઈ : અજિત પવારના મૃતદેહની ઓળખ તેમના કપડા-ઘડિયાળ દ્વારા થઈ

**મુંબઈ, તા.28**

બુધવારે સવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન બારામતીમાં ક્રેશ થયા બાદ તેમનું નિધન થયું છે. આ વિમાનમાં કુલ ૬ લોકો સવાર હતા. પ્લેનમાં સવાર તમામ લોકોના મોત થઈ ગયા છે. તેઓ મુંબઈથી બારામતી રાજકીય કાર્યક્રમમાં જઈ રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. લેન્ડિંગ સમયે પ્લેન ક્રેશ થયું હતું અને પ્લેન ક્રેશ થયા બાદ ફ્યુઅલ ટેંકમાં ધડાકો થયો હતો. વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું મોત થયું છે. વિમાનમાં સવાર ૫ લોકોના મોતની DGCAએ કરી પુષ્ટી કરી હતી. ડીજીસીએ કહ્યું હતું કે વિમાન દુર્ઘટનામાં અજિત પવાર સહિત ૫ લોકોના મોત થયા છે.

આ ઘટના બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ સહિતના નેતાઓએ શોક વ્યક્ત કર્યો છે. PM મોદીએ ઘટના અંગે X પર લખ્યું છે કે, 'મહારાષ્ટ્રના બારામતીમાં બનેલી વિમાન દુર્ઘટનાની ઘટનાથી દુ:ખી છું. મારી સંવેદનાઓ તે બધા લોકો સાથે છે જેમણે આ દુર્ઘટનામાં પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે. આ ઊંડા દુ:ખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવારોને શક્તિ અને હિંમત મળે તે માટે પ્રાર્થના કરું છું.'

આ અકસ્માત તેમના બારામતીમાં થયો હતો. અજિત પવાર પવાર પરિવારના ગઢ તરીકે ઓળખાતા પ્રદેશ બારામતીના ધારાસભ્ય છે. અકસ્માત બાદ વિમાનમાંથી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. અગાઉ એવા અહેવાલો હતા કે વિમાન દુર્ઘટનામાં તેઓ ઘાયલ થયા છે, પરંતુ તે પછી માહિતી સામે આવી છે કે તેમનું નિધન થઈ ગયું છે. અજિત પવાર ચાર્ટર પ્લેન દ્વારા બારામતી જઈ રહ્યા હતા. અકસ્માત બાદ વિમાનમાં આગ લાગી ગઈ હતી. અજિત પવાર



બુધવારે બારામતીમાં અનેક કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા. ઘટના સ્થળ પરથી તે તસવીરો સામે આવી રહી હતી તેમાં દેખાય છે કે વિમાન ખેતરમાં પડેલું છે. જેમાંથી ધૂમાડો નીકળી રહ્યો હતો અને વિમાન જમીન પર પડ્યા બાદ ફ્યુઅલ ટેંકમાં આગ લાગ્યા બાદ મોટો ધડાકો થયો હતો અને આગ બાદ ચારે તરફ ધુમાડાના ગોટા જોવા મળ્યા હતા. અજિત પવારના મૃતદેહની ઓળખ તેમના કપડા અને ઘડિયાળ દ્વારા કરવામાં આવી હતી. ઘડિયાળ તેમની છેલ્લી ઓળખ સાબિત થઈ. આનાથી અકસ્માત કેટલો ભયાનક હતો તેનો અંદાજ લગાવી શકાય છે.

અચાનક બનેલી આ ઘટનાને જોઈને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને વિમાનમાં કોઈ જીવિત હોય તો તેમને બચાવવાના પ્રયાસો કર્યા હતા. વિમાન ક્રેશ થયા બાદ તેના પાર્ટ્સ ખેતરમાં વિખેરાયેલા પડ્યા હતા. આ ઘટના બારામતી એરપોર્ટથી લગભગ ૩-૪ કિલોમીટર પહેલા બની હોવાનું મનાઈ રહ્યું છે. વડાપ્રધાન મોદીએ શરદ પવાર જોડે વાતચીત કરીને તેમને સાંત્વના આપી હતી.

આ સાથે અજિત પવારની આવતીકાલે ૨૯ જાન્યુઆરીના રોજ ૧૧ વાગ્યે અંતિમવિધિ કરવામાં આવશે તેવો નિર્ણય લેવાયો છે.

અજિત પવારનો જન્મ અહેમદગઢના દેવલાલી પ્રવરામાં ૨૨ જુલાઈ ૧૯૫૯એ થયો હતો. તેઓ ૬૬ વર્ષના હતા અને મહારાષ્ટ્રના રાજકારણમાં તેમનું કદ ખાસ્સું મોટું હતું. તેઓ મહારાષ્ટ્રના સૌથી લાંબો સમય ડેપ્યુટી સીએમ રહી ચૂક્યા છે. અજિત પવારે વર્ષ ૧૯૮૫માં સુનેત્રા પવાર સાથે લગ્ન કર્યા હતા અને તેમના બે દીકરા જય પવાર અને પાર્થ પવાર છે.

ખરાબ હવામાનને અકસ્માતનું મુખ્ય કારણ ગણાવવામાં આવી રહ્યું છે. આ પ્રશ્ન એ ઉભો કરે છે કે આટલા ખરાબ હવામાન દરમિયાન વિમાન ક્રેશ થવા પાછળ કયા પરિબળો જવાબદાર હોઈ શકે છે. એવિએશન એક્સપર્ટના જણાવ્યા પ્રમાણે, ખરાબ હવામાનમાં પ્લેન ક્રેશ થવામાં એક નહીં અનેક ફેક્ટર જવાબદાર હોય શકે છે. જોકે, પ્લેન ક્રેશનું અસલ કારણ શું હતુ તે તો ડાયરેક્ટોરલ જનરલ ઓફ સિવિલ એવિએશન અને એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશનની તપાસ પછી જ ખબર પડશે.

એક મહિલા પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, સવારે વિમાન બારામતી હવાઈ પટ્ટી પર ચક્કર લગાવતું જોવા મળ્યું હતું. તેણીએ જણાવ્યું હતું કે લેન્ડિંગ દરમિયાન, વિમાન સંતુલન ગુમાવી બેઠું હતું અને ખૂબ જ જોરથી જમીન પર અથડાયું હતું.

વિમાન જમીન પર અથડાતાં જ એક જોરદાર વિસ્ફોટ થયો હતો, જેનો અવાજ આસપાસના વિસ્તારમાં સંભળાયો હતો. વિમાન ક્રેશ થયા પછી વિમાનના ટુકડા હવામાં ઉડ્યા અને નજીકના ઘરોમાં પડ્યા, જેનાથી સ્થાનિક લોકો ભયભીત થઈ ગયા હતા.

આ દરમિયાન, અજિત પવારના પત્ની સુનેત્રા પવાર અને તેમના બાળકો પાર્થ અને જય દિલ્હીથી બારામતી જવા માટે રવાના થયા હતા. આ દરમિયાન, રોહિત પવાર હોસ્પિટલમાં પહોંચ્યા છે જ્યાં અજિત પવારનો મૃતદેહ રાખવામાં આવ્યો છે. આ દરમિયાન, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી કમલનાથ અને દિગ્વિજય સિંહ સહિત મધ્ય પ્રદેશના અનેક નેતાઓએ બુધવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના નિધન પર શોક વ્યક્ત કર્યો.

## ટ્રમ્પ બોલ્યા- બીજો નૌકાદળનો કાફલો ઈરાન તરફ આગળ વધી રહ્યો: ઈરાનને સમાધાન કરવાની ધમકી આપી

**વોશિંગ્ટન, તા.28**

ઈરાનમાં સરકાર વિરોધી પ્રદર્શનો પછી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ પોતાની ધમકીઓ તેજ કરી દીધી છે. અમેરિકા ઈરાનની આસપાસ પોતાની સૈન્ય હાજરી વધારવાની તૈયારીમાં છે. મંગળવારે આપેલા એક ભાષણમાં ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાનો વધુ એક નૌકાદળનો કાફલો ઈરાનની દિશામાં આગળ વધી રહ્યો છે. જોકે, ટ્રમ્પે વધુ માહિતી આપી ન હતી. તેમણે આશા વ્યક્ત કરી છે કે ઈરાનને નવા કરાર પર સહમત કરી શકાય છે. એક અઠવાડિયા પહેલા પણ ટ્રમ્પે આ જ પ્રકારનું નિવેદન આપતા કહ્યું હતું કે એક મોટો અમેરિકી સૈન્ય કાફલો ઈરાન તરફ આગળ વધી રહ્યો છે. બીબીસી ફારસીના અહેવાલ મુજબ, અમેરિકી યુદ્ધ જહાજ 'USS અબ્રાહમ લિંકન' મિડલ ઈસ્ટમાં પહોંચી ચૂક્યું છે. USS અબ્રાહમ લિંકન અમેરિકી નૌકાદળનું એક ન્યુક્લિયર-પાવર્ડ એરક્રાફ્ટ કેરિયર છે. તેને વિશ્વના સૌથી મોટા અને સૌથી શક્તિશાળી યુદ્ધ જહાજોમાંથી એક માનવામાં આવે છે. ટ્રમ્પે એક્સિયોસને આપેલા એક અલગ ઈન્ટરવ્યૂમાં કહ્યું કે ઈરાન સાથેની સ્થિતિ અત્યારે બદલાઈ રહી છે. તેમણે દાવો કર્યો કે ઈરાન હવે વાતચીત માટે તૈયાર થઈ શકે છે.



ટ્રમ્પે કહ્યું, 'અમારી પાસે ઈરાન નજીક એક મોટો આર્મડા છે, જે વેનેઝુએલા કરતાં પણ મોટો છે.'

તેમણે એ પણ કહ્યું કે ઈરાનના અધિકારીઓ ઘણી વખત સંપર્ક કરી ચૂક્યા છે અને તેઓ ડીલ કરવા માંગે છે. ટ્રમ્પનું માનવું છે કે ઈરાન વાત કરવા માટે ઉત્સુક છે. એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ પત્રકારોને જણાવ્યું કે અમેરિકા વાતચીત માટે તૈયાર છે. જો ઈરાન સંપર્ક કરે છે અને શરતોને માને છે, તો વાત થશે. આ મહિને અમેરિકી વિશેષ દૂત સ્ટીવ વિટકૉફે સમજૂતી માટે શરતો જણાવી છે ઈરાને વાતચીત કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે, પરંતુ આ શરતોને સંપૂર્ણપણે નકારી કાઢી છે. ટ્રમ્પે જૂનમાં ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર અમેરિકી હુમલાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે દાવો કર્યો કે ત્રણ સુવિધાઓ પરના હુમલાથી ઈરાનની પરમાણુ ક્ષમતા સંપૂર્ણપણે નષ્ટ થઈ ગઈ છે. આ ઠેકાણાઓ ફોર્ડો, નતાન્ઝ અને ઈસ્ફહાન હતા. તેમણે કહ્યું, '22 વર્ષથી લોકો આ કરવા માગતા હતા.' ટ્રમ્પે હજુ સુધી એ જણાવ્યું નથી કે ઈરાન પર વધુ સૈન્ય કાર્યવાહી કરવામાં આવશે કે નહીં. જોકે, તેમણે અગાઉ કહ્યું હતું કે જો ઈરાન પ્રદર્શનકારીઓની હત્યા કરશે તો કાર્યવાહી કરવામાં આવશે. મિડલ ઈસ્ટ (CENTCOM)માં હાલ અમેરિકી સૈન્યની હાજરી ઘણી મજબૂત છે. મિડલ ઈસ્ટ અને પર્શિયન ગલ્ફમાં લગભગ 30,000 થી 40,000 અમેરિકી સૈનિકો તહેનાત છે. હાલમાં મિડલ ઈસ્ટમાં લગભગ 6 નૌકાદળના જહાજો હાજર છે, જેમાં 3 ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયરનો સમાવેશ થાય છે, જે બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ અને અન્ય ઓપરેશન માટે સક્ષમ છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે શુક્રવારે કહ્યું કે અમેરિકી યુદ્ધ જહાજ USS અબ્રાહમ લિંકન અરબ સાગરમાં ઈરાન પહોંચી ગયું છે. ઈરાનના ઘણા શહેરો તેની સ્ટ્રાઈક રેન્જમાં છે. રિપોટ્ર્સ અનુસાર, તે અરબ સાગરમાં અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENCOM)ના ઝોનમાં આવી ગયું છે. સાથે જ અમેરિકાનું C 37-B એરક્રાફ્ટ પણ ઈરાનના ઉત્તરમાં તુર્કમેનિસ્તાનના અશગાબાદ બેઝ પર પહોંચી ગયું છે.

## PM મોદીએ NCC રેલીમાં અજીત પવારને શ્રદ્ધાંજલિ આપી: કહ્યું- અજિત દાદાએ મહારાષ્ટ્ર-દેશના વિકાસમાં યોગદાન આપ્યું

**નવી દિલ્હી, તા.28**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ બુધવારે દિલ્હી કેન્ટોનમેન્ટના કેરિયપ્પા પરેડ ગ્રાઉન્ડ પહોંચ્યા. અહીં આયોજિત નેશનલ કેડેટ કોર (NCC) રેલીમાં ભાગ લીધો. રેલીની થીમ, રાષ્ટ્ર પ્રથમ-કર્તવ્ય નિષ્ઠ યુવા છે. NCC કેડેટ્સને સંબોધિત કરતા પીએમએ સૌ પ્રથમ મહારાષ્ટ્રના ડેપ્યુટી CM અજિત પવારના નિધન પર દુ:ખ વ્યક્ત કર્યું. તેમણે કહ્યું- દુ:ખની આ ઘડીમાં અમે તેમના પરિવારો સાથે છીએ. તેમણે કહ્યું કે અજિત દાદાએ મહારાષ્ટ્ર અને દેશના વિકાસમાં મોટો ફાળો આપ્યો. ગામડાઓના જીવનને બહેતર બનાવવા માટે હંમેશા કામ કર્યું. NCC પીએમ રેલી મહિનાભર ચાલેલા NCC ગણતંત્ર દિવસ શિબિર 2026 ના સમાપ્તિનું પ્રતીક છે, જેમાં દેશભરમાંથી 2,406 NCC કેડેટ્સે ભાગ લીધો. તેમાં 898 બાલિકા કેડેટ્સ પણ સામેલ હતી. આ ઉપરાંત ભૂટાન, શ્રીલંકા, બ્રાઝિલ,



નેપાળ અને મલેશિયા સહિત 20 થી વધુ મિત્ર દેશોમાંથી 200 થી વધુ કેડેટ્સ અને અધિકારીઓએ શિબિરમાં ભાગ લીધો. આ વખતે પણ મોટી સંખ્યામાં છોકરીઓએ અહીં ભાગ લીધો. હું તેમને ખાસ કરીને અભિનંદન આપું છું. કેટલાક વર્ષોમાં NCC કેડેટ્સની સંખ્યા 14 લાખથી વધીને 20 લાખ થઈ ગઈ. ખાસ કરીને સરહદી-દરિયાકાંઠાના વિસ્તારોમાં ઘણો વધારો થયો. તમે બધા તમારી ભૂમિકાને સશક્ત કરી રહ્યા છો. NCC યુવાનોનું મંચ છે. આ મંચ પર પોતાની વિરાસતને ગૌરવ સાથે જીવવામાં આવી રહી છે. આ વર્ષે વંદે માતરમના 150 વર્ષ પૂર્ણ થવાનો ઉત્સવ NCCએ પૂરા જોશથી ઉજવ્યો છે. દેશના ખૂણેખૂણે કાર્યક્રમો કર્યા. વીર સાગર યાત્રા તેનું ઉદાહરણ છે. કેટલાક વર્ષો પહેલા સરકારે અંદમાન નિકોબારના 21 ટાપુઓને પોતાના પરમવીર ચક્ર વિજેતાઓના નામ આપ્યા. તેની પાછળ રાષ્ટ્રનાયકોને સન્માન આપવાનો જે ભાવ હતો તેને તમે આગળ વધાર્યો. લક્ષદ્વીપમાં દ્વીપ ઉત્સવના માધ્યમથી તમે સાગર, સંસ્કૃતિ અને પ્રકૃતિ બધાને સેલિબ્રેટ કર્યા. એનસીસીએ ઈતિહાસને સ્મારકોમાંથી બહાર કાઢીને લોકોના દિલમાં જીવંત કર્યો.

## અનામતનો આ ખેલ જોઈ CJI ખુદ ચોંક્યા, કહ્યું - આ તો નવા જ પ્રકારનો ફ્રોડ

**નવી દિલ્હી, તા.28**

NEET પરીક્ષા પહેલા બૌદ્ધ કેવી રીતે બની ગયા? સુપ્રીમ કોર્ટે ગુરુવારે હરિયાણાના એક પરિવારના દાવા પર ઝાટકણી કાઢતા કહ્યું છે કે સદંતર અસ્વીકાર, તમે લઘુમતીઓના અધિકારો છીનવી લેવા માંગો છો, તમે દેશના સૌથી અમીર જગ્યાઓમાંથી આવો છો, તમને પોતાની ક્ષમતા પર ગૌરવ હોવું જોઈએ, આ એક પ્રકારની છેતરપિંડી જ છે, અમને વધુ ટિપ્પણી કરવા મજબૂર ન કરો.

સુપ્રીમ કોર્ટે ગુરુવારે હરિયાણાના એક પરિવારના દાવા પર સવાલ ઉઠાવતા કહ્યું કે તમે લઘુમતીઓને અપાયેલી અનામતનો લાભ લેવા માટે પરીક્ષાના ઠીક પહેલા બૌદ્ધ ધર્મ અપનાવી લીધો હતો, હરિયાણા સરકાર પાસે પણ જવાબ માંગ્યો કે લઘુમતી પ્રમાણપત્ર કેમ ઈસ્યુ કરવામાં આવ્યું તેનો જવાબ આપો, ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બેન્ચે પરિવાર દ્વારા કરવામાં આવેલી કોશિશની



સખત શબ્દોમાં નિંદા કરી, પરિવારની હેતુ અંગે શંકા વ્યક્ત કરી. એક નવા પ્રકારની છેતરપિંડી ગણાવી. મહત્વનું છે કે અરજી કરનાર પરિવાર હિસારના એક સબ ડિવિઝન ઓફિસર(સિવિલ) પાસેથી બૌદ્ધ લઘુમતી પ્રમાનપત્ર પ્રાપ્ત કર્યું હતું. જેનાથી કોલેજમાં એડમિશન લેવાયું હતું. જો કે, ઉત્તર પ્રદેશ સરકારે 2016માં એક અધિસૂચના જાહેર કરી હતી કે લઘુમતીનો દરજ્જો મેળવવા માટે રાષ્ટ્રીય લઘુમતી આયોગની માન્યતા હોવી જરૂરી છે તે ઉપરાંત ઉત્તર પ્રદેશ રાજ્યમાંથી પણ મંજૂરી લેવી ફરજિયાત છે. ઉત્તર પ્રદેશ સરકારે આવી મંજૂરી આપવાની સ્પષ્ટ મનાઈ કરી દીધી હતી. તેમ છતાં સંબંધિત ઓથોરીટીએ એડમિશન આપ્યું હતું. સમગ્ર મામલે સુપ્રીમ કોર્ટે સુનાવણી કરતાં કડક શબ્દોમાં મૌખિક ટીપ્પણીઓ કરી પરિવારના આ કામને એક છેતરપિંડી ગણાવી હતી. CJI સૂર્યકાંતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે સદંતર અસ્વીકાર, તમે દેશના સૌથી અમીર જગ્યાઓમાંથી આવો છો, તમને પોતાની ક્ષમતા પર ગૌરવ હોવું જોઈએ, આ એક પ્રકારની છેતરપિંડી જ છે.



# અમદાવાદ ઍરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## અમદાવાદ એરપોર્ટ બાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ઈમેઈલ મળતા પોલીસ સહિતની સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ

**અમદાવાદ, તા.28**

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ (SVPI) ઍરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. 27મી જાન્યુઆરી 2026ના રોજ મળેલી આ ધમકીને પગલે ઍરપોર્ટ અને પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. ખાલિસ્તાની વિચારધારા ધરાવતા તત્ત્વો દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું હોવાની આશંકા વચ્ચે ઍરપોર્ટ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે અને સમગ્ર કેમ્પસમાં સુરક્ષા બંદોબસ્ત ચુસ્ત કરી દેવામાં આવ્યો છે.




મળતી માહિતી અનુસાર, આ ધમકી એક અજાણ્યા ઈ-મેઈલ આઈડી aldurham420@gmail.com (Amber Durham) પરથી મોકલવામાં આવી હતી. આ મેઈલ ઍરપોર્ટના સત્તાવાર ઈ-મેઈલ આઈડી dtm.amd@adani.com તેમજ અન્ય ફીડબેક આઈડી પર 27મી જાન્યુઆરીના રોજ સવારે 11.05 વાગ્યે મળ્યો હતો. ઈ-મેઈલના સબ્જેક્ટમાં 'BOMB Blast luggage Section' લખેલું હતું. મેસેજમાં જણાવાયું હતું કે, 'અમદાવાદ ઍરપોર્ટ ટાર્ગેટ પર છે. શીખો હિન્દુ નથી અને મોદી-શાહ ખાલિસ્તાનના દુશ્મન છે.' આ સાથે જ ઍરપોર્ટને ગંભીર પરિણામો ભોગવવાની ચીમકી પણ આપવામાં આવી હતી.

ધમકીભર્યો ઈ-મેઈલ મળતાં જ ઍરપોર્ટના ચીફ સિક્યોરિટી ઑફિસર અને અદાણી ગ્રૂપના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક એક્શનમાં આવ્યા હતા. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી સવારે 11.20 વાગ્યે 'બોમ્બ થ્રેટ એસેસમેન્ટ કમિટી'ની ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી હતી. અંદાજે અડધા કલાક સુધી ચાલેલી આ બેઠકમાં તમામ ચકાસણી કરવામાં આવી હતી. અંતે, કમિટીએ આ ધમકીને 'નોન-સ્પેસિફિક' જાહેર કરી હતી, છતાં સાવચેતીના ભાગરૂપે ચેકિંગ સઘન બનાવવામાં આવ્યું હતું.

આ મામલે અમદાવાદ ઍરપોર્ટના લેન્ડ સાઈડ સિક્યોરિટી ડ્યુટી મેનેજર રવિકાન્ત ભારદ્વાજે ઍરપોર્ટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈટી ઍક્ટ અને ગુનાહિત ધમકીની કલમો હેઠળ ગુનો નોંધી ઈ-મેઈલ કરનારનું લોકેશન ટ્રેસ કરવા સાયબર સેલની મદદ લીધી છે. આ કેસમાં પવનસિંગ ચૌહાણ અને અશોક રણવા જેવા અધિકારીઓની સાક્ષી તરીકે પૂછપરછ કરવામાં આવી રહી છે.

"સ્કૂટર ખરીદવા પૈસા આપ નહીંતર વીડિયો વાઈરલ કરીશ..."

# અમદાવાદની મહિલા ઉદ્યોગપતિને મહેસાણાના શખસે આપી ધમકી

**અમદાવાદ, તા.28**

અમદાવાદ શહેરના બોડકદેવ વિસ્તારમાં રહેતી અને વ્યવસાયે ઉદ્યોગપતિ 35 વર્ષીય મહિલાને તેના જ એક પરિચિત શખસે શારીરિક અડપલાં કરી, ગાળો આપી અને સોશિયલ મીડિયા પર અંગત તસવીરો વાઈરલ કરવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ છે. સ્કૂટર ખરીદવા માટે ઉછીના પૈસા ન આપતા ઉશ્કેરાયેલા મહેસાણાના શખસે મહિલાને બદનામ કરવાનું કાવતરું રચતા આખરે મામલો વસ્ત્રાપુર પોલીસ મથકે પહોંચ્યો છે. પોલીસ ફરિયાદ અનુસાર, ભોગ બનનાર મુક્તિ (નામ બદલ્યું છે) ફેબ્રુઆરી મહિનામાં ઊંઝા ગઈ હતી, જ્યાં તેની મુલાકાત મહેસાણાના કિરણકુમાર રમેશભાઈ પટેલ (ઉ.વ.34) સાથે થઈ હતી. શરૂઆતમાં બંને વચ્ચે ફોન અને સોશિયલ મીડિયા પર વાતચીત શરૂ થઈ હતી. એપ્રિલ માસમાં જ્યારે કિરણ વ્યવસાયિક અર્થે અમદાવાદ આવ્યો ત્યારે બંને વચ્ચે નિકટતા વધી હતી. તપાસ દરમિયાન મહિલાને જાણ થઈ હતી કે કિરણ પરણીત છે અને તેને બે બાળકો પણ છે. તેમ છતાં તેમની વચ્ચે વાતચીત ચાલુ રહી હતી અને આ સમયગાળા દરમિયાન મોબાઈલ ફોનમાં કેટલીક અંગત તસવીરો અને વીડિયો પણ લેવામાં આવ્યા હતા. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ડિસેમ્બર માસમાં કિરણ પટેલે મહિલા પાસે એક્ટિવા સ્કૂટર ખરીદવા માટે નાણાંની માંગણી કરી હતી. મહિલાએ પોતાની પાસે પૈસા ન હોવાનું કહી ના પાડી દેતા કિરણ ઉશ્કેરાઈ ગયો હતો. તેણે મહિલા સાથે બે-ત્રણ વાર ઝઘડો કરી શારીરિક હુમલો પણ કર્યો હતો. 7 જાન્યુઆરીના રોજ ફરી પૈસા માંગતા મહિલાએ મચક ન આપતા કિરણે ધમકી આપી હતી કે, 'હવે તું જો હું તારી સાથે શું કરું છું.' 16 જાન્યુઆરીના રોજ રાત્રે 10:30 વાગ્યે કિરણે મહિલાના વોટ્સએપ પર બંનેના અંગત ફોટા મોકલી ધમકી આપી હતી કે, જો પૈસા નહીં આપે તો આ ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર તેમજ તેના મિત્ર વર્તુળમાં વાઈરલ કરી દઈશ. આ ધમકીથી ડરી ગયેલી મહિલાએ આખરે હિંમત ભેગી કરી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વસ્ત્રાપુર પોલીસે કિરણ પટેલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનાહિત ધમકી, હુમલો અને ખંડણીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદ કલેક્ટરે બોર્ડના વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન શરૂ કરી: 11 એક્સપર્ટ્સ પરીક્ષાનો ડર દૂર કરવા આપશે ટિપ્સ

**આણંદ, તા.28**

આણંદ જિલ્લા વહીવટી તંત્રએ ધોરણ 10 અને 12ના બોર્ડના વિદ્યાર્થીઓ માટે 'પરીક્ષા સારથી' હેલ્પલાઈન શરૂ કરી છે. પરીક્ષાના તણાવ અને મૂંઝવણને દૂર કરવા આ પહેલ કરવામાં આવી છે. કલેક્ટર પ્રવીણ ચૌધરીએ 27 જાન્યુઆરીના રોજ આ વિશેષ સેવાનું લોન્ચિંગ કર્યું હતું.



આ હેલ્પલાઈન દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. 11 કાઉન્સિલરોના નંબર જાહેર કરાયા છે, જેઓ 18 માર્ચ સુધી સતત કાર્યરત રહેશે. આ સેવા ફેબ્રુઆરી અને માર્ચમાં યોજાનારી બોર્ડ પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને શરૂ કરાઈ છે.

આણંદ જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ જણાવ્યું હતું કે, પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓમાં મનોશારીરિક પ્રશ્નો ઉદ્ભવતા હોય છે. આવા સમયે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે આણંદ વહીવટી તંત્ર અને શિક્ષણ વિભાગે સંયુક્ત રીતે આ પહેલ કરી છે.

વાલીઓ પણ પોતાના બાળકોની કારકિર્દી અંગે કોઈ મૂંઝવણ હોય તો આ નિષ્ણાતો સાથે વાત કરી શકે છે. જિલ્લા શિક્ષણ અધિકારી કામિનીબેન ત્રિવેદીના જણાવ્યા મુજબ, આ ટીમમાં પ્રોફેસરોથી લઈને આચાર્યોનો સમાવેશ થાય છે.

હેલ્પલાઈન માટે નિયુક્ત કરાયેલા નિષ્ણાત કાઉન્સિલરોમાં પ્રોફેસર સમીર પટેલ (98250 25994), પ્રોફેસર પંકજ સુવેરા (94273 81952), પ્રોફેસર ડો. પલ્લવી ત્રિવેદી (94284 91288), પ્રોફેસર ડો. જીગર જાની (94260 09495), પ્રોફેસર ડો. હસમુખ ચાવડા (95370 63325), પ્રોફેસર ડો. મોહસીન (97371 63086), પ્રોફેસર ડો. સતીશ હંસપરા (99046 50128), આચાર્ય અલ્પેશ ભટ્ટ (94275 76515), વર્ગ-2 અધિકારી રાકેશભાઈ પટેલ (94292 97770), શિક્ષક સોનલબેન ત્રિવેદી (99251 06220) અને શિક્ષક બી.બી. મહિડા (97234 72685)નો સમાવેશ થાય છે.

# પોલીસ કાર્યવાહીના વિરોધમાં સતત બીજા દિવસે દુકાનો બંધ

## ત્રણ દરવાજાથી પાનકોરનાકા સુધી 120 દુકાનો બંધ, પાર્કિંગના બોર્ડ હોવા છતા વાહનો ટોઈંગ કરાતા વેપારીઓમા રોષ

**અમદાવાદ, તા.28**

અમદાવાદના ઐતિહાસિક ગણાતા એવા ત્રણ દરવાજાથી લઈ પાનકોરનાકા સુધીના દુકાનદારોના વાહનો ટ્રાફિક પોલીસ દ્વારા ગઈકાલે 27 જાન્યુઆરીના રોજ ટોઈંગ કરી લેવામાં આવ્યા હતા. પાર્કિંગના બોર્ડ હોવા છતાં પણ વાહનો ઉપાડી લેવાના વિરોધમાં ગઈકાલ સાંજથી દુકાનો બંધ કરી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો ત્યારે આજે 28 જાન્યુઆરીના રોજ પણ સવારથી ત્રણ દરવાજાથી લઈ પાનકોર નાકા સુધીની 120 થી વધુ દુકાનના માલિકો દ્વારા દુકાનો બંધ કરી વિરોધ દર્શાવવામાં આવ્યો છે. ત્રણ દરવાજાથી અંકુર નાકા વેપારી એસોસિએશનના આગેવાનો અને વેપારી એસોસિએશનના આગેવાન દ્વારા આજે ટ્રાફિક ડીસીપીને મળીને આ મામલે રજૂઆત કરવા પહોંચ્યા છે. શ્રી અમદાવાદ વેપારી મહા સંગઠનના આગેવાન મેઘરજ ડોડવાણીએ જણાવ્યું હતું કે આજે ત્રણ દરવાજાથી પાનકોર નાકા સુધીના વેપારીઓ દ્વારા આજે પણ દુકાનો બંધ કરવામાં આવી છે. બપોરે ટ્રાફિક ડીસીપીને મળીને રજૂઆત કરીશું જે બાદ દુકાનો ખોલવી કે બંધ રાખવી તે અંગે નિર્ણય લઈશું.



આજે 28 જાન્યુઆરીના રોજ સવારથી જ ત્રણ દરવાજાથી લઈ અને પાનકોરનાકા વિસ્તારમાં દુકાનદારોએ દુકાનો બંધ રાખી છે. ઘરવખરીની ચીજ વસ્તુઓ, હોઝીયરીથી લઈને અલગ અલગ સામાનની કુલ 125 જેટલી દુકાનો આવેલી છે આ તમામ દુકાનો આજે બીજા દિવસે પણ બંધ રાખવામાં આવી છે. ત્રણ દરવાજાથી પાનકોરનાકા સુધી પાછળના વાળાઓ બેસતા હતા તે દૂર કરી દેવામાં આવ્યા છે અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ગાડી પણ સતત ત્યાં રાખવામાં આવી રહી છે. જેના કારણે થઈને અત્યારે હાલ પૂરતો ત્યાં દબાણો દૂર થઈ ગયા છે જોકે વેપારીઓની ગાડીઓ ટોઈંગ કરી લેવામાં આવતા વેપારીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

ત્રણ દરવાજાથી લઈને પાનકોરનાકા સુધી ગેરકાયદેસર રીતે કેટલાક પથારાવાળાઓ બેસી જતા હોવાના કારણે દુકાનદાર વેપારીઓને ધંધો થતો નથી અને ટ્રાફિકની સમસ્યા સર્જાય છે એવી ફરિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. જેની ફરિયાદ બાદ ગઈકાલે 27 જાન્યુઆરીના મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા દબાણો દૂર કરાયા હતા. જોકે ટ્રાફિક પોલીસ દ્વારા રોડ ઉપર વાહન પાર્કિંગ નથી તેમ કહી વેપારીઓ અને ગ્રાહકોના વાહનો ઉપાડી લીધા હતા. જોકે મ્યુનિસિપલ કોર્પોરેશનના પાર્કિંગના ત્યાં બોર્ડ લાગેલા છે છતાં પણ વાહનો ઉપાડી લેવામાં આવ્યા હતા. જોકે પાનકોરનાકાથી માણેકચોક સહિતના વિસ્તારોમાં પણ લારીઓ અને પાથરણાના તેમજ વાહનોના દબાણો છે જેને દૂર નથી કરાતા જે અંગે સ્થાનિક વેપારીઓ દુકાનો બંધ કરી કારંજ પોલીસ સ્ટેશનમાં ભેગા મળી રજૂઆત કરવા ગયા હતા ત્યારે પોલીસ અધિકારી દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે ત્યાં પાર્કિંગ નથી. તેઓએ રજૂઆત કરી હતી કે છેલ્લા 70 વર્ષથી અહીંયા ધંધો કરીએ છીએ અને અમારું અહીંયા પાર્કિંગ છે જ ત્યારે પોલીસ અધિકારીએ કહ્યું હતું કે જો પાર્કિંગ હોય તો તેના પુરાવા લઈ આવો તેમ કહ્યું હતું આજે 28 જાન્યુઆરીના રોજ પણ સવારથી દુકાનદારોએ પોતાની દુકાનો ખોલી નથી અને વિરોધ દર્શાવ્યો છે. શ્રી અમદાવાદ વેપારી મહા સંગઠનના આગેવાન મેઘરજ ડોડવાણી અને પાનકોર નાકા વેપારી એસોસિએશનના આગેવાનો ટ્રાફિક ડીસીપીને મળીને આ મામલે રજૂઆત કરવા ગયા છે અને આ મામલે રજૂઆત બાદ જ દુકાન ખોલવામાં આવશે.

# નડિયાદ સંતરામ મેળામાં પાથરણાવાળા પાસેથી ચાર્જ નહીં લેવાય: 30 જાન્યુઆરીથી 3 ફેબ્રુઆરી સુધી 14 માર્ગો પર નો-એન્ટ્રી, મેગા પ્લાનિંગ...

**નડિયાદ, તા.28**

નડિયાદના શ્રી સંતરામ મંદિરમાં મહાસુદ પૂર્ણિમાના પવિત્ર દિવસે પરંપરાગત સાકર વર્ષાનો કાર્યક્રમ યોજાશે. આ મહોત્સવમાં લાખો દર્શનાર્થીઓ ઉમટી પડવાની સંભાવના છે, જેને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ અને મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. મેળાના સુચારુ આયોજન માટે તાજેતરમાં ઉચ્ચ અધિકારીઓની બેઠક પણ યોજાઈ હતી.

ભીડ નિયંત્રણ અને ટ્રાફિક વ્યવસ્થાપન માટે આ વર્ષે વિશેષ આયોજન કરાયું છે. એસ.ટી. નિગમની ૧૦ અને મહાનગરપાલિકાની ૪ મળી કુલ ૧૪ વધારાની બસો ફાળવવામાં આવી છે. આરોગ્ય અને સુરક્ષા માટે બે સ્થળોએ ફાયર ફાઈટર અને ત્રણ મહત્વના પોઈન્ટ્સ પર ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા સ્ટેન્ડબાય રહેશે. કટોકટીની સ્થિતિમાં હેલ્પલાઈન નંબર ૧૧૨ કાર્યરત રહેશે.

વહીવટી તંત્રએ નાના વેપારીઓ માટે મહત્વનો નિર્ણય લીધો છે. ડેપ્યુટી કમિશનર રૂદ્રેશ હુદળે જણાવ્યું કે, મેળા દરમિયાન પાથરણાવાળા પાસેથી પાલિકા દ્વારા કોઈ ચાર્જ વસૂલવામાં આવશે નહીં. આ માટે કોઈ કોન્ટ્રાક્ટ પણ અપાયો નથી, જેથી વેપારીઓએ કોઈને પણ નાણાં ચૂકવવા પડશે નહીં. સુરક્ષા વ્યવસ્થા અંગે ડીવાયએસપી વી.આર. બાજપાઈએ માહિતી આપી હતી કે, મેળામાં ત્રણ સ્થળોએ પોલીસ સહાયતા કેન્દ્રો સ્થાપિત કરાશે. ભીડમાં ગુમ થયેલા બાળકોની ત્વરિત શોધખોળ માટે વોકી-ટોકી દ્વારા તમામ પોઈન્ટ્સ પર સંકલન કરાશે. મંદિર પરિસરમાં LCB અને SOGની ટીમો તૈનાત રહેશે,



જેઓ રીઢા ગુનેગારો અને ચોરો પર નજર રાખશે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડ્રોન અને 'નેત્રમ' કેમેરા દ્વારા સતત સર્વેલન્સ કરવામાં આવશે.

ટ્રાફિક વ્યવસ્થાના ભાગરૂપે, ૩૦ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી સુધી શહેરના મુખ્ય માર્ગો પર વાહન વ્યવહાર પ્રતિબંધિત રહેશે. એસ.ટી. સ્ટેન્ડથી સંતરામ રોડ, પીજ ભાગોળ, માઈ મંદિરથી વર્ગો કોમ્પ્લેક્સ અને ડુમરાલ બજાર સહિત ૧૪ થી વધુ રૂટ પર વાહનોની અવર-જવર બંધ રહેશે. દર્શનાર્થીઓની સુવિધા માટે વૈકલ્પિક માર્ગોની યાદી પણ જાહેર કરવામાં આવી છે. શહેરના પ્રવેશદ્વારો જેવા કે પેટલાદ રોડ, ડાકોર રોડ અને એક્સપ્રેસ-વે તરફથી આવતા વાહનો માટે ડાયવર્ઝન નક્કી કરાયા છે. ડાકોર રોડથી આવતા વાહનો મરીડા બાયપાસ કે ફતેપુરા રીંગ રોડનો ઉપયોગ કરી શકશે, જ્યારે બસ સ્ટેન્ડ તરફથી આવતા વાહનો શ્રેયસ ગરનાળા થઈ રેલવે સ્ટેશન તરફ જઈ શકશે. વાહનચાલકોએ જાહેરનામાનું પાલન કરવા અને પોલીસને સહયોગ આપવા વિનંતી કરાઈ છે. મહાસુદ પૂનમના દિવસે સંતરામ મંદિરમાં થતી સાકર વર્ષા એ આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક છે. લાખોની જનમેદની વચ્ચે શિસ્ત જળવાય અને ઉત્સવ શાંતિપૂર્ણ રીતે ઉજવાય તે માટે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. દર્શનાર્થીઓની સુરક્ષા માટે પોલીસ કાફલો ખડેપગે રહેશે અને સ્વયંસેવકો પણ વ્યવસ્થામાં જોડાશે.

# CVM યુનિવર્સિટીની 7 ટીમો 'ROBOFEST'માં વિજેતા: GCET અને MBITના વિદ્યાર્થીઓએ રોબોટિક્સમાં ₹13 લાખ જીત્યા

**આણંદ, તા.28**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા આયોજિત રાજ્યસ્તરની પ્રતિષ્ઠિત સ્પર્ધા 'ROBOFEST-GUJARAT 5.0' ના લેવલ-II (આઈડિયેશન સ્ટેજ) માં CVM યુનિવર્સિટીની કુલ 7 ટીમો વિજેતા બની છે. આ વિજેતા ટીમોને કુલ 13 લાખની પ્રોત્સાહક ઈનામી રાશિ એનાયત કરવામાં આવશે. આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતની જાણીતી STEM સંસ્થાઓએ ભાગ લીધો હતો. જેમાં CVM યુનિવર્સિટી સંચાલિત જી. એચ. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (GCET) ની 5 ટીમો અને મધુબેન અને ભાનુભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (MBIT)ની 2 ટીમોએ પોતાના સંશોધનો દ્વારા નિર્ણાયકોને પ્રભાવિત કર્યા હતા. વિદ્યાર્થીઓએ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અત્યાધુનિક રોબોટિક્સ ક્ષેત્રે પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. તેમાં



માઈનફિલ્ડ નેવિગેશન માટે ડ્રોન ટેકનોલોજી આધારિત એરિયલ રોબોટિક્સ, પાણીની અંદર કાર્ય કરી શકે તેવા ઓટોનોમસ અંડરવોટર વ્હીકલ (AUV), જટિલ રસ્તાઓ જાતે શોધી શકતા મેઝ સોલ્વર અને જમીન પર ચાલતા આધુનિક ગ્રાઉન્ડ વ્હીકલ રોબોટિક સોલ્યુશન્સનો સમાવેશ થાય છે. યુનિવર્સિટીની આ સિદ્ધિ ઉપરાંત, GCET, ADIT અને MBIT ના ફેકલ્ટી મેમ્બર્સ અને વિદ્યાર્થીઓએ શાળા કક્ષાના (જુનિયર લેવલ) વિદ્યાર્થીઓને પણ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જેના પરિણામે અનેક સ્કૂલની ટીમો પણ આ સ્પર્ધામાં વિજેતા બની હતી. CVM યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ઈન્દ્રજીત પટેલે જણાવ્યું હતું કે, 'આ સિદ્ધિ CVM યુનિવર્સિટીની 'હેન્ડ્સ-ઓન લર્નિંગ' અને નવીનતા આધારિત શૈક્ષણિક સંસ્કૃતિનું પરિણામ છે. અમારા વિદ્યાર્થીઓએ ટેકનોલોજીના માધ્યમથી સામાજિક પ્રશ્નોના ઉકેલ લાવવાની ક્ષમતા દર્શાવી છે.' આ સફળતા બદલ CVM યુનિવર્સિટીના પ્રેસિડન્ટ ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ મનીષભાઈ પટેલ, માનદ મંત્રી એસ. જી. પટેલ, સહમંત્રી મેહુલભાઈ પટેલ, સહમંત્રી વિશાલભાઈ પટેલ તેમજ પ્રોવોસ્ટ ઈન્દ્રજિત પટેલ અને રજિસ્ટ્રાર સંદીપ વાલિયાએ વિદ્યાર્થીઓ અને તેમના મેન્ટર્સને અભિનંદન પાઠવ્યા હતા.

# નારોલમાં કેનાલમાંથી અજાણ્યા યુવકની લાશ મળતા: પોલીસે દોરડાના સહારે કેનાલમાં ઉતરીને મૃતદેહ બહાર કાઢ્યો

**અમદાવાદ, તા.28**

અમદાવાદ શહેરના નારોલ વિસ્તારની કેનાલમાં ગઈકાલે સાંજના સમયે એક અજાણ્યા યુવકની લાશ તરતી મળી આવી હતી. ધોળા દિવસે કેનાલના પાણીમાં મૃતદેહ જોવા મળતા સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ ઘટનાને લીધે મોટી સંખ્યામાં લોકોના ટોળા કેનાલ કાંઠે એકઠા થઈ ગયા હતા. મહત્ત્વનું છે કે, પોલીસે કેનાલમાંથી લાશ બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ મોકલી હતી. આ અંગે નારોલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



નારોલની કેનાલમાં લાશ તરતી હોવાની વાત ફેલાતા આસપાસના રહીશો અને પસાર થતા લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. આ ઘટના અંગે તાત્કાલિક નારોલ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતદેહને પાણીમાંથી બહાર કાઢવા માટે પોલીસે ભારે જહેમત ઉઠાવી હતી. પોલીસની ટીમે દોરડાના સહારે કેનાલમાં ઉતરીને યુવકની લાશને બહાર કાઢી હતી. ત્યારબાદ, 108 એમ્બ્યુલન્સ મારફતે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હાલમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને મૃતકની તપાસ કરવા કાર્યવાહી હાથ ધરી છે. આ યુવકે આત્મહત્યા કરી છે કે તેની હત્યા કરી લાશ ફેંકી દેવામાં આવી છે, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

# ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાંથી દારૂની ખાલી બોટલો મળી, 24 કલાક સિક્યોરિટી છતાં મહેફિલ!

**અમદાવાદ, તા.28**

અમદાવાદ સ્થિત અને રાજ્યની પ્રતિષ્ઠિત ગણાતી ગુજરાત યુનિવર્સિટી ફરી એકવાર વિવાદમાં આવી છે. વિદ્યાના ધામમાં દારૂબંધીના લીરેલીરા ઉડતી આ ઘટનાએ શિક્ષણ જગતમાં ચકચાર મચાવી દીધી છે. યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી હોસ્ટેલના ધાબા પરથી દારૂની બોટલો મળી આવવી એ મોટા સવાલો ઊભા કરે છે.

મળતી માહિતી અનુસાર, 27મી જાન્યુઆરી, 2026ની મોડી રાત્રે યુનિવર્સિટીની હોસ્ટેલના D બ્લોક પર તપાસ દરમિયાન ચોંકાવનારું દ્રશ્ય જોવા મળ્યું હતું. બ્લોકના ધાબા પરથી એક-બે નહીં પરંતુ વિદેશી અને મોંઘા દારૂની




ખાલી બોટલોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આટલી મોટી સંખ્યામાં બોટલોનું મળી આવવું એ સ્પષ્ટ છે કે હોસ્ટેલના પરિસરમાં અવારનવાર દારૂની મહેફિલો જામતી હશે. અગાઉ જ્યારે શિક્ષણમંત્રીએ રૂબરૂ મુલાકાત લીધી હતી ત્યારે પણ તેમના હાથે દારૂની બોટલ લાગી હતી, જે દર્શાવે છે કે જૂની ઘટનાઓમાંથી કોઈ પાઠ લેવામાં આવ્યો નથી.

આ ઘટનાને પગલે હોસ્ટેલના સત્તાધીશો અને સુરક્ષા તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. હોસ્ટેલમાં 24 કલાક સિક્યુરિટી ગાર્ડ અને વોર્ડનની હાજરી હોવા છતાં, બહારના લોકો કે વિદ્યાર્થીઓ આ પ્રકારે પ્રતિબંધિત વસ્તુઓ અંદર કેવી રીતે લાવી શકે છે તે તપાસનો વિષય છે. હાલમાં આ મુદ્દે હોસ્ટેલના વહીવટી તંત્ર સામે આકરા સવાલો ઉઠી રહ્યા છે અને આગામી દિવસોમાં જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ મુદ્દે સામાન્ય લોકોમાં પણ ભારે રોષની લાગણી ફેલાઈ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# યાસીન મલિકના મૃત્યુદંડની સજાની NIA માંગ કરતી અરજી પર દિલ્હી હાઈકોર્ટ એપ્રિલમાં સુનાવણી કરશે

## NIA પર સમય બગાડવાનો અને કેસ વારંવાર મુલતવી રાખીને "માનસિક આઘાત" પહોંચાડવાનો મલિકનો આરોપ



નવી દિલ્હી, તા.28

દિલ્હી હાઈકોર્ટ બુધવારે (28 જાન્યુઆરી, 2026)ના રોજ સુનાવણી દરમિયાન, દિલ્હી હાઈકોર્ટે યાસીન મલિક દ્વારા દાખલ કરાયેલા જવાબની દલીલ દાખલ કરવા માટે NIAને ચાર અઠવાડિયાનો સમય આપ્યો છે. આ મામલો વધુ સુનાવણી 22 એપ્રિલના રોજ કરવામાં આવશે.

સુનાવણી દરમિયાન, NIA દ્વારા હાજર રહેલા SPP અક્ષય મલિકે, ન્યાયાધીશ નવીન ચાવલા અને રવિન્દર દુડેજાની ડિવિઝન બેન્ચે સમક્ષ યાસીન મલિકના જવાબ પર એજન્સીનો જવાબ દાખલ કરવા થોડો સમય માંગ્યો છે અને કહ્યું કે, તપાસ માટે મોકલવામાં આવ્યો છે. NIA દ્વારા દલીલ કરવામા આવી છે કે, જો મલિક જેવો ખૂંખાર આતંકવાદીને મૃત્યુદંડની સજા આપવામાં નહીં આવે તો સજા નીતિ ખોરવાઈ જશે. યાસીન મલિક હાલમાં ટેરર ફંડિંગના કેસમાં તિહાર જેલમાં આજીવન કારાવાસ કેદની સજા ભોગવી રહ્યો છે.

મલિકને જેલમાંથી જ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં જજ સમક્ષ હાજર કર્યો હતો. સુનાવણી દરમિયાન મલિકે NIA પર સમય બગાડવાનો અને કેસને વારંવાર મુલતવી રાખીને માનસિક રીતે આઘાત પહોંચાડવાનો આરોપ લગાવ્યો છે.

કોર્ટે કહ્યું કે, આ કેસમાં કોઈ તાકીદ નથી, સજા વધારવાની અપીલ હતી, જે મલિકે પહેલાથી જ આજીવન કેદની સજા જેલમાં ભોગવી રહ્યો છે. NIA એ 2022ના ટ્રાયલ કોર્ટના નિર્ણયને પડકાર્યો છે જેમાં મલિકને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી ન હતી. ટ્રાયલ કોર્ટે કહ્યું હતું કે આ કેસ "દુર્લભ' શ્રેણીમાં નથી આવતો.

NIAની દલીલ કરી છે, મલિકે ભારત સરકાર સામે ષડયંત્ર રચ્યુ અને આતંકવાદી કૃત્યો માટે ફંડિંગ ભેગુ કર્યું હતું, જે ઘૃણાસ્પદ ગુનો છે. મલિક જેવા 'ખતરનાક આતંકવાદીઓ' ને એટલા માટે મૃત્યુદંડની સજા આપવામાં આવતી નથી કારણ કે તેણે ગુનો કબૂલ કર્યો છે.

સુનાવણી દરમિયાન અપીલકર્તા વકીલનું જવાબ દાખલ કરવા માટે છેલ્લી તક, ચાર અઠવાડિયાનો સમય મળ્યો છે. 22 એપ્રિલ સુધી યાદી સોંપવાની છે. NIA એ અગાઉ મલિકની અપીલનો જવાબ આપવા માટે સમય માંગ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે તે લાંબી અને પેન્ડિંગ છે. બીજી તરફ, મલિકે અગાઉ ટૂંકી તારીખની વિનંતી કરી હતી, અને કહ્યું હતું કે આ મામલો છેલ્લા ત્રણ વર્ષથી પેન્ડિંગ છે.

અપીલનો જવાબ આપતા, યાસીન મલિકે કહ્યું કે 1990 થી તત્કાલીન વડાપ્રધાનો વીપી સિંહ, ચંદ્રશેખર, પીવી નરસિંહ રાવ, એચજી દેવગૌડા, ઈન્દર કુમાર ગુજરાલ, અટલ બિહારી વાજપેયી અને મનમોહન સિંહની આગેવાની હેઠળની છ સરકારો સાથે તેમનો કાર્યકારી સંબંધ રહ્યો છે. યાસીને દાવો કર્યો હતો કે તે કાશ્મીર અને પ્રાદેશિક સ્થિરતા, સુરક્ષા, પ્રગતિ અને શાંતિ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચામાં સામેલ હતો.

મે 2022 માં ટ્રાયલ કોર્ટે કેસમાં મલિકને આજીવન કેદની સજા ફટકારી હતી. તેણે દોષ કબૂલ્યો હતો અને આરોપોનો વિરોધ કર્યો ન હતો. પ્રતિવાદીને આજીવન કેદની સજા સંભળાવતા, ખાસ ન્યાયાધીશે જણાવ્યું હતું કે આ ગુનો સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત દુર્લભ માપદંડોને પૂર્ણ કરતો નથી. ન્યાયાધીશે પ્રતિવાદીના દાવાને પણ ફગાવી દીધો કે તેણે અહિંસાના ગાંધીવાદી સિદ્ધાંતોનું પાલન કર્યું હતું અને શાંતિપૂર્ણ, અહિંસક સંઘર્ષનું નેતૃત્વ કરી રહ્યો હતો.

આ આખો કેસ 2017 ના આતંકવાદી ભંડોળ કેસ સાથે જોડાયેલો છે જેમાં મલિક પર હવાલા, પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI તરફથી ભંડોળ અને જમ્મુ અને કાશ્મીરમાં અશાંતિ ભડકાવવાનો આરોપ છે. NIA એ દાવો કર્યો હતો કે મલિકે 1990 ના દાયકામાં અનેક હત્યાઓ અને અપહરણમાં ભૂમિકા ભજવી હતી, જેમાં ચાર વાયુસેના અધિકારીઓની હત્યાનો પણ સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટના માર્ગદર્શિકાને ટાંકીને, એજન્સીએ દલીલ કરી હતી કે આવા કેસ દુર્લભમાંથી દુર્લભ શ્રેણીમાં આવે છે અને મલિકને મૃત્યુદંડની સજા ફટકારવી જોઈએ.

**યુરોપિયન કમિશનના પ્રમુખે કહ્યું-ભારત ગ્લોબલ પોલિટિક્સમાં ટોચ પર પહોંચ્યું**

# રાષ્ટ્રપતિ ભવનમાં યુરોપિયન ડેલિગેટ્સ માટે ડિનર રાખવામાં આવ્યું, પીએમ, CJI હાજર રહ્યા



નવી દિલ્હી, તા.28

યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેનના સન્માનમાં મંગળવારે રાષ્ટ્રપતિ ભવનમાં ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને જણાવ્યું હતું કે ભારત વૈશ્વિક રાજનીતિમાં ટોચ પર પહોંચી ગયું છે. તેમણે કહ્યું કે આ એક એવો વિકાસ છે જેનું યુરોપ સ્વાગત કરે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતાના આ સમયગાળામાં, ભારત અને યુરોપની વિચારસરણી અને દૃષ્ટિકોણ સમાન છે. અમારું માનવું છે કે વૈશ્વિક પડકારોનો સામનો ફક્ત સામૂહિક પ્રયાસોથી જ કરી શકાય છે. કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને અન્ય ઘણી મોટી હસ્તીઓ હાજર રહી હતી. જો યુરોપ અને ભારત પોતાના સંસાધનો અને શક્તિને ભેગા કરે, તો ઘણું બધું હાંસલ કરી શકાય છે. આ જ વિચાર સાથે આજે બંને સાથે આવ્યા છે. આ ભારત-યુરોપ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અને ભાગીદારીનો એક મહત્વપૂર્ણ વળાંક છે. આ ભાગીદારીની શરૂઆત માત્ર છે, આગળ વધુ મોટો સહયોગ થશે. ભારત અને યુરોપ દુનિયાને એક મજબૂત સંદેશ આપી રહ્યા છે. એવા સમયે જ્યારે દુનિયામાં મતભેદ અને તણાવ વધી રહ્યા છે, ભારત અને યુરોપ વાતચીત, સહયોગ અને તાલમેલનો રસ્તો પસંદ કરી રહ્યા છે. આનાથી અસ્થિર સમયમાં સ્થિરતા અને વિશ્વાસ વધશે. લોકો પોતાને સુરક્ષિત અનુભવશે. વેપાર અને રોકાણને વિશ્વાસ અને નિશ્ચિતતા મળશે. આ કરારો સાથે ભારત અને યુરોપ વધુ ઊંચાઈઓ સુધી પહોંચી શકે છે. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત ડિનરમાં યુરોપિયન કાઉન્સિલના પ્રેસિડેન્ટ એન્ટોનિયો કોસ્ટાએ કહ્યું કે, ઝડપથી બદલાતી દુનિયામાં, અમારી વ્યૂહાત્મક ભાગીદારી મોટું આર્થિક અને ભૂ-રાજકીય મહત્વ ધરાવે છે. મને આજના શિખર સંમેલનના પરિણામો પર ગર્વ છે. તેમણે કહ્યું કે અમે નક્કર પ્રગતિ કરી છે અને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ, સુરક્ષા અને ડિફેન્સ પાર્ટનરશિપ અને 2030 માટે સંયુક્ત વ્યૂહાત્મક એજન્ડા સાથે વૈશ્વિક મુદ્દાઓ પર સહકારી નેતૃત્વનું એક ઉદાહરણ પૂરું પાડ્યું છે.

## ટ્રમ્પે ઈરાકથી સમર્થન પાછું ખેંચવાની ધમકી આપી: કહ્યું- નૂરી-મલિકીને ફરી PM બનાવ્યા તો કોઈ મદદ નહીં કરે.....



બગદાદ, તા.28

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો ઈરાક પૂર્વ વડાપ્રધાન નૂરી અલ-મલિકીને ફરીથી વડાપ્રધાન બનાવશે, તો અમેરિકા ઈરાકથી પોતાનો સમર્થન પાછો ખેંચી લેશે. ટ્રમ્પે પોતાના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર પોસ્ટમાં લખ્યું, 'હું સાંભળી રહ્યો છું કે મહાન દેશ ઈરાક ખૂબ જ ખોટો નિર્ણય લઈ શકે છે અને નૂરી અલ-મલિકીને ફરીથી વડાપ્રધાન બનાવી શકે છે.' તેમણે કહ્યું કે મલિકીના પાછલા કાર્યકાળમાં ઈરાક ગરીબી અને હિંસામાં ડૂબી ગયું હતું. આવું ફરીથી થવા દેવું ન જોઈએ. ટ્રમ્પે આગળ કહ્યું કે મલિકીની નીતિઓ અને વિચારધારા પાગલ જેવી છે. જો તેઓ ચૂંટાયા, તો અમેરિકા ઈરાકની મદદ નહીં કરે. અમેરિકી સહાયતા વિના ઈરાક પાસે સફળતા, સમૃદ્ધિ કે આઝાદીની કોઈ સંભાવના રહેશે નહીં. મલિકીએ 2006 થી 2014 સુધી ઈરાકના વડાપ્રધાન તરીકે કામ કર્યું. એવું માનવામાં આવે છે કે તેમના સમયમાં જ ઈરાકમાં સાંપ્રદાયિક હિંસા, રાજકીય અસ્થિરતા અને ISIS જેવા ઉગ્રવાદી જૂથોનો ઉદય થયો હતો. આ પહેલા રવિવારે અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ વર્તમાન ઈરાકી વડાપ્રધાન મોહમ્મદ શિયા અલ-સુદાની સાથે ફોન પર વાત કરી. રુબિયોએ કહ્યું કે તેઓ આશા રાખે છે કે આગામી સરકાર મિડલ ઈસ્ટમાં શાંતિ લાવે. મલિકી શિયા નેતા છે અને ઈરાનના સૌથી નજીકના સહયોગી માનવામાં આવે છે. ટ્રમ્પ ઈરાનને પોતાનો મોટો દુશ્મન માને છે. તેમને ડર છે કે મલિકીની વાપસીથી ઈરાકમાં ઈરાનનો પ્રભાવ વધુ વધી જશે. ઈરાકમાં સંસદીય ચૂંટણી 11 નવેમ્બર 2025ના રોજ થઈ ચૂકી છે. આ ઈરાકની 329 સભ્યોવાળી સંસદ માટેની ચૂંટણી હતી, જે રાષ્ટ્રપતિની પસંદગી કરે છે અને પછી વડાપ્રધાનની નિમણૂક થાય છે. વડાપ્રધાન મોહમ્મદ શિયા અલ-સુદાનીના ગઠબંધને સૌથી વધુ બેઠકો જીતી (લગભગ 46 બેઠકો), પરંતુ કોઈ પણ ગઠબંધન બહુમતીમાં આવ્યું નહીં. તેથી સરકાર બનાવવા માટે ગઠબંધન અને વાતચીત ચાલી રહી છે. રાષ્ટ્રપતિ ચૂંટણી 28 કે 29 જાન્યુઆરી 2026 ના રોજ નિર્ધારિત હતી, પરંતુ કુર્દ બ્લોક્સમાં ઉમેદવાર પર સહમતિ ન હોવાને કારણે તેને મુલતવી રાખવામાં આવી છે. શિયા ગઠબંધને 24 જાન્યુઆરી 2026 ના રોજ પૂર્વ વડાપ્રધાન મલિકીને વડાપ્રધાન પદ માટે નામાંકિત કર્યા છે, જેના પર અમેરિકાએ નારાજગી વ્યક્ત કરી છે.

# અમેરિકી અધિકારીએ કહ્યું- EU સાથે ડીલથી ભારતને વધુ ફાયદો: યુરોપના બજાર સુધી પહોંચ મળશે, ટેલિગ્રાફે લખ્યું- PM મોદી ટ્રેડ ડીલના અસલી વિજેતા



વોશિંગ્ટન, તા.28

ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) પર અમેરિકી ટ્રેડ અધિકારી જેમિસન ગ્રીરે કહ્યું છે કે, આ કરારનો સૌથી મોટો ફાયદો ભારતને મળવાનો છે. તેમના મતે, આ ડીલ ઘણા અર્થમાં ભારતના પક્ષમાં ઝુકેલી છે.

ગ્રીરે ફોક્સ બિઝનેસને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે કરાર લાગુ થયા પછી ભારતને યુરોપિયન બજારમાં વધુ પહોંચ મળશે અને કુલ મળીને ભારત ટોચ પર રહેશે. તેમણે કહ્યું,

જ્યારે બ્રિટિશ અખબાર ટેલિગ્રાફે ભારત માટે આ કરારની પ્રશંસા કરી છે. અખબારે લખ્યું છે કે PM મોદી આ કરારના અસલી વિજેતા છે.

ગ્રીરે એમ પણ કહ્યું કે ભારત-EU ફ્રી ટ્રેડ ડીલનું એક મોટું કારણ અમેરિકાની બદલાતી વેપાર નીતિ છે. તેમના મતે, અમેરિકા હવે ઘરેલું મેન્યુફેક્ચરિંગને પ્રાધાન્ય આપી રહ્યું છે. સાથે જ અન્ય દેશોને અમેરિકી બજાર સુધી સરળતાથી પહોંચ આપી રહ્યું નથી.

ગ્રીરે જણાવ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળમાં ઘરેલું ઉત્પાદનને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવ્યો અને વિદેશી દેશોમાંથી આવતા સામાન પર શુલ્ક જેવા પગલાં લેવામાં આવ્યા. તેનાથી ઘણા દેશો, ખાસ કરીને યુરોપિયન યુનિયન, પોતાના ઉત્પાદનો વેચવા માટે નવા બજારો શોધવા લાગ્યા છે.

ગ્રીરના મતે, ભારત-EU ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટમાં ભારતીય કામદારોની યુરોપમાં અવરજવર સંબંધિત જોગવાઈઓ સામેલ છે.

તેમનું કહેવું છે કે આ ડીલ હેઠળ ભારતીય પ્રોફેશનલ્સ અને વર્કર્સને યુરોપિયન દેશોમાં કામ કરવાની વધુ તકો મળી શકે છે. ગ્રીરે કહ્યું,

તેમના મતે, ભારત આ ટ્રેડ ડીલથી મોટા પાયે ફાયદો ઉઠાવવાનો છે. ગ્રીરે એમ પણ કહ્યું કે આ કરારથી ભારતીય કંપનીઓને યુરોપમાં વેપાર વધારવાની મોટી તક મળશે.

બ્રિટિશ અખબાર ધ ટેલિગ્રાફે લખ્યું છે કે યુરોપિયન કમિશન FTAને પોતાની મોટી જીત ગણાવી રહ્યું છે, પરંતુ હકીકતમાં આ કરારના સૌથી મોટા વિજેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માનવામાં આવી રહ્યા છે.

અખબાર મુજબ, યુરોપિયન યુનિયને આ કરાર માટે ભારત અને રશિયાની ગાઢ મિત્રતાને અવગણી છે. પીએમ મોદીની રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની નિકટતા જગજાહેર છે, તેમ છતાં EU એ ભારત સાથે વેપાર વધારવાનો માર્ગ પસંદ કર્યો.

યુક્રેન યુદ્ધ પછી ભારત રશિયા પાસેથી મોટી માત્રામાં ક્રૂડ તેલ ખરીદી રહ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર 50% સુધી ટેરિફ લગાવીને દબાણ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

તેમ છતાં ભારત એક એવો દેશ બનીને ઉભર્યો છે જે રશિયા, EU, ચીન અને અમેરિકા બધા સાથે એકસાથે વેપાર કરી રહ્યું છે. અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે EU પર જ પોતાની વિરુદ્ધ યુદ્ધને ભંડોળ પૂરું પાડવાનો આરોપ લગાવ્યો છે.

EU માને છે કે અમેરિકાના કડક ટેરિફ અને તેની આક્રમક નીતિએ આંતરરાષ્ટ્રીય વેપાર નિયમોને નબળા પાડ્યા છે. આવી સ્થિતિમાં યુરોપ ભારત જેવા મોટા બજાર તરફ ઝડપથી આગળ વધ્યું છે. તેના કારણે EU પર આરોપો લાગી રહ્યા છે કે તેણે ભારતની રશિયા પાસેથી તેલ ખરીદીને અવગણી છે.

ભારત અને યુરોપિયન યુનિયને મંગળવારે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા. તેને 'મધર ઓફ ઓલ ડીલ્સ' કહેવામાં આવી રહ્યું છે. આ કરારથી લગભગ 2 અબજ લોકોનું બજાર બનશે અને તે વૈશ્વિક GDPના લગભગ 25% હિસ્સાને આવરી લેશે.

કરાર હેઠળ ભારતના 99% નિકાસ પર EUમાં ટેરિફ સમાપ્ત થશે, જ્યારે યુરોપિયન યુનિયનના 97% થી વધુ નિકાસ પર ભારતમાં ડ્યુટી ઘટાડવામાં આવશે.

ન્યૂઝ એજન્સી PTI અનુસાર, આ કરાર 2027માં લાગુ થવાની સંભાવના છે. આ ડીલ પછી ભારતમાં આયાત થતી યુરોપિયન કારો જેવી કે BMW, મર્સિડીઝ પર લાગતા ટેક્સને 110% થી ઘટાડીને 10% કરી દેવામાં આવશે.

આ ઉપરાંત, ભારતમાં યુરોપથી આવતી દારૂ અને વાઈન પર ટેક્સ ઓછો થઈ શકે છે. યુરોપિયન દેશોના દારૂ પર હાલમાં 150% ટેરિફ લાગે છે. તેને ઘટાડીને 20-30% કરવામાં આવશે.

યુરોપિયન યુનિયન અને ભારત વચ્ચે FTA તરત લાગુ નહીં થાય. આ કરાર 2027 સુધીમાં તબક્કાવાર રીતે લાગુ થઈ શકે છે. તેનું કારણ EU ની ફરજિયાત અને લાંબી મંજૂરી પ્રક્રિયા છે.

EU માં કોઈપણ મોટા વેપાર કરારને લાગુ કરતાં પહેલાં યુરોપિયન સંસદ અને સભ્ય દેશોની ઔપચારિક મંજૂરી જરૂરી હોય છે. માત્ર યુરોપિયન કમિશનનો રાજકીય કરાર પૂરતો નથી હોતો.

FTA ને લાગુ કરવા માટે યુરોપિયન સંસદમાં તેના પર ચર્ચા અને મતદાન થશે. સંસદને આ અધિકાર છે કે તે કરારને મંજૂરી આપે, રોકી દે અથવા તેમાં ફેરફારની માગ કરે.

સૌથી પહેલા યુરોપિયન કમિશન અને ભારત વચ્ચે નક્કી થયેલી શરતોને કાનૂની રૂપ આપવામાં આવશે. તેમાં ટેરિફ કપાત, સેક્ટરવાર છૂટ અને લાગુ થવાની સમયમર્યાદા સામેલ હશે.

આ પછી આ કરાર EU કાઉન્સિલ પાસે જશે, જ્યાં તમામ સભ્ય દેશોની સરકારો તેને મંજૂરી આપશે. અહીંથી સંમતિ મળ્યા પછી તે યુરોપિયન સંસદમાં રજૂ કરવામાં આવશે.

યુરોપિયન સંસદમાં ચર્ચા પછી મતદાન થશે. જો સંસદે તેને મંજૂરી આપી દીધી, તો જ કરારને આગળ વધારી શકાશે. કેટલાક કિસ્સાઓમાં તેને મિશ્ર કરાર માનવામાં આવે છે, ત્યારે કેટલાક સભ્ય દેશોની રાષ્ટ્રીય સંસદો પાસેથી પણ બહાલી જરૂરી હોઈ શકે છે.

યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેને મંગળવારે જણાવ્યું હતું કે આ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી દર વર્ષે લગભગ 4 અબજ યુરો (43 હજાર કરોડ રૂપિયા) ના ટેરિફ ઘટશે અને ભારત તથા યુરોપમાં લાખો લોકો માટે રોજગારની નવી તકો ઊભી થશે. તેમણે કહ્યું કે ભારત-EU ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ દુનિયાને સ્પષ્ટ સંદેશ આપે છે કે આજની વૈશ્વિક પડકારોનો શ્રેષ્ઠ જવાબ પરસ્પર સહયોગ છે, અલગ-અલગ રહીને નિર્ણયો લેવા નહીં.

ભારતમાં હવે યુરોપથી ઈમ્પોર્ટ થતી કારો સસ્તી થઈ જશે. ભારત સરકારે યુરોપથી આવતી કારો પર લાગતી ઈમ્પોર્ટ ડ્યુટીને 110% થી ઘટાડીને 10% કરી દીધી છે. જોકે, સરકારે આ માટે 2.5 લાખ વાહનોની વાર્ષિક મર્યાદા નક્કી કરી છે. આ નિર્ણય ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો ભાગ છે.

# જેલમાં બંધ ઈમરાન આંધળા થઈ જશે!: CRVO નામની ગંભીર બીમારી, તાત્કાલિક સારવાની જરૂર



ઈસ્લામાબાદ, તા.28

જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના સ્વાસ્થ્યને લઈને તેમની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) એ ગંભીર ચેતવણી આપી છે. પાર્ટીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર નિવેદન જારી કરીને કહ્યું છે કે જો ઈમરાન ખાનને તાત્કાલિક અને યોગ્ય સારવાર ન મળી, તો તેમની એક આંખની રોશની કાયમી ધોરણે જઈ શકે છે અને તેઓ અંધ પણ થઈ શકે છે.

PTI અનુસાર, ઈમરાન ખાનની જમણી આંખમાં સેન્ટ્રલ રેટિનલ વેઈન ઓક્લુઝન (CRVO) નામની બીમારી જોવા મળી છે. જેલમાં ડોકટરોની તપાસમાં આ બીમારીને અત્યંત ગંભીર અને સંવેદનશીલ ગણાવવામાં આવી છે.

પાર્ટીએ કહ્યું કે મેડિકલ એક્સપર્ટ્સના મતે યોગ્ય સારવાર ન મળવા પર ઈમરાનની આંખોની રોશની હંમેશા માટે જઈ શકે છે.

પાકિસ્તાની અખબાર DAWNના રિપોર્ટ અનુસાર, પાર્ટીનો આરોપ છે કે મેડિકલ સલાહ છતાં રાવલપિંડીની અડિયાલા જેલનું પ્રશાસન ઈમરાન ખાનની સારવાર જેલની અંદર જ કરાવવા પર અડગ છે.

PTIએ ડોકટરોના હવાલાથી કહ્યું છે કે આ બીમારીની સારવાર માટે ઓપરેશન થિયેટર અને વિશેષ સુવિધાઓની જરૂર હોય છે, જે અડિયાલા જેલમાં ઉપલબ્ધ નથી.

પાર્ટીએ માંગ કરી છે કે ઈમરાન ખાનને તેમની પસંદગીના કોઈ મોટા હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવે. પાર્ટીએ ખાસ કરીને શૌકત ખાનમ હોસ્પિટલ અથવા અન્ય કોઈ સારી હોસ્પિટલમાં સારવાર કરાવવાની વાત કહી છે.

તેમજ પરિવાર અને નજીકના લોકો સાથે કોઈપણ રોકટોક વિના મળવાની પરવાનગી આપવાની માંગ પણ કરવામાં આવી છે.

સેન્ટ્રલ રેટિનલ વેઈન ઓક્લુઝન (CRVO) આંખનો એક ગંભીર રોગ છે. આમાં આંખની અંદર રહેલા રેટિનામાંથી લોહી બહાર લઈ જતી મુખ્ય નસમાં બ્લોકેજ થઈ જાય છે. રેટિના આંખનો તે ભાગ છે, જે જોવાનું કામ કરે છે.

નસ બંધ થયા પછી લોહી રેટિનામાં જમા થવા લાગે છે. આનાથી સોજો આવે છે અને લોહીનો સ્ત્રાવ પણ થઈ શકે છે. જો આ સ્થિતિ લાંબા સમય સુધી રહી, તો રેટિનાને કાયમી નુકસાન થઈ શકે છે. નિષ્ણાતોના મતે, CRVOમાં આંખોની રોશની ગુમાવવાનું જોખમ ત્યારે વધુ હોય છે જ્યારે સારવારમાં વિલંબ થાય. ખાસ કરીને જો બ્લોકેજ સંપૂર્ણ હોય, રેટિનામાં વધુ સોજો આવે અથવા વારંવાર લોહીનો સ્ત્રાવ થવા લાગે. તેના લક્ષણોમાં અચાનક ધૂંધળું દેખાવું, આંખ સામે કાળા ધબ્બા દેખાવા અથવા એક આંખે ઓછું દેખાવું શામેલ છે. ઘણા કિસ્સાઓમાં, જો 24થી 72 કલાકની અંદર સારવાર ન મળે, તો નુકસાન કાયમી બની શકે છે.

CRVOની સારવાર સામાન્ય દવાઓ અથવા નાના ક્લિનિકમાં શક્ય નથી. આ માટે તાત્કાલિક રેટિના સ્પેશિયાલિસ્ટની જરૂર પડે છે. સારવાર દરમિયાન આંખની અંદર સોજો ઘટાડવા માટે ખાસ ઈન્જેક્શન આપવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં લેસર ટ્રીટમેન્ટ પણ કરવી પડે છે.

આ ઉપરાંત, હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને કોલેસ્ટ્રોલ જેવા રોગોને નિયંત્રિત કરવા પણ જરૂરી છે, કારણ કે આ બ્લોકેજનું મુખ્ય કારણ માનવામાં આવે છે.

આ રોગની સારવાર માટે ઓપરેશન થિયેટર જેવી સુવિધાઓ, જંતુરહિત વાતાવરણ અને અનુભવી નિષ્ણાતો જરૂરી હોય છે. આ દરમિયાન ઈમરાન ખાનની બહેનોએ મંગળવારે અડિયાલા જેલની બહાર PTI સમર્થકો સાથે પ્રદર્શન કર્યું. બહેન નૂરીન ખાનમે કહ્યું કે પરિવારને કોઈ આંખની બીમારીની અધિકૃત જાણકારી આપવામાં આવી નથી. તેમણે કહ્યું કે જો આ સાચું છે, તો પરિવારને પહેલાથી જ જાણ કરવી જોઈતી હતી. અલીમા ખાનમે પણ જેલ પ્રશાસન પર આરોપ લગાવ્યો કે ન તો પરિવારને કે ન તો કાનૂની ટીમને ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અંગે કોઈ જાણકારી આપવામાં આવી. તેમણે સવાલ ઉઠાવ્યો કે આ સમાચાર આખરે કોણે લીક કર્યા.

PTIનો દાવો છે કે જેલમાંથી પરત ફરતી વખતે અલીમા ખાનમને પોલીસે રોકી હતી. વિપક્ષી ગઠબંધન તહરીક-એ-તહાફુઝ-એ-આઈન-એ-પાકિસ્તાને પણ આ મામલે કાર્યવાહીની માંગ કરી છે અને પરિવારને મળવાની મંજૂરી આપવા જણાવ્યું છે. PTIએ આરોપ લગાવ્યો કે સરકાર રાજકીય દુશ્મનીના કારણે એક કેદીના જીવ અને સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહી છે. પાર્ટીનો દાવો છે કે ઈમરાન ખાનની છેલ્લી મુલાકાત તેમના અંગત ડોક્ટર સાથે ઓક્ટોબર 2024માં થઈ હતી. ત્યારબાદ, કોઈપણ પ્રકારની નિયમિત મેડિકલ તપાસની મંજૂરી આપવામાં આવી ન હતી, જ્યારે આ સંબંધમાં ઈસ્લામાબાદ હાઈકોર્ટના નિર્દેશો ઉપલબ્ધ છે. પાર્ટી અનુસાર, નિયમિત મેડિકલ ચેકઅપની અરજી ઓગસ્ટ 2025થી પેન્ડિંગ છે. ઈમરાન ખાન પર 100થી વધુ કેસ ચાલી રહ્યા છે અને તેઓ ઓગસ્ટ 2023થી જેલમાં છે. ભ્રષ્ટાચારના કેસમાં તેમને 14 વર્ષની સજા સંભળાવવામાં આવી છે, જેમાં સરકારી ભેટો વેચવા અને સરકારી રહસ્યો લીક કરવા જેવા આરોપો શામેલ છે.

# નેતન્યાહૂએ કહ્યું-ગાઝામાં અમેરિકાના કારણે આપણા સૈનિકો મર્યા: બાઈડન પર હથિયારોનો પુરવઠો રોકવાનો આરોપ લગાવ્યો



તેલ અવીવ, તા.28

ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂએ આરોપ લગાવ્યો છે કે અમેરિકાના કારણે ઈઝરાયલના ઘણા સૈનિકો માર્યા ગયા. ટાઈમ્સ ઓફ ઈઝરાયલ અનુસાર, તેમણે કહ્યું કે હમાસ વિરુદ્ધ ગાઝા યુદ્ધ દરમિયાન હથિયારો અને ગોળા-બારૂદનો પુરવઠો રોકી દેવામાં આવ્યો હતો.

નેતન્યાહૂએ મંગળવારે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ઈઝરાયલ પાસે જરૂરી ગોળા-બારૂદ ખતમ થઈ ગયો હતો, આ કારણે કેટલાક સૈનિકોના જીવ ગયા. જોકે, તેમણે એ જણાવ્યું ન હતું કે આ કારણે કેટલા સૈનિકોના મોત થયા.

ઈઝરાયલી પીએમએ સીધા જ પૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડનનું નામ લીધું ન હતું, પરંતુ કહ્યું કે આ હથિયારો પરનો પ્રતિબંધ ત્યારે સમાપ્ત થયો જ્યારે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા.

તેમના મતે ટ્રમ્પના રાષ્ટ્રપતિ બનતા જ ઈઝરાયલને ફરીથી હથિયારો મળવા લાગ્યા. નેતન્યાહૂએ કહ્યું કે વિદેશી સૈન્ય સહાયતા પર નિર્ભરતા ઘટાડવા માટે તેઓ એક મજબૂત અને સ્વતંત્ર ઘરેલું હથિયાર ઉદ્યોગ બનાવશે.

નેતન્યાહૂએ કહ્યું કે યુદ્ધમાં સૈનિકોનું મૃત્યુ સામાન્ય બાબત છે, પરંતુ સાથે જ એવો પણ તર્ક આપ્યો કે કેટલીક મોતોને ટાળી શકાઈ હોત. નેતન્યાહૂએ જણાવ્યું કે દારૂગોળાની અછતને કારણે સૈનિકોને ઘરોમાં ઘૂસીને લડવું પડ્યું અને ઘણા સૈનિકો માર્યા ગયા. નેતન્યાહૂએ ભારપૂર્વક કહ્યું કે તેમણે નિર્ણય કર્યો છે કે આવું ફરી ક્યારેય થવા દેવામાં આવશે નહીં.

તેમણે કહ્યું કે તેઓ ઈચ્છે છે કે આગામી દાયકાની અંદર ઈઝરાયલ અમેરિકી સહાયતા પર નિર્ભરતા ઘટાડે. નેતન્યાહૂએ ઈઝરાયલ-અમેરિકા સંબંધને સહાયતામાંથી ભાગીદારીમાં બદલવાની વાત કરી, જેમાં ઈઝરાયલમાં વિકાસ શામેલ હોય. તેમણે આગળ કહ્યું કે આ પ્રકારનો સહયોગ ભારત અને જર્મની સહિત અન્ય સહયોગી દેશો સુધી પણ વધારી શકાય છે. તેમનો લક્ષ્ય હથિયારોના ક્ષેત્રમાં મહત્તમ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો છે, જેથી ક્યારેય હથિયારો કે ગોળા-બારૂદની અછત ન થાય.

નેતન્યાહૂએ કહ્યું કે ગાઝામાંથી છેલ્લા બંધકની વાપસી પછી હવે ઈઝરાયલનું સંપૂર્ણ ધ્યાન હમાસ પાસેથી હથિયારો છીનવી લેવા અને ગાઝાને સંપૂર્ણપણે ખાલી કરવા પર છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી આ બંને ઉદ્દેશ્ય પૂરા ન થાય ત્યાં સુધી ગાઝામાં કોઈપણ પ્રકારનું પુનર્નિર્માણ થવા દેવામાં આવશે નહીં. નેતન્યાહૂએ કહ્યું કે હવે ઈઝરાયલ સામે બે જ કામ બાકી છે. હમાસને હથિયારોથી મુક્ત કરવું અને ગાઝાને સુરંગો તથા હથિયારોથી ખાલી કરવું. તેમણે ચેતવણી આપતા કહ્યું કે આ કામ સરળ રીતે થાય કે કડક રીતે, પરંતુ થશે જરૂર. તેમણે એમ પણ કહ્યું કે કેટલાક લોકો કહી રહ્યા છે કે ગાઝામાં વિકાસનું કામ પહેલા શરૂ થઈ શકે છે, પરંતુ આવું બિલકુલ નહીં થાય. નોંધનીય છે કે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઘણી વાર કહી ચૂક્યા છે કે ગાઝાને ફરીથી નવેસરથી પુનર્ગઠિત અને વિકસિત કરવો જોઈએ, જેથી ત્યાંથી હિંસા અને આતંકવાદના મૂળિયાં ખતમ થાય. ટ્રમ્પનું માનવું રહ્યું છે કે જો ગાઝામાં મજબૂત સુરક્ષા વ્યવસ્થા સાથે નવું માળખું ઊભું કરવામાં આવે અને કટ્ટરપંથી સંગઠનોનો સંપૂર્ણપણે સફાયો થાય, તો જ ત્યાં કાયમી શાંતિ શક્ય છે.

## તંત્રી લેખ


# ‘IT જોબની લાલચે થાઈલેન્ડને બદલે મ્યાનમાર લઈ ગયા’

‘થાઈલેન્ડના બેંગકોકમાં આઈટી કંપનીમાં જોબનું કહીને મને ત્યાંથી લગભગ 400 કિલોમીટર દૂર લઈ ગયા. જંગલમાંથી, હોડીમાં બેસાડીને બોર્ડર ક્રોસ કરાવી દીધી અને મ્યાનમારમાં ઘુસાડી દીધા. ત્યાંના એક ગામમાં એક વિશાળ બિલ્ડિંગમાં એ લોકો નકલી કૉલ સેન્ટર ચલાવતા હતા. મારો પાસપોર્ટ, મોબાઈલ લઈને એ લોકોએ મને ત્યાં કામમાં જોતરી દીધો. અમારે અમેરિકા, કેનેડા જેવા દેશોમાં રહેતા ભારતીયો સાથે ફોન પર ચેટિંગ અને વાતચીત કરીને તેમને પૈસા રોકવા માટે લલચાવવાના એ અમારું કામ. એકવાર એ લોકો મને ફોનથી વીડિયો ઉતારતા જોઈ ગયા તો પાંચ દિવસ મને એક રૂમમાં હાથકડી બાંધીને લટકાવી રાખ્યો...’ વિદેશોમાં ઊંચા પગારની નોકરીની લાલચે જનારા અને અજાણ્યા કૉલ પરથી ઈન્વેસ્ટમેન્ટની લાલચ આપતા-એમાં ફસાતા લોકો સાથે કેવી હાલત થાય એનું અમદાવાદનો અનુજ (નામ બદલ્યું છે) પર્ફેક્ટ ઉદાહરણ છે. અત્યંત સાધારણ પરિવારમાંથી આવતા અનુજ સાથે જે બન્યું તેની કથા સાંભળતાં અમે પણ થથરી ઊઠ્યા. સાયબર ક્રાઈમ, વિઝા ફ્રોડ અને હ્યુમન ટ્રાફિકિંગનું કાતિલ કોકટેલ ધરાવતો આ કેસ કોઈપણ વ્યક્તિની આંખો ખોલી દેવા માટે પૂરતો છે. દિવ્ય ભાસ્કરની ખાસ સિરીઝ ‘ડિજિટલ ડાકુ’ના આજના એપિસોડમાં કોઈ વેબસિરીઝને પણ આંટે એવી આ ખોફનાક સત્યકથા જાણીએ ‘અગાઉ હું દુબઈમાં કામ કરતો હતો, પરંતુ ત્યાં કોન્ટ્રેક્ટ પૂર્ણ થાય એની પહેલાં જ અમદાવાદ આવી ગયો, કારણ કે જે ભાઈ અમને ત્યાં કામ કરવા લઈ ગયા હતા તેમની કંપની સાથે કોઈ માથાકૂટ થઈ ગઈ હતી એટલે મારે પરત આવવું પડ્યું. જોકે મને ત્યાં કામ કરવાની ઈચ્છા હતી એટલે મેં મારી રીતે અન્ય કોન્ટેક્ટ લગાવ્યા હતા. મારા એક મિત્રને પણ મેં તૈયાર કરી લીધો હતો. મારી પાસે તો પાસપોર્ટ હતો, પરંતુ મારા મિત્ર પાસે પાસપોર્ટ હતો નહીં. એટલે હું અને મારો મિત્ર પાસપોર્ટ કઢાવવા 6 એપ્રિલ 2025ના રોજ વડોદરામાં આવેલી ‘જય ભોલે ટ્રાવેલ બોર્ડિંગ પાસ’ નામની દુકાને પાસપોર્ટ બાબતે પૂછપરછ કરવા ગયા. અહીં અમારી મુલાકાત ઓફિસમાં હાજર કિંજલભાઈ શાહ સાથે થઈ. કિંજલભાઈએ અમને પાસપોર્ટ કઢાવવા માટેના ડોક્યુમેન્ટ બાબતે માહિતી આપી.’ ‘બીજા દિવસે હું અને મારો મિત્ર કિંજલભાઈની ઓફિસે ગયા અને તેમણે કહ્યું કે અમારે પાસપોર્ટ અર્જન્ટમાં કઢાવવાનો છે. કિંજલભાઈએ કારણ પૂછ્યું, તો સાહિલે જવાબ આપ્યો કે મને દુબઈમાં નોકરીની ઓફર મળી છે, જેમાં વર્ક પરમિટ પણ મળવાની છે. જવાબમાં કિંજલભાઈએ કહ્યું કે દુબઈ કરતાં તો થાઈલેન્ડ સારું છે. થાઈલેન્ડમાં અમારા સંપર્ક પણ ઘણા છે, જેમાં ત્યાંની કંપની દ્વારા બે વર્ષની વર્ક પરમિટ મળશે અને કંપની જ રહેવા-જમવાની સુવિધા ફ્રીમાં આપશે. તમારે કોઈપણ ચાર્જ આપવાનો નહીં, ફક્ત અહીંથી ફ્લાઈટની ટિકિટ જ કરવાની. અહીં વડોદરાથી જ અમે અભિષેકસિંહને થાઈલેન્ડના બેંગકોક ખાતે મોકલી આપ્યા છે, જે ત્યાં સેટ પણ થઈ ગયા છે. કિંજલભાઈએ અમારી વાત અભિષેકસિંહ સાથે ફોન પર કરાવી અને અમને તેમનો નંબર પણ આપ્યો.’ પોતાની વાત આગળ વધારતાં અનુજ કહે, ‘અભિષેક સાથે મોબાઈલ પર વાતચીત કરતાં તેણે જણાવ્યું કે હું છેલ્લા સાતેક મહિનાથી બેંગકોકની આઈ-ટેક કંપનીમાં ડેટા એન્ટ્રીની જોબ કરું છું. અહીં ગુજરાતના 7-8 માણસો પણ કામ કરે છે.

# આ શો ચતુરાનાં ચિત્તનો ચાળો રે.. એ રચનામાં નરસિંહનાં મતે ચતુરાનો સંદર્ભ શું છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. એકવીસમી સદીનાં માનવીની સૌથી કોઈ મોટી ઉપલબ્ધિ હોય તો, એ બૌદ્ધિકતા છે! છેલ્લાં થોડા વર્ષ પાછળ નજર કરીએ તો, વિજ્ઞાનની ત્રણે ત્રણ શાખાઓ એટલે કે રાસાયણિક, ભૌતિક, અને જૈવિક ક્ષેત્રે કેટલીય શોધ થઈ અને માનવીનું જીવન વલણ દિવસે દિવસે એશોઆરામ તરફ ઢળતું જાય છે! આમાં કોઈ ત્રૂટિ કાઢવાની વાત નથી! પણ એશોઆરામની ચાહ માનવીને અનૈતિક બનાવી રહી છે! તે તરફ માનવી આંખ આડા કાન કરતો જાય છે, અને એ રીતે પરિવાર, જ્ઞાતિ, સમાજ, દેશ અને વિશ્વ અશાંતિનું ધામ બનતું જાય છે! જે પૃથ્વીને કવિઓએ સ્વર્ગ બતાવી વર્ણન કર્યું હતું, એનું એણે નિકંદન કાઢી નાખ્યું! એમ કહીએ તો એમાં જરાય અતિશયોક્તિ નથી. આજે ગુરુવાર એટલે પ્રાર્થનાનો ક્રમ તો નરસિંહની આવી જ એક રચના.

* નરસિંહ મહેતા*

**આ શો ચતુરાનાં ચિત્તનો ચાળો રે, એને કોઈ નિહાળો રે.

કવિ અહીં સૂક્ષ્મ અર્થને સાથે રાખીને કહે છે કે ચતુરા એટલે કે બુદ્ધિની ચતુરાઈને કારણે એણે ઈશ્વરે જે ઘડ્યું હતું એ પોતાનું સ્વરૂપ બદલી નાખ્યું એને તું જો! પણ હકીકતમાં પોતે જ્યારે કૃષ્ણ ભક્તિમાં લીન થઈ ગોપી બની ગોકુળ જાય છે, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણને કહે છે કે તું મને નિહાળ, એટલે કે મારી સામે જો.

**બ્રહ્માએ નથી ઘડી ભામિની, એ તો આપે બનીને આવી રે,

ત્રણ લોકમાં નહીં રે તારુણી, આવડું રૂપ ક્યાંથી લાવી રે?

ત્રણે લોકમાં આવી પ્રખર ભક્તિ શક્તિનો મુકાબલો કોઈ કરી શકે એમ નથી! અને અધધધ એનું રુપ સ્વરૂપ છે! બ્રહ્મા એ ઘડેલું આ માનવીય રુપ નથી! એ તો પોતાની ખુદની ચતુરાઈથી બનીને આવી છે. ભક્તિ સંદર્ભ લઈએ તો ભગવાન અને ભક્ત વચ્ચે પછી લીંગ ભેદ પણ નથી રહેતો, એટલે નરસિંહને બ્રહ્માએ તો જન્મે નર બનાવ્યાં હતાં, એટલે કે નર હોવા છતાં ગોપી એટલે કે એક નારી બનીને ગોકુળ આવ્યાં છે. નરસિંહ ભગત ભગવાનને કહે છે કે, તને ત્રણે લોકમાં મારાં જેવો કોઈ ભક્ત નહીં મળે! અથવા ગોકુળની છોડ, ક્યાંય તને મારા જેવી તરુણા એટલે કે નવ યૌવના જોવા નહીં મળે એવું મારું રુપ છે!

**દર્શન કરતાં દુઃખડા ભાજે, સ્પર્શે પાતક જાયે રે,

એ નારીની જાતને જાણે તેને આવામન નહીં થાય રે.

જેનું દર્શન કરવાથી દુઃખ ભાગી જાય છે, અને સ્પર્શ કરવાથી પાપનો નાશ થાય છે! ભક્તિની પરાકાષ્ઠા વાળા ભક્તના એટલે કે સાધુ ચરિત સંતના દર્શનથી આપણા દુઃખ ભાંગે છે, અને એમની કૃપા કે આશીર્વાદથી પાપનો નાશ થાય છે!: ભક્તિ રુપી નારીના સ્વરૂપને જાણી લે છે, એનું પછી જન્મ મૃત્યુનું આવવું જવું બંધ થાય છે, એટલે મુક્તિને પામે છે.

**ઘડ્યું ઘરેણું એને રે હાથે, હાથે ભરી છે ચોળી રે,

સાળિડે ભાત નારી કુંજરની, કસુંબાના રંગમાં બોળી રે.

ભક્તિ રુપી નારીએ પોતાના શણગારના સાધનોને જાતે બનાવ્યા છે! એટલે કે સાધના કે તપથી કિર્તી અપાવે એવું જીવન તરાસ્યુ છે. ભક્ત ભગવાનનાં મિલન માટે એણે જાતે સાળુ એટલે કે લગ્ન સમયે પહેરવાનું કન્યાના વસ્ત્રમાં કુંજર એટલે કે હાથીની ભાત પાડી છે, અને કસુંબી રંગ એટલે કે મસ્તીના રંગમાં બોળી છે.

**એને ગાને ગુણી ગાંધ્રવ મોહ્યાં, તાંડવ નૃત્યને જાણે રે,

જળની ઝારી જુગતે ઝાલી, મારા મંદિરિયામાં માણે રે.

ભક્તિ રુપી નારીનું ગાન સાંભળીને ગંધર્વ મોહ્યાં અને તાંડવ નૃત્ય જાણનાર ભગવાન શંકર પણ મોહિત થયા! જળની ઝારી એટલે કે ભગવાન પર ભક્ત પ્રેમની ધારા કરે છે, અને જગત રુપે જે જગદીશ છે, એને પોતાના મંદિરિયામાં ભક્તનાં ભાવ ઝીલતા જોઈ ધન્યતા અનુભવે છે.

**કહીએ છીએ પણ કહ્યું ન માને, એ નારી નહીં ગિરિધારી રે,

બ્રહ્મા ઈન્દ્ર શેષ શારદા એના ચરણ તણા અધિકારી રે.

આત્મા પરમાત્માનાં મિલનની એટલે કે સાક્ષાત્કારની ઘડીએ ભક્ત પોતાનાં અસ્તિત્વને ભગવાનમાં જુવે છે, અને કહે છે એ નારી નથી,એ જ ગિરધારી છે! બ્રહ્મા ઈન્દ્ર શેષનાગ અને વિદ્યાની દેવી મા શારદા એનાં ચરણનાં અધિકારી છે.

**વાસ કરે વૃન્દાવન માંહે, હમણા ગોકુળથી આવે રે,

નરસૈયાના સ્વામીને જોજો, એ તો નયણાંમાં ને જણાવે રે.

વૃન્દાવનમાં વાસ કરે ! એટલે કે ગોકુળમાં રહેતો હોવા છતાં જ્યાં રાધા રુપે ભક્તિ છે, ત્યાં જ એટલે કે વૃંદાવનમાં એનો વાસ છે! નરસિંહના સ્વામીનાં દર્શન કરીએ તો એની આંખોમાં આવો ભક્ત પ્રત્યેનો ઉત્કૃષ્ટ ભાવ છે, એવું એ જણાવે છે.

નરસિંહ મહેતાને આદિકવિ ઉપરાંત ભક્ત નરસિંહ એ રીતે પણ ઓળખવામાં આવે છે, અને એમની એક એક રચના આપણને વેદ વેદાંતનું જ્ઞાન કે ભક્તિનો મર્મ સમજાવે છે. આ રચનાની વાત કરીએ તો આપણે જોયું એમ ભક્તિનો નિખાર ધીરેધીરે સાક્ષાત્કાર સુધી પહોંચે છે. પરંતુ હજી કંઈક અધૂરું છે! એવું મને લાગે છે! આ ઉપરાંત નરસિંહની રચનામાં કોઈને કોઈ ગૂઢ સંકેત છુપાયેલ હોય છે, તો આ રચનાનું કોઈ મુખ્ય સૂત્રધાર હોય તો એ ચતુરા છે. તો ચતુરા શબ્દનો પ્રયોગ કરીને નરસિંહ કહે છે કે ચતુરધા મુક્તિની ઈચ્છાના ત્યાગ વગર ભક્તિ ફળતી નથી, એટલે કે આન્તર ભક્તિ, અર્થાર્થિ ભક્તિ, જીજ્ઞાસુ ભક્તિ અને જ્ઞાની ભક્તિ, આ ચારેય પ્રકારે ભક્તિ કરીને પણ મુક્તિ ન માંગે, અથવા તો બુદ્ધિનું ચતુરા સ્વરૂપ એટલે કે ચતુરાઈ જે એક ચંચળ નારીનું કામ કરે છે, એને છોડ્યા વગર ભક્તિ ફળતી નથી! હજી આનાથી પણ સુક્ષ્મ દર્શન ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચારેયનું આચરણ કરે, પણ ફળની આશા રાખે નહીં! કે પછી બાલ્યાવસ્થા, યુવાવસ્થા પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા આ ચારેય અવસ્થામાં ભગવાનની માયાનો મર્મ સમજી ભક્તિ કરે. ચતુરાનો એક અર્થ માનવ શરીરના અંગોનું વિભાજન ચાર દિશા પ્રમાણે કરી, અને જ્યારે પ્રત્યેક અંગની શક્તિ ભક્તિથી પ્રેરાઈને હરિ ગુણ ગાય ત્યારે ભગવાને પણ ભક્તનાં હ્રદય રુપી વૃન્દાવનમાં વાસ કરવો જ પડે છે. આમ સ્વેચ્છાએ કે પ્રેમનાં અનુબંધથી સ્વામીએ દાસનું દાસત્વ સ્વીકારવું પડે છે. પણ આપણે રહ્યાં સંસારી એટલે વિષય ભોગી જીવ માટે જ વિચારવું પડશે. ભગવત્ ગીતા મુજબ વિષ્ણુનું ખુદનું એક રુપ માયા છે, અને એ રીતે જોઈએ તો, વિષ્ણુનાં ચતુરા સ્વરૂપ રુપી નારી એટલે કે માયા ના ચાળાથી કોઈ બચ્યું નથી! અને આમ જુવો તો માયાની જ આ બલિહારી છે કે, માનવી ખુદનાં જન્મનું કારણ ભૂલતો જાય છે. નરસિંહની રચના જન્મોજન્મના આવરણ દૂર કરીએ તોય એના અર્થ ન ખૂટે એવી અભેદ હોય છે, અને એનો સાર સ્વયં નરસિંહ કે એનાં સ્વામીની કૃપા વગર સમજી શકાતો નથી. તો માનવીય જીવનને ઉત્કૃષ્ટ બનાવવા એની રચનાનાં મૂળ સારને એટલે માયામાં ફસાયા વગર એની ભક્તિ રુપી નારી બની આપણાં હ્રદય કુંજ ને વૃંદાવન બનાવીએ કે જેથી કરીને રાધાનો નટખટ નંદલાલ ગિરધારી એમાં વાસ કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ. હજી આનાથી પણ સુક્ષ્મ દર્શન ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચારેયનું આચરણ કરે, પણ ફળની આશા રાખે નહીં! કે પછી બાલ્યાવસ્થા, યુવાવસ્થા પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા આ ચારેય અવસ્થામાં ભગવાનની માયાનો મર્મ સમજી ભક્તિ કરે. ચતુરાનો એક અર્થ માનવ શરીરના અંગોનું વિભાજન ચાર દિશા પ્રમાણે કરી, અને જ્યારે પ્રત્યેક અંગની શક્તિ ભક્તિથી પ્રેરાઈને હરિ ગુણ ગાય ત્યારે ભગવાને પણ ભક્તનાં હ્રદય રુપી વૃન્દાવનમાં વાસ કરવો જ પડે છે. આમ સ્વેચ્છાએ કે પ્રેમનાં અનુબંધથી સ્વામીએ દાસનું દાસત્વ સ્વીકારવું પડે છે. પણ આપણે રહ્યાં સંસારી એટલે વિષય ભોગી જીવ માટે જ વિચારવું પડશે. ભગવત્ ગીતા મુજબ વિષ્ણુનું ખુદનું એક રુપ માયા છે, અને એ રીતે જોઈએ તો, વિષ્ણુનાં ચતુરા સ્વરૂપ રુપી નારી એટલે કે માયા ના ચાળાથી કોઈ બચ્યું નથી! અને આમ જુવો તો માયાની જ આ બલિહારી છે કે, માનવી ખુદનાં જન્મનું કારણ ભૂલતો જાય છે. નરસિંહની રચના જન્મોજન્મના આવરણ દૂર કરીએ તોય એના અર્થ ન ખૂટે એવી અભેદ હોય છે, અને એનો સાર સ્વયં નરસિંહ કે એનાં સ્વામીની કૃપા વગર સમજી શકાતો નથી. તો માનવીય જીવનને ઉત્કૃષ્ટ બનાવવા એની રચનાનાં મૂળ સારને એટલે માયામાં ફસાયા વગર એની ભક્તિ રુપી નારી બની આપણાં હ્રદય કુંજ ને વૃંદાવન બનાવીએ કે જેથી કરીને રાધાનો નટખટ નંદલાલ ગિરધારી એમાં વાસ કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.


# અસારવા રેલવે સ્ટેશનનું કાયાકલ્પ : વ્યાપક આધુનિકીકરણ તથા યાત્રી સુવિધાઓનો વિકાસ



**અમદાવાદ, તા. 27**

પશ્ચિમ રેલવેના અમદાવાદ ક્ષેત્રના અસારવા રેલવે સ્ટેશનનો કાયાકલ્પ અમૃત ભારત સ્ટેશન યોજનાના અંતર્ગત ઝડપી ગતિએ કરવામાં આવી રહ્યો છે. આ મહત્ત્વાકાંક્ષી પરીયોજનાના અંતર્ગત સ્ટેશન ભવન, પ્લેટફોર્મ તેમજ યાત્રી સુવિધાઓનું વ્યાપક આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે, જેના પરિણામે યાત્રીઓને સુરક્ષિત, સુવિધાજનક તથા આધુનિક યાત્રાનો અનુભવ પ્રાપ્ત થશે. પુનર્વિકાસ કાર્યોના અંતર્ગત સ્ટેશન ભવનનું નવીનીકરણ, પ્લેટફોર્મ શેડનું નિર્માણ, પ્લેટફોર્મ રીસર્ફેસિંગ તેમજ પાર્કિંગનું કામ પૂર્ણ કરવામાં આવી ચૂક્યું છે. ઉપરાંત વિવિધ કાર્યો પ્રગતિ પર છે: * પ્લેટફોર્મ નંબર 1 પર લગભગ 34,000 વર્ગ ફૂટ તથા પ્લેટફોર્મ નંબર 2 અને 3 પર અંદાજે 50,000 વર્ગ ફૂટ વિસ્તારમાં કવર શેડનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે મુસાફરોને ધુપ, વરસાદ તેમજ પ્રતિકૂળ હવામાનથી રક્ષણ મળશે. * 40 ફૂટ પહોળા તથા 82 ફૂટ લાંબા ફૂટ ઓવર બ્રિજ દ્વારા પ્લેટફોર્મો વચ્ચે સુરક્ષિત અને સુગમ આવાગમન સુનિશ્ચિત કરવામાં આવશે. * સર્ક્યુલેટિંગ એરિયાને પ્લેટફોર્મ નંબર 1 ને પ્લેટફોર્મ નંબર 2/3 સાથે જોડવા માટે 40 ફૂટ પહોળા ફૂટ ઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે યાત્રીઓની અવરજવર સુગમ, સુરક્ષિત તથા સુચારુ બનશે. * આશરે અડધા એકર વિશાળ પાર્કિંગ વિકસાવવામાં આવ્યું છે, જેમાં ટુવ્હીલર, ફોરવ્હીલર તથા ઓટો રિક્ષા માટે અલગ-અલગ અને સુવ્યવસ્થિત જગ્યાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેના કારણે ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થશે. * આ યોજનાના અંતર્ગત 20 ફૂટ પહોળું ભવ્ય પ્રવેશ અને નિકાસદ્વાર, લગભગ 6500 વર્ગફૂટ ક્ષેત્રફળની કેનોપી સાથે ડેડીકેટેડ પિક-અપ/ડ્રોપ-ઓફ ઝોન તેમજ સુવ્યવસ્થિત સર્ક્યુલેટિંગ એરિયાનું વિકાસ કાર્ય કરવામાં આવી રહ્યું છે. * સ્ટેશન પરિસરમાં આકર્ષક લેન્ડસ્કેપિંગ તથા વિશાળ કોન્કોર્સ ક્ષેત્ર વિકસાવવામાં આવી રહ્યો છે, જેના કારણે યાત્રીઓ ને આધુનિક અને આરામદાયક વાતાવરણ મળશે. સ્ટેશન ફસાડ તથા પ્રવેશ દ્વારનું આકર્ષક સૌંદર્યીકરણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે સ્ટેશનને આધુનિક અને વિશ્વસ્તરીય ઓળખ મળશે. * મુસાફરોની સુવિધા માટે ડિલક્સ એ.સી., નોન-એ.સી. તથા સામાન્ય પ્રતીક્ષાલય, દિવ્યાંગજન અનુકૂળ શૌચાલય, આધુનિક ટિકિટિંગ કાઉન્ટર, ડિજિટલ સૂચના પ્રણાલી, પર્યાપ્ત બેઠક વ્યવસ્થા તેમજ સ્વચ્છ પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. * હાલ અસારવા સ્ટેશન પર 12 નિયમિત તેમજ 4 વિશેષ ટ્રેનોનું સ્ટોપેજ છે અને દરરોજ લગભગ 10,600 યાત્રીઓ અહીંથી યાત્રા કરે છે. ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સ્ટેશનને દરરોજ લગભગ 1,00,000 યાત્રીઓની સુવિધા અનુસાર વિકસાવવામાં આવી રહ્યું છે. અમૃત ભારત સ્ટેશન યોજનાના અંતર્ગત થતો આ પુનર્વિકાસ માત્ર મુસાફર સુવિધાઓમાં ગુણાત્મક સુધારો લાવશે એટલું જ નહીં, પરંતુ સ્થાનિક વેપાર, પર્યટન તથા રોજગારના અવસરોને પણ પ્રોત્સાહન આપશે. પુનર્વિકસિત અસારવા રેલવે સ્ટેશન આધુનિક, સુરક્ષિત તથા પર્યાવરણ અનુકૂળ સુવિધાઓ સાથે અમદાવાદ ક્ષેત્રના સમગ્ર વિકાસમાં એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઊભરી આવશે અને ‘વિકસિત ભારત’ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક સશક્ત પગલું સાબિત થશે.

# જ્યારે કોઈ વ્યક્તિનો અહંકાર તેના પર હાવી થઈ જાય છે, ત્યારે તે પોતાની ભૂલ સ્વીકારવાને બદલે બીજાઓની સત્યતા પર સવાલ ઉઠાવવાનું શરૂ કરે છે.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો આપણા જીવનમાં પણ,ક્યારેક એવીક્ષણો આવે છે જ્યારે, આપણા શ્રેષ્ઠ પ્રયાસો છતાં,આપણે સમસ્યાઓ થી ઘેરાયેલા હોઈએ છીએ અને નિર્ણય લઈ શકતા નથી.પછી, આપણે બધું ભાગ્ય પર છોડી દેવું જોઈએ અને આપણી જવાબ દારીઓ અને પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આખરે ભગવાન જ ખ્યાતિ અને બદનામી,વિજય અને હાર, જીવન અને મૃત્યુનો અંતિમ મધ્યસ્થી છે.આપણે તેમના પર વિશ્વાસ કરવો જોઈએ અને તેમના નિર્ણયનો આદર કરવો જોઈએ.આ વિશે એક વાર્તા જંગલમાં એક ગર્ભવતી હરણી જન્મ આપવાની તૈયારીમાં હતી. તે યોગ્ય એકાંત સ્થળ શોધતી ફરતી હતી,ત્યારે તેને નદી કિનારે ઊંચું,ગાઢ ઘાસ દેખાયું.તેને પ્રસૂતિ માટે આ યોગ્ય સ્થળ જેવું લાગ્યું.તે ત્યાં પહોંચતાની સાથે જ તેને પ્રસૂતિની પીડા શરૂ થઈ. બીજી તરફ અચાનક આકાશમાં કાળાં ડીબાંગ વાદળો ઉમટ્યાં, વીજળી ચમકી.વરસાદ પડે તેવું વાતાવરણ થયું તેણીએ ડાબી તરફ જોયું તો એક શિકારી તેના પર તીર તાકી રહ્યો હતો.તે ગભરાઈને જમણી તરફ વળી જોયું એક ભૂખ્યો સિંહ દેખાયો, જે હુમલો કરવા માટે તૈયાર હતો. તેની સામે સૂકા ઘાસમાં આગ લાગી ગઈ હતી,અને જ્યારે તે પાછી ફરી,ત્યારે નદીમાં ઘોડાપુર આવ્યું હતું.હરણી શું કરી શકે?તે પ્રસૂતિ પીડાથી દુઃખી હતી.હવે શું થશે?શું હરણી બચી જશે?શું તે તેના બચ્ચાને જન્મઆપી શકશે? શું બચ્ચું બચી જશે?શું જંગલ ની આગ બધું બાળી નાખશે?શું હરણી શિકારીના તીરથી બચી જશે? શું હરણ ભૂખ્યા સિંહ માટે ખોરાક બનશે?તે એકબાજુ આગ થી ઘેરાયેલી હતી અને તેની પાછળ નદી.તે શું કરશે?હરણી, પોતાની નીરસતા છોડીને,તેને બચ્ચાને જન્મ આપ્યો કુદરતનો ચમત્કાર તો જુઓ.વીજળી ચમકી અને શિકારીએ તીર છોડતાં જ તે આંધળો થઈ ગયો. તેનું તીર હરણી પાસેથી સડસડાટ કરતું નીકળી ગયું અને સિંહની આંખમાં વાગ્યું.સિંહ ગર્જનાકરતો ભાગીગયો,આંધળો થયેલશિકારી સિંહને ઘાયલસમજીને ભાગીગયો ભારે વરસાદ શરૂ થયો,જેનાથી જંગલની આગ ઓલવાઈ ગઈ હરણીએ એક બચ્ચાને જન્મ આપ્યો.

મહાત્માઓ દસમ સ્કંધમાં પાગલ થયા છે.જીવ ગોસ્વામી રાજાના દિવાન હતા.તે શ્રીકૃષ્ણ પ્રેમમાં પાગલ થયા છે.સનાતન ગોસ્વામી બંગાળના મોટા જમીનદાર હતા. દશમ સ્કંધનો પાઠ એક વખત સાંભળ્યો કે, શ્રીકૃષ્ણ પ્રેમમાં પાગલ થયા!સર્વસ્વનું દાન કરી દીધું અને તાડપત્રીની લંગોટી બાંધી લીલા નિકુંજમાં રાધે શ્રી કૃષ્ણ,રાધે શ્રી કૃષ્ણ,રાધે શ્રીકૃષ્ણ કરતા નીકળી પડ્યા.રામાયણની શૂર્પણખા અને ભાગવતની પૂતના એક જ છે. શૂર્પણખા પણ વાસના છે.કનૈયો હજુ છ દિવસનો થયો. હજુ રાધાજી આવ્યા નથી.રામ જન્મમાં તો સીતાજી સાથે હતાં, તેથી સીતાજી ઉપર નજર રાખી શૂર્પણખાને જવાબ આપ્યો હતો, પણ આ જન્મમાં હજુ રાધાજી તો આવ્યાં નથી એટલે કોનાઉપર નજર રાખું?

પૂતના આંખમાંથી અંદર આવે છે. સંસારના સુંદરવિષયો જોઈઆંખ તેની પાછળ દોડે છે.જાણે છે કે આ મારું નથી,મને મળવાનું નથી છતાં પાપ કરે છે. પૂતનાએ યશોદા ને કહ્યું કે,હું તમારા બાળકને ધવડાવું તો પુષ્ટ થશે.યશોદાએ પારણામાંથી બાલકૃષ્ણને ઊઠાવી પૂતનાની ગોદમાં આપ્યો માસીબા ખૂબ લાડ કરેછે,પણ કનૈયો જાણે છે કે,આ લાડ કરવા નથી આવી પણ મારવા લાગી છે.

પૂતના યશોદાને કહે છે,મા,તમારે ઘરનું કામ હોય તો જાઓ!હું લાલાને સંભાળીશ!યશોદા ઘરનું કામ કરવા જાય છે ત્યારે પૂતના કપટથી બાલકૃષ્ણને ધવડાવવા લાગે છે,પણ ભગવાન તો એના પ્રાણને ચૂસવા લાગે છે.ત્યારે પૂતના વ્યાકુળ થઈ બૂમાબૂમ કરી મૂકે છે કે મને છોડ! પણ ભગવાન જેને પકડે તેને કોણ છોડાવી શકે ભગવાન કહે છેકે,મને પકડતાં જ આવડે છે છોડવાનું મને માએ શીખવ્યું નથી અર્થાત્ હું કોઈને જલદી અપનાવતો નથી અને અપનાવ્યા પછી છોડતો નથી.

પૂતના,તને હું આજે છોડીશ નહીં તારો ઉદ્ધાર કરીશ.આમ ભગવાન નાં મારમાં પણ પ્યાર છે.પરમ આશ્ચર્ય થયુંછે!મને છોડ,મનેછોડ એમ બે વખત પૂતના બોલી છે. જાણે કહેતી ન હોય કે આલોક કે પરલોકમાંથી છોડાવી કનૈયા,તારા ધામમાં,ગોલોકમાં મને લઈ જા અથવા અહંતા- મમતામાંથી મને છોડાવી મને કૃતાર્થ કર!પૂતનાએ વ્યાકુળ થઈ રાક્ષસી રૂપ ધારણ કર્યું છે.એ આકાશમાર્ગે શ્રીકૃષ્ણને લઈ જતી હતી ત્યારે શ્રીકૃષ્ણે એ ને કંસના બગીચાના એક વૃક્ષ ઉપર પાડી. કંસનોએ બગીચો ગોકુળ પાસેછે.પૂતના પડયા પછી ધડાકો થાય છે.રાક્ષસીના વક્ષ: સ્થળ ઉપર બાલ કૃષ્ણ વિરાજ્યા છે.ગોપીઓ દોડતી આવી. યશોદાને ઠપકો આપ્યો કે, અમે અનેક બાધાઓ રાખી ત્યારે તારે ત્યાં દીકરો થયો અને તને કદર નથી.યશોદાજીએ ઠપકો માથે ચડાવ્યો કહે કે,મારું આ પહેલું બાળક છે.મને બાળક ની લાલન પાલનની ખબર નથી. હવે તમે કહેશો તેમ કરીશ. ગોપી ઓ કહે છેકે,કોઈ પારકી સ્ત્રીને તમારે બાળક સોંપવું નહીં!આજે પારકી સ્ત્રીની નજર લાગી છે તે ઉતારવી પડશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી મહા કવિ મહિનાનું માવઠું રાજસ્થાન તરફ થયું છે ત્યારે થોડી વિહવળતા આપણી બાજુ ધરતી પુત્રોમાં છે કુદરત કરે તે ખરૂં આજે આપણે અહીં અટકીએ અસ્તુ. મહાત્માઓ દસમ સ્કંધમાં પાગલ થયા છે.જીવ ગોસ્વામી રાજાના દિવાન હતા.તે શ્રીકૃષ્ણ પ્રેમમાં પાગલ થયા છે.સનાતન ગોસ્વામી બંગાળના મોટા જમીનદાર હતા. દશમ સ્કંધનો પાઠ એક વખત સાંભળ્યો કે, શ્રીકૃષ્ણ પ્રેમમાં પાગલ થયા!સર્વસ્વનું દાન કરી દીધું અને તાડપત્રીની લંગોટી બાંધી લીલા નિકુંજમાં રાધે શ્રી કૃષ્ણ,રાધે શ્રી કૃષ્ણ,રાધે શ્રીકૃષ્ણ કરતા નીકળી પડ્યા.રામાયણની શૂર્પણખા અને ભાગવતની પૂતના એક જ છે. શૂર્પણખા પણ વાસના છે.કનૈયો હજુ છ દિવસનો થયો. હજુ રાધાજી આવ્યા નથી.રામ જન્મમાં તો સીતાજી સાથે હતાં, તેથી સીતાજી ઉપર નજર રાખી શૂર્પણખાને જવાબ આપ્યો હતો, પણ આ જન્મમાં હજુ રાધાજી તો આવ્યાં નથી એટલે કોનાઉપર નજર રાખું? પૂતના આંખમાંથી અંદર આવે છે. સંસારના સુંદરવિષયો જોઈઆંખ તેની પાછળ દોડે છે.જાણે છે કે આ મારું નથી,મને મળવાનું નથી છતાં પાપ કરે છે.પૂતનાએ યશોદા ને કહ્યું કે,હું તમારા બાળકને ધવડાવું તો પુષ્ટ થશે.યશોદાએ પારણામાંથી બાલકૃષ્ણને ઊઠાવી પૂતનાની ગોદમાં આપ્યો માસીબા ખૂબ લાડ કરેછે,પણ કનૈયો જાણે છે કે,આ લાડ કરવા નથી આવી પણ મારવા લાગી છે. પૂતના યશોદાને કહે છે,મા,તમારે ઘરનું કામ હોય તો જાઓ!હું લાલાને સંભાળીશ!યશોદા ઘરનું કામ કરવા જાય છે ત્યારે પૂતના કપટથી બાલકૃષ્ણને ધવડાવવા લાગે છે,પણ ભગવાન તો એના પ્રાણને ચૂસવા લાગે છે.ત્યારે પૂતના વ્યાકુળ થઈ બૂમાબૂમ કરી મૂકે છે કે મને છોડ! પણ ભગવાન જેને પકડે તેને કોણ છોડાવી શકે ભગવાન કહે છેકે,મને પકડતાં જ આવડે છે છોડવાનું મને માએ શીખવ્યું નથી અર્થાત્ હું કોઈને જલદી અપનાવતો નથી અને અપનાવ્યા પછી છોડતો નથી. પૂતના,તને હું આજે છોડીશ નહીં તારો ઉદ્ધાર કરીશ.આમ ભગવાન નાં મારમાં પણ પ્યાર છે.પરમ આશ્ચર્ય થયુંછે!મને છોડ,મનેછોડ એમ બે વખત પૂતના બોલી છે. જાણે કહેતી ન હોય કે આલોક કે પરલોકમાંથી છોડાવી કનૈયા,તારા ધામમાં,ગોલોકમાં મને લઈ જા અથવા અહંતા- મમતામાંથી મને છોડાવી મને કૃતાર્થ કર!પૂતનાએ વ્યાકુળ થઈ રાક્ષસી રૂપ ધારણ કર્યું છે.એ આકાશમાર્ગે શ્રીકૃષ્ણને લઈ જતી હતી ત્યારે શ્રીકૃષ્ણે એ ને કંસના બગીચાના એક વૃક્ષ ઉપર પાડી. કંસનોએ બગીચો ગોકુળ પાસેછે.પૂતના પડયા પછી ધડાકો થાય છે.રાક્ષસીના વક્ષ: સ્થળ ઉપર બાલ કૃષ્ણ વિરાજ્યા છે. ગોપીઓ દોડતી આવી. યશોદાને ઠપકો આપ્યો કે, અમે અનેક બાધાઓ રાખી ત્યારે તારે ત્યાં દીકરો થયો અને તને કદર નથી. યશોદાજીએ ઠપકો માથે ચડાવ્યો કહે કે,મારું આ પહેલું બાળક છે.મને બાળક ની લાલન પાલનની ખબર નથી. હવે તમે કહેશો તેમ કરીશ. ગોપી ઓ કહે છેકે,કોઈ પારકી સ્ત્રીને તમારે બાળક સોંપવું નહીં!આજે પારકી સ્ત્રીની નજર લાગી છે તે ઉતારવી પડશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી મહા કવિ મહિનાનું માવઠું રાજસ્થાન તરફ થયું છે ત્યારે થોડી વિહવળતા આપણી બાજુ ધરતી પુત્રોમાં છે કુદરત કરે તે ખરૂં આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# પ્રાકૃતિક કૃષિનું હૃદય - દેશી ગાય : જેના વિના પ્રાકૃતિક ખેતીની કલ્પના અધૂરી

## દેશી ગાય માત્ર એક પશુ નથી, પરંતુ કૃષિ સ્વાવલંબન, પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ સમાજ તરફ દોરી જતી શક્તિ છે

**અમદાવાદ, તા. 28**

ભારત કૃષિપ્રધાન દેશ છે અને અહીં કૃષિ માત્ર વ્યવસાય નથી, પરંતુ જીવનપદ્ધતિ છે. આ પરંપરાગત કૃષિ પ્રણાલીમાં દેશી ગાયનું સ્થાન અતિ વિશિષ્ટ અને પવિત્ર માનવામાં આવ્યું છે. વૈદિક સાહિત્યથી લઈને આજની પ્રાકૃતિક કૃષિ સુધી ગાયને માત્ર દૂધ આપનાર પ્રાણી તરીકે નહીં, પરંતુ સંપૂર્ણ કૃષિ વ્યવસ્થાનું કેન્દ્રબિંદુ માનવામાં આવે છે. મહાભારતનાં અનુશાસન પર્વમાં ગાયના સદગુણો અને ઉપયોગીતા વિષે વર્ણન કરવામાં આવ્યું છે કે, ગાય પોતાના દૂધ, દહીં, અને ઘી વડે પ્રજાનું પાલન-પોષણ કરે છે. એનો પુત્ર એટલે કે બળદ કૃષિનું કામ કરે છે, ભાર ઉઠાવે છે અને પોતાના શ્રમથી અનાજ, બીજ ઉત્પન્ન કરે છે. એનાથી જ યજ્ઞ સંપન્ન થાય છે. ગાય અમૃત કળશ છે અને સમગ્ર વિશ્વ એની આગળ નતમસ્તક છે. ઋગ્વેદમાં કહ્યું છે કે, એટલે કે ગાય વિશ્વની માતા છે. યજુર્વેદમાં કહ્યું છે કે, : એટલે કે ગાયની ઉપમા કોઈને પણ આપી શકાતી નથી. ભારતીય પરંપરામાં ગાયને "ગૌમાતા" કહેવામાં આવી છે. ઋગ્વેદ અને અન્ય ગ્રંથોમાં ગાયને સમૃદ્ધિ, આરોગ્ય અને કલ્યાણનું પ્રતીક માનવામાં આવે છે. આ ભાવના માત્ર ધાર્મિક નથી - તે ટકાઉ જીવનશૈલી અને કુદરત સાથે સહઅસ્તિત્વનો સંદેશ આપે છે. વિદેશી સંકર જાતની ગાયો મુખ્યત્વે વધુ દૂધ ઉત્પાદન માટે વિકસાવવામાં આવી છે, જ્યારે ભારતીય દેશી ગાયો સ્થાનિક પર્યાવરણ, હવામાન અને ખેતી પદ્ધતિઓ સાથે સ્વાભાવિક રીતે સુસંગત છે. દેશી ગાયનું મહત્ત્વ દૂધથી પણ વધારે તેનાં છાણ (ગોબર), ગૌમૂત્ર, દહીં અને ઘી માં સમાયેલું છે, જે પ્રાકૃતિક કૃષિનો મૂળ આધારસ્તંભ છે.

જમીનની તંદુરસ્તી માટે દેશી ગાય વરદાનરૂપ

દેશી ગાયના છાણ (ગોબર)માં અગણિત લાભદાયી સૂક્ષ્મજીવો હોય છે, તે જમીનમાં જૈવિક કાર્બન વધારવામાં મદદ કરે છે. માટીની રચના, ભેજ જાળવવાની ક્ષમતા અને ઉપજાઉ શક્તિ સુધારે છે. જ્યારે ગૌમૂત્ર કુદરતી જીવાણુનાશક તરીકે કામ કરે છે, પાકમાં રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ઉપયોગી છે. દેશી ગાય વગર પ્રાકૃતિક ખેતીની કલ્પના અધૂરી છે. દેશી ગાયનાં છાણ (ગોબર), ગૌમૂત્ર, ગોળ અને દાળના લોટથી બનતું જીવામૃત જમીનમાં કરોડો સૂક્ષ્મજીવોની વૃદ્ધિ કરે છે. આ સૂક્ષ્મજીવો જમીનને જિવંત બનાવે છે અને છોડને જરૂરી પોષકતત્ત્વ પ્રાકૃતિક રીતે ઉપલબ્ધ કરાવે છે. બીજ વાવતાં પહેલાં તેને દેશી ગાય આધારિત દ્રાવણથી શુદ્ધ કરવામાં આવે છે, જેથી



ફૂગ અને રોગોથી રક્ષણ મળે છે. દેશી ગાયનાં ગૌમૂત્ર અને ઔષધીય છોડમાંથી બનેલા દ્રાવણો જીવાત નિયંત્રણ, ફૂગજન્ય રોગોથી રક્ષણ માટે અસરકારક માનવામાં આવે છે. આ પદ્ધતિઓથી રાસાયણિક જંતુનાશકોની જરૂરિયાત ઓછી થાય છે. જે જમીન, પાણી અને માનવ સ્વાસ્થ્ય માટે લાભદાયી છે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલૅન્ડના વૈજ્ઞાનિકોએ લાંબા સમય સુધી સંશોધન કરીને જર્સી અને હોલ્સ્ટન ફ્રિઝિયન ગાયના દૂધને નામ એ-૧ આપ્યું તેમજ ભારતીય પ્રજાતિની દેશી ગાયના દૂધને એ-૨ નામ આપ્યું. વૈજ્ઞાનિક પરીક્ષણ બાદ એ-૧ દૂધ સ્વાસ્થ્ય તેમજ માનવ શરીર માટે હાનિકારક જણાયું, જ્યારે એ-૨ દૂધને માનવ શરીરમાં રોગ પ્રતિકારકશક્તિ વધારનાર તથા સ્વાસ્થ્યવર્ધક માનવામાં આવ્યું છે. આમ ભારતીય પ્રજાતિની બધી દેશી ગાયોનું દૂધ, છાણ અને ગૌમૂત્ર અમૃત સમાન છે. આજના સમયમાં જમીનની ફળદ્રુપતા ઘટતી જાય છે, પાણી પ્રદૂષિત થાય છે અને ખેડૂતોનો ખેતી ખર્ચ વધે છે ત્યારે આવી પરિસ્થિતિમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ ખર્ચ ઘટાડે છે, જમીનને ઉપજાઉ બનાવે છે, ઝેરી અવશેષરહિત ખોરાક આપે છે. આ રીતે દેશી ગાય માત્ર એક પશુ નથી, પરંતુ કૃષિ સ્વાવલંબન, પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ સમાજ તરફ દોરી જતી શક્તિ છે. પ્રાકૃતિક કૃષિ એ માત્ર ટેકનિક નથી, તે વિચારધારા છે - અને આ વિચારધારાના કેન્દ્રમાં દેશી ગાય છે. તેના છાણ (ગોબર), ગૌમૂત્રથી જમીન, પાક, પર્યાવરણ અને માનવ જીવન વચ્ચેનું સંતુલન જળવાઈ રહે છે. દેશી ગાય એટલે જીવંત ખાતર ફેક્ટરી, કુદરતી ઔષધાલય અને ટકાઉ ખેતીનું હૃદય છે.

બાદ એ-૧ દૂધ સ્વાસ્થ્ય તેમજ માનવ શરીર માટે હાનિકારક જણાયું, જ્યારે એ-૨ દૂધને માનવ શરીરમાં રોગ પ્રતિકારકશક્તિ વધારનાર તથા સ્વાસ્થ્યવર્ધક માનવામાં આવ્યું છે. આમ ભારતીય પ્રજાતિની બધી દેશી ગાયોનું દૂધ, છાણ અને ગૌમૂત્ર અમૃત સમાન છે. આજના સમયમાં જમીનની ફળદ્રુપતા ઘટતી જાય છે, પાણી પ્રદૂષિત થાય છે અને ખેડૂતોનો ખેતી ખર્ચ વધે છે ત્યારે આવી પરિસ્થિતિમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ ખર્ચ ઘટાડે છે, જમીનને ઉપજાઉ બનાવે છે, ઝેરી અવશેષરહિત ખોરાક આપે છે. આ રીતે દેશી ગાય માત્ર એક પશુ નથી, પરંતુ કૃષિ સ્વાવલંબન, પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ સમાજ તરફ દોરી જતી શક્તિ છે. પ્રાકૃતિક કૃષિ એ માત્ર ટેકનિક નથી, તે વિચારધારા છે - અને આ વિચારધારાના કેન્દ્રમાં દેશી ગાય છે. તેના છાણ (ગોબર), ગૌમૂત્રથી જમીન, પાક, પર્યાવરણ અને માનવ જીવન વચ્ચેનું સંતુલન જળવાઈ રહે છે. દેશી ગાય એટલે જીવંત ખાતર ફેક્ટરી, કુદરતી ઔષધાલય અને ટકાઉ ખેતીનું હૃદય છે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલૅન્ડના વૈજ્ઞાનિકોએ લાંબા સમય સુધી સંશોધન કરીને જર્સી અને હોલ્સ્ટન ફ્રિઝિયન ગાયના દૂધને નામ એ-૧ આપ્યું તેમજ ભારતીય પ્રજાતિની દેશી ગાયના દૂધને એ-૨ નામ આપ્યું. વૈજ્ઞાનિક પરીક્ષણ બાદ એ-૧ દૂધ સ્વાસ્થ્ય તેમજ માનવ શરીર માટે હાનિકારક જણાયું, જ્યારે એ-૨ દૂધને માનવ શરીરમાં રોગ પ્રતિકારકશક્તિ વધારનાર તથા સ્વાસ્થ્યવર્ધક માનવામાં આવ્યું છે. આમ ભારતીય પ્રજાતિની બધી દેશી ગાયોનું દૂધ, છાણ અને ગૌમૂત્ર અમૃત સમાન છે. આજના સમયમાં જમીનની ફળદ્રુપતા ઘટતી જાય છે, પાણી પ્રદૂષિત થાય છે અને ખેડૂતોનો ખેતી ખર્ચ વધે છે ત્યારે આવી પરિસ્થિતિમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ ખર્ચ ઘટાડે છે, જમીનને ઉપજાઉ બનાવે છે, ઝેરી અવશેષરહિત ખોરાક આપે છે. આ રીતે દેશી ગાય માત્ર એક પશુ નથી, પરંતુ કૃષિ સ્વાવલંબન, પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ સમાજ તરફ દોરી જતી શક્તિ છે. પ્રાકૃતિક કૃષિ એ માત્ર ટેકનિક નથી, તે વિચારધારા છે - અને આ વિચારધારાના કેન્દ્રમાં દેશી ગાય છે. તેના છાણ (ગોબર), ગૌમૂત્રથી જમીન, પાક, પર્યાવરણ અને માનવ જીવન વચ્ચેનું સંતુલન જળવાઈ રહે છે. દેશી ગાય એટલે જીવંત ખાતર ફેક્ટરી, કુદરતી ઔષધાલય અને ટકાઉ ખેતીનું હૃદય છે.

## મેલાસણા ગામે ખેડૂતો માટેની તાલીમ શિબિરમાં ઘઉંના પાકમાં રોગ નિયંત્રણ અને પ્રાકૃતિક ખેતી અંગે અપાયું માર્ગદર્શન

**અમદાવાદ, તા. 28**

ખેતીવાડી વિભાગ, તાલુકા પંચાયત સાણંદ દ્વારા રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન (ઘઉં યોજના) અંતર્ગત સાણંદ તાલુકાના મેલાસણા ગામે સ્થાનિક ખેડૂતો માટે વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેડૂતોને આધુનિક અને પ્રાકૃતિક ખેતી અંગેનું તકનીકી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન વિસ્તરણ અધિકારી શ્રી કમલેશભાઈ પ્રજાપતિએ ખેતરોમાં ઉભા ઘઉંના પાકની જાળવણી અંગે મહત્ત્વની ચર્ચાઓ કરી હતી. તેમણે ખાસ કરીને ઘઉંમાં આવતા વિવિધ રોગ અને જીવાતોના અસરકારક નિયંત્રણ માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓનું માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત, તેમણે ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ સરકારી યોજનાઓની વિગતવાર માહિતી આપી, તેનો મહત્તમ લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના બીજા તબક્કામાં પ્રાકૃતિક ખેતી પર ભાર મૂકતા પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપનીના એમ.ડી. શ્રી કાશીરામભાઈ વાઘેલાએ સમજાવ્યું હતું કે કેવી રીતે પ્રાકૃતિક પદ્ધતિ અપનાવીને ખેતી ખર્ચ ઘટાડી વધુ નફો મેળવી શકાય છે. વધુમાં, ખેડૂત શ્રી નરેન્દ્રભાઈ પટેલે ઘઉંના પાકમાં પોષક તત્વોના વ્યવસ્થાપન માટે જીવામૃત અને ઘન જીવામૃત બનાવવાની અને તેનો ઉપયોગ કરવાની રીત વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી.

## માનવ સેવા ટ્રસ્ટ, સાણંદ દ્વારા "માનવ રત્ન એવોર્ડ - 2026"નું વિતરણ

**અમદાવાદ રેલ્વે, તા. 28**

માનવ સેવા ટ્રસ્ટ, સાણંદ દ્વારા દર વર્ષે ૨૬ જાન્યુઆરીના રોજ શિક્ષણ, આરોગ્ય, સમાજ સેવા, લોકજાગૃતિ તથા પર્યાવરણ જેવા ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સેવા આપનાર પ્રતિભાશાળી વ્યક્તિઓને "માનવ રત્ન એવોર્ડ" આપી સન્માનિત કરવામાં આવે છે. આ પરંપરા અંતર્ગત વર્ષ 2026માં પણ વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર પાંચ સેવાભાવી વ્યક્તિઓને માનવ રત્ન એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો.

સમાજ સેવા ક્ષેત્રે શહેરને સ્વચ્છ રાખવા માટે અવિરત અને નિયમિત સેવા આપનાર નગરપાલિકાના સફાઈ કામદાર શ્રી વિશાલ સી. ચૌહાણને માનવ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. તેમની કર્મશીલતા અને નિષ્ઠાપૂર્ણ સેવાઓ બદલ સમગ્ર સમાજ તેમનો ઋણી હોવાનું ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું

પર્યાવરણ ક્ષેત્રે સાણંદ વિસ્તારમાં વન કવચ વૃક્ષારોપણ અભિયાન હેઠળ 6000 જેટલા રોપાને બાળકની જેમ ઉછેરીને વૃક્ષ સુધી પહોંચાડનાર કેર ટેકર શ્રી વિષ્ણુભાઈ સી. મકવાણાને પર્યાવરણ ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાન બદલ માનવ રત્ન એવોર્ડ આપવામાં આવ્યો.

લોકજાગૃતિ ક્ષેત્રે આંગણવાડીના નાના ભૂલકાઓ માટે પોષણક્ષમ આહાર અને કેળવણીયુક્ત વાતાવરણ ઊભું કરી સંવેદનશીલ સેવા આપનાર વઘજીપુરાના આંગણવાડી કાર્યકર શ્રીમતી ભારતીબેન વી. ચૌહાણને માનવ રત્ન એવોર્ડથી ગૌરવવામાં આવ્યા

શિક્ષણ ક્ષેત્રે નળકાંઠાના ગ્રામ્ય વિસ્તારની વિદ્યાર્થિનીઓમાં શિક્ષણ તથા પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવી બુનિયાદી શિક્ષણને નવો આયામ આપનાર માણકોલ પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી રાજેશકુમાર ડી. સોલંકીને માનવ રત્ન એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો,

આરોગ્ય ક્ષેત્રે નળકાંઠાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં કિશોરીઓ, સગર્ભા તથા ધાત્રી માતાઓના સ્વાસ્થ્યની સંભાળ માટે ઉમદા સેવા આપનાર આરોગ્ય વર્કર કુમારી પૂજાબેન કનુભાઈ સઈ સુથારને માનવ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા,

તમામ વિજેતાઓને શ્રી જે. જે. પરમાર શ્રી જે. જે. પરમાર સાહેબ, માનદ પ્રમુખ, ઓલ ઈન્ડિયા એસ.સી./એસ.ટી. કર્મચારી કલ્યાણ એસોસિયેશન (ઓ.એન.જી.સી.) ના હસ્તે એવોર્ડ એનાયત થયેલા. માનવ સેવા ટ્રસ્ટ, સાણંદ દ્વારા જણાવવામાં આવ્યું કે સમાજના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ અને સામાજિક જાગૃતિ ક્ષેત્રે સેવા આપનાર આવા "માનવ રત્નો" સમાજ માટે પ્રેરણાસ્ત્રોત છે અને તેમની સેવાઓ સમાજને સતત મળતી રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી.

## સ્માર્ટફોનની લત અને મેદસ્વિતા : શું તમારી સ્ક્રીન તમને સ્થૂળ બનાવી રહી છે?

### ડિજિટલ ડાયેટ અપનાવીએ: સ્ક્રીન ટાઈમ ઘટાડીને મેદસ્વિતા મુક્ત સ્વસ્થ જીવન તરફ ડગલું માંડીએ

**ગાંધીનગર, તા. 28**

આધુનિક યુગમાં વિજ્ઞાને આપણને આંગળીના ટેરવે આખી દુનિયા આપી છે, પરંતુ તેની કિંમત આપણે આપણા સ્વાસ્થ્ય દ્વારા ચૂકવી રહ્યા છીએ. છેલ્લા દાયકામાં વૈશ્વિક સ્તરે સ્થૂળતાના દરમાં જે ચિંતાજનક ઉછાળો આવ્યો છે, તેની પાછળનું એક મુખ્ય કારણ સ્ક્રીન એડિક્શન છે. સ્માર્ટફોન, ટેબ્લેટ અને સ્માર્ટ ટીવી હવે માત્ર મનોરંજનના સાધનો નથી રહ્યા, પરંતુ તે આપણી શારીરિક સક્રિયતાને ભરખી જનારું ડિજિટલ ઝેર સાબિત થઈ રહ્યા છે. વધારે પડતો સ્ક્રીન ટાઈમ એ માત્ર સમયનો બગાડ નથી, પરંતુ તે શરીરમાં ચયાપચયની ક્રિયા(Metabolism)ને ધીમી પાડે છે. જ્યારે આપણે કલાકો સુધી એક જ મુદ્રામાં બેસીને સ્ક્રીન સામે સમય પસાર કરીએ છીએ, ત્યારે આપણું શરીર સેડેન્ટરી મોડમાં જતું રહે છે. આ સ્થિતિમાં હૃદયના ધબકારા અને રક્ત પરિભ્રમણની ગતિ મંદ પડે છે, જે લાંબા ગાળે મેદસ્વિતા ઉપરાંત ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર જેવી ગંભીર બીમારીઓનો પાયો નાખે છે. ખાસ કરીને બાળકોમાં આ અસર ખૂબ જ ઘાતક જોવા મળી રહી છે, કારણ કે મેદાનની રમતોની જગ્યા હવે વીડિયો ગેમ્સ અને સોશિયલ મીડિયાએ લઈ લીધી છે. તેની પાછળનું એક મુખ્ય કારણ સ્ક્રીન એડિક્શન છે. સ્માર્ટફોન, ટેબ્લેટ અને સ્માર્ટ ટીવી હવે માત્ર મનોરંજનના સાધનો નથી રહ્યા, પરંતુ તે આપણી શારીરિક સક્રિયતાને ભરખી જનારું ડિજિટલ ઝેર સાબિત થઈ રહ્યા છે. વધારે પડતો સ્ક્રીન ટાઈમ એ માત્ર સમયનો બગાડ નથી, પરંતુ તે શરીરમાં ચયાપચયની ક્રિયા(Metabolism) ને ધીમી પાડે છે. જ્યારે આપણે કલાકો સુધી એક જ મુદ્રામાં બેસીને સ્ક્રીન સામે સમય પસાર કરીએ છીએ, ત્યારે આપણું શરીર સેડેન્ટરી મોડમાં જતું રહે છે. આ સ્થિતિમાં હૃદયના ધબકારા અને રક્ત પરિભ્રમણની ગતિ મંદ પડે છે, જે લાંબા ગાળે મેદસ્વિતા ઉપરાંત ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર જેવી ગંભીર બીમારીઓનો પાયો નાખે છે. ખાસ કરીને બાળકોમાં આ અસર ખૂબ જ ઘાતક જોવા મળી રહી છે, કારણ કે મેદાનની રમતોની જગ્યા હવે વીડિયો ગેમ્સ અને સોશિયલ મીડિયાએ લઈ લીધી છે.

સ્ક્રીન ટાઈમ કેવી રીતે સ્થૂળતા વધારે છે?

બેઠાડુ પ્રકારની જીવનશૈલી અને કેલરી સંગ્રહ: જ્યારે આપણે ટીવી કે મોબાઈલનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે શરીરની ઊર્જાનો વપરાશ નહિવત થઈ જાય છે. આપણે જે ખોરાક લઈએ છીએ તેમાંથી મળતી કેલરી વપરાવાને બદલે ચરબીના સ્વરૂપે પેટ અને કમરના ભાગે જમા થવા લાગે છે.

* માઈન્ડલેસ ઈટિંગ (ધ્યાન વગર ખાવું): સંશોધનો મુજબ, જે લોકો સ્ક્રીન સામે બેસીને જમે છે તેઓ સામાન્ય કરતાં ૨૦% થી ૩૦% વધુ કેલરી લે છે. સ્ક્રીન પરના દ્રશ્યોમાં ખોવાયેલું મગજ પેટ ભરાઈ ગયાના સંકેતોને ઓળખી શકતું નથી, જેને પેસિવ ઓવરઈટિંગ કહેવામાં આવે છે.

ઊંઘનું ચક્ર ખોરવાવું: ડિજિટલ સ્ક્રીનમાંથી નીકળતી વાદળી લાઈટ (Blue Light) શરીરમાં મેલાટોનિન હોર્મોનના સ્ત્રાવને અટકાવે છે. ઊંઘ પૂરી ન થવાને કારણે લેપ્ટિન (તૃપ્તિ આપતો હોર્મોન) ઘટે છે અને ઘ્રેલિન (ભૂખ વધારતો હોર્મોન) વધે છે, જેના કારણે વ્યક્તિને રાત્રે પણ જંક ફૂડ ખાવાની ઈચ્છા થાય છે.

* ખોરાકની જાહેરાતોનું મનોવૈજ્ઞાનિક દબાણ: ડિજિટલ પ્લેટફોર્મ પર સતત હાઈ-કેલરી ફૂડ, કોલ્ડ ડ્રિંક્સ અને પ્રોસેસ્ડ ફૂડની આકર્ષક જાહેરાતો આપણને ન જોઈતી ભૂખ લગાડે છે, જે સ્થૂળતા માટે સીધી રીતે જવાબદાર છે.

સ્ક્રીન મેનેજમેન્ટ દ્વારા મેદસ્વિતાથી બચવાના અસરકારક ઉપાયો

1. ગેજેટ-ફ્રી મીલ ટાઈમ: નિયમ બનાવો કે ડાઈનિંગ ટેબલ પર કોઈ પણ પ્રકારનો ફોન કે ટેબ્લેટ રાખવામાં આવશે નહીં. પરિવાર સાથે વાતચીત કરતાં અને ખોરાક પર ધ્યાન આપીને જમવાથી ઓટોમેટિકલી વધુ પડતું ખાવાની આદત છૂટી જશે.

2. સક્રિય વિરામ (Active Breaks): જો તમારું કામ સ્ક્રીન સાથે જોડાયેલું હોય, તો દર ૪૫ મિનિટે એલાર્મ મૂકીને ૫ મિનિટનો વોકિંગ બ્રેક લો. લાંબો સમય બેસી રહેવાને બદલે ઊભા થઈને સ્ટ્રેચિંગ કરવાથી મેટાબોલિઝમ જળવાઈ રહેશે.

3. સ્લીપ હાઈજીન: સૂવાના ૬૦ થી ૯૦ મિનિટ પહેલા તમામ સ્ક્રીન બંધ કરી દો. તેના બદલે પુસ્તક વાંચવાની કે ધ્યાન કરવાની આદત પાડો. ઊંઘ સુધરશે તો હોર્મોનલ સંતુલન જળવાશે અને વજન ઘટાડવામાં સરળતા રહેશે.

4. બાળકો માટે સ્ક્રીન લિમિટ: બાળકો માટે સ્ક્રીન ટાઈમ મર્યાદિત રાખવો જોઈએ. તેમને શારીરિક રમતો અને આઉટડોર એક્ટિવિટીઝ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ જેથી બાળપણથી જ સ્થૂળતાના બીજ ન રોપાય.

આ સાથે સંકળાયેલા અન્ય જોખમી પાસાઓ

સ્ટ્રેસ ઈટિંગ: સોશિયલ મીડિયા પર અન્યની સરખામણી કરવાથી માનસિક તણાવ વધે છે. આ તણાવને ઓછો કરવા લોકો ઘણીવાર વધુ પડતું ગળ્યું કે તળેલું ખાય છે, જે મેદસ્વીતાનું છૂપું કારણ છે. વિટામિન D ની ઉણપ: સતત ઘરમાં પુરાઈને સ્ક્રીન સામે રહેવાથી સૂર્યપ્રકાશ મળતો નથી. વિટામિન D ની ઉણપ પણ શરીરમાં ચરબી વધારવા માટે જવાબદાર માનવામાં આવે છે. * સાંધા અને પોશ્ચરની તકલીફ સ્થૂળતાને કારણે ઘૂંટણ પર દબાણ આવે છે અને ખોટા પોશ્ચરને લીધે કાયમી શારીરિક અક્ષમતા આવી શકે છે. અંતે, આપણે એ સ્વીકારવું પડશે કે ટેકનોલોજી આપણા જીવનને સરળ બનાવવા માટે છે, શરીરને રોગી બનાવવા માટે નહીં. સ્ક્રીન ટાઈમ અને સ્થૂળતા વચ્ચેનો સંબંધ માત્ર શારીરિક નથી, પરંતુ તે એક ગંભીર સામાજિક સમસ્યા પણ છે. જો આપણે આજે જાગૃત થઈને આપણી સ્ક્રીન આદતો નહીં બદલીએ, તો ભવિષ્યની પેઢી રોગોના ભરડામાં હોમાઈ જશે.

ખરેખર તો વજન ઘટાડવા માટે માત્ર જીમમાં જવું પૂરતું નથી, પરંતુ સ્માર્ટફોનનો વપરાશ ઘટાડવો એ પણ એક પ્રકારની શારીરિક શિસ્ત જ છે. લોગ ઓફ (Log Off) થઈને પ્રકૃતિ અને પરિવાર સાથે કનેક્ટ થવું એ જ તંદુરસ્ત જીવનની સાચી ચાવી છે. ડિજિટલ સંતુલન જાળવો, સક્રિય રહો અને તમારા સ્વાસ્થ્યની બાગડોર તમારા પોતાના હાથમાં રાખો.

## નડિયાદ શહેરમાં આગામી મહા સુદ પૂનમના મેળો તથા સાકર વર્ષાના ઉત્સવ દરમિયાન દર્શનાર્થીઓ માટે વિશેષ સુવિધાઓનું આયોજન

**નડિયાદ, તા. 28**

નડિયાદ શહેર, શ્રી સંતરામ મંદિરમાં આગામી તા. ૩૦-૦૧-૨૦૨૬ થી ૦૩-૦૨-૨૦૨૬ સુધી આયોજિત મહા સુદ પૂનમના મેળો તથા મંદિરમાં સાકર વર્ષાના ઉત્સવ દરમિયાન દર્શનાર્થીઓ માટે વિશેષ સેવાઓ ઉપલબ્ધ કરાવવાના આયોજન માટે કમિશનર શ્રી જી.એચ.સોલંકીની અધ્યક્ષતા અને નડિયાદ ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈની મુખ્ય ઉપસ્થિતિમાં મહાનગરપાલિકા કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કરાયેલ ચર્ચા મુજબ મહા સુદ પૂનમના મેળા દરમિયાન નડિયાદ શહેરમાં આવતા શ્રદ્ધાળુઓ, દર્શનાર્થીઓ અને મેળાના રસિયાઓને વાહન વ્યવહાર, પાર્કિંગ, સફાઈ, સુરક્ષા સહિતની ઉત્કૃષ્ટ સેવાઓ આપવામાં આવશે. જેમાં, મુખ્ય સંતરામ માર્ગ પર તમામ દબાણો દૂર કરી રસ્તો ખુલ્લો રાખવામાં આવશે. તથા પાથરણાઓ વાળા પાસેથી કોઈપણ પ્રકારનો ચાર્જ વસૂલ કરવામાં આવશે નહીં. માર્ગ પર રખડતા ઢોરને નિયંત્રિત કરવા પશુપાલકો સાથે બેઠક કરી ઢોર મુક્ત રોડ તૈયાર કરવામાં આવશે. સાથે જ બિનઅધિકૃત રીતે ગેસ થી ચાલતા સ્ટોલ વગેરે બંધ કરવામાં આવશે. મેળા દરમિયાન નિયમિત સફાઈ ઉપરાંત રાત્રી સમયે વિશેષ સફાઈ કામગીરી કરવામાં આવશે. રીક્ષા એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી નિયત રિક્ષા ભાડું નક્કી કરી લેવામાં આવશે. જેથી કોઈ શ્રદ્ધાળુઓને પરિવહનમાં તકલીફ ન પડે. મેળાની રાઈડ્સ બાબતે પણ વિશેષ તકેદારી લેવામાં આવી છે. જેમાં, તમામ રાઈડ્સની ફિટનેસ ચકાસીને જ માન્યતા આપવામાં આવી છે. તથા રાત્રે ૧૧ વાગ્યે તમામ રાઈડ્સ બંધ કરી દેવામાં આવશે. આ સિવાય આગ વગેરેના કોઈ આકસ્મિક ઘટનાને પહોંચી વળવા ફાયર સેફ્ટીની તમામ તૈયારીઓ કરવામાં આવી છે. મેળા દરમિયાન નડિયાદ શહેરમાં ખૂબ મોટું માનવ મહેરામણ ઉપસ્થિત થતું હોય છે. ત્યારે આ વખતે દર્શનાર્થીઓના પાર્કિંગ અને પરિવહન માટે સવિશેષ આયોજનો કરવામાં આવ્યા છે. દર્શનાર્થીઓની સુલભ અવરજવર માટે આણંદ, પેટલાદ, તેમજ સૌરાષ્ટ્રથી આવતા યાત્રીકો માટે પીપલગ ચોકડી અને કીડની સર્કલ થી સંતરામ મંદિર તરફ જતા વાહનો માટે યોગી ફાર્મ,સ્વામીનારાયણ મંદીર, પીપલગ રોડ, નડિયાદ ખાતે પાર્કીંગ રાખવામાં આવશે. ત્યાંથી મહાનગર પાલિકા દ્વારા ચાર સીટી બસ થી સંતરામ મંદિરમા આવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ સિવાય ડાકોર, અમદાવાદ, ઉત્તરસંડા, આણંદથી આવતા યાત્રીકો માટે મહાગુજરાત સર્કલ થઇ પારસ સર્કલથી મંદિર તરફ જતા વાહનો માટે જુનુ હેલિપેડ ગ્રાઉન્ડ, ચેતક પાર્ટીપ્લોટ સામેનું ગ્રાઉન્ડ, તથા ઓપન પ્લોટ સાઈ બાબા મંદિર સામે, ડાકોર રોડ પર પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી છે. અહીંથી મહાનગર પાલીકાની સીટી બસથી મેળામાં આવવાની વ્યવસ્થા કરાવવામાં આવેલ છે.

## અમદાવાદમાં મદદનીશ રોજગાર નિયામક કચેરી, અસારવા ખાતે તા. 30 જાન્યુઆરીએ રોજગાર ભરતી મેળાનું આયોજન

**ગાંધીનગર, તા. 28**

શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, નિયામક શ્રી રોજગાર અને તાલીમના તાબા હેઠળની મદદનીશ નિયામક રોજગારની કચેરી અમદાવાદ દ્વારા અસારવા બહુમાળી ભવન, પ્રથમ માળ, શાહીબાગ ખાતે તા. 30 જાન્યુઆરીએ રોજગાર ભરતી મેળો યોજાશે. આ ભરતી મેળાનો મુખ્ય હેતુ શિક્ષિત ઉમેદવારોને રોજગારની ઉત્તમ તકો પૂરી પાડવાનો છે, જેમાં અમદાવાદ જિલ્લાના વિવિધ ઔદ્યોગિક એકમો ઉપસ્થિત રહીને લાયક ઉમેદવારોને જોબ ઓફર કરશે. આ ભરતી મેળામાં બેંકિંગ, સર્વિસ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટર જેવી જાણીતી કંપનીઓ સહભાગી થશે અને વિવિધ ખાલી જગ્યાઓ માટે સ્થળ પર જ ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેશે. આ પ્રક્રિયામાં 05થી વધુ કંપનીઓ સ્થળ પર ઈન્ટરવ્યૂ લેવા ઉપસ્થિત રહેશે. શૈક્ષણિક લાયકાતમાં ધોરણ 10 પાસ, ધોરણ 12 પાસ, ગ્રેજ્યુએટ, આઈ.ટી.આઈ. તેમજ ડિપ્લોમા જેવી લાયકાત ધરાવતા તમામ ઉમેદવારો આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે. રોજગાર મેળવવા ઈચ્છુક તમામ ઉમેદવારોએ પોતાના બાયોડેટાની ત્રણ નકલ સાથે તારીખ 30 જાન્યુઆરી, 2026 ના રોજ સવારે 11:00 કલાકે અસારવા બહુમાળી ભવન, ગીરધરનગર બ્રિજ પાસે, શાહીબાગ, અમદાવાદ ખાતે ઉપસ્થિત રહેવા મદદનીશ નિયામક રોજગાર કચેરીની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# યોકોવિચ હારતા હરતા બચ્યો, વૉકઓવર મળતા સેમિફાઈનલમાં પહોંચ્યો

## ઈગા સ્વિયાટેક ઓસ્ટ્રેલિયન ઓપનમાંથી બહાર, એલેના રાયબકિના અને જેસિકા પેગુલા સેમિફાઈનલમાં પહોંચી

**રાજકોટ, તા. 28**

વર્ષના પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપનમાં બુધવારે મોટા અપસેટ જોવા મળ્યા. મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં કઝાકિસ્તાનની એલેના રાયબકીનાએ શાનદાર પ્રદર્શન કરતા વિશ્વની નંબર-1 ખેલાડી ઈગા સ્વિયાટેકને સીધા સેટમાં 7-5, 6-1 થી હરાવીને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધી. આ હાર સાથે પોલેન્ડની સ્વિયાટેકનું કારકિર્દી ગ્રાન્ડ સ્લેમ પૂર્ણ કરવાનું સ્વપ્ન અધૂરું રહી ગયું. સ્વિયાટેક અત્યાર સુધી ચાર વખત ફ્રેન્ચ ઓપન, એક વખત વિમ્બલ્ડન અને એક વખત યુએસ ઓપનનો ખિતાબ જીતી ચૂકી છે અને તે ચારેય ગ્રાન્ડ સ્લેમ જીતનારી 11મી મહિલા ખેલાડી બનવાના પ્રયાસમાં હતી. જ્યારે, અમેરિકન ખેલાડી જેસિકા પેગુલાએ તેની જ દેશની અમાન્ડા અનિસિમોવાને હરાવીને મહિલા સિંગલ્સની સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું.

મેન્સમાં, 24 વખત ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન નોવાક યોકોવિચ બે સેટ ગુમાવ્યા પછી ત્રીજા સેટમાં મેચ રમી રહ્યો હતો ત્યારે વિરોધી ખેલાડી લોરેન્ઝો મુસેટી ઈજાગ્રસ્ત થઈને મેચમાંથી હટી જતાં સેમિફાઈનલમાં પહોંચી ગયો. મુસેટીએ પ્રથમ બે સેટમાં યોકોવિચને બેકફૂટ પર ધકેલ્યો મેચની શરૂઆતથી જ 22 વર્ષીય લોરેન્ઝો મુસેટીએ શાનદાર રમત બતાવી. તેણે યોકોવિચની સર્વિસ બ્રેક કરી અને પ્રથમ સેટ 6-4થી પોતાના નામે કર્યો. બીજા સેટમાં પણ મુસેટીનું વર્ચસ્વ જળવાઈ રહ્યું અને તેણે યોકોવિચની ભૂલોનો ફાયદો ઉઠાવતા તેને 6-3થી જીતી લીધો. યોકોવિચ સંઘર્ષ કરતા જોવા મળી રહ્યો હતો અને એવું લાગી રહ્યું હતું કે 10 વખતના ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનનો સફર આ વખતે ક્વાર્ટર ફાઈનલમાં જ સમાપ્ત થઈ જશે.ત્રીજા સેટમાં યોકોવિચે વાપસી કરવાનો પ્રયાસ કર્યો અને ત્રીજા ગેમમાં મુસેટીની સર્વિસ



બ્રેક કરીને 2-1ની લીડ બનાવી લીધી. આ દરમિયાન મુસેટીને તેના જમણા પગના ઉપરના ભાગમાં તીવ્ર દુખાવો થયો. તેણે કોર્ટ પર જ મેડિકલ ટાઈમ આઉટ લીધો અને ફિઝિયો પાસેથી સારવાર કરાવી. આ પછી તેણે એક ગેમ વધુ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ દુખાવો એટલો વધારે હતો કે તે દોડવાની સ્થિતિમાં નહોતો. જ્યારે સ્કોર યોકોવિચની તરફેણમાં 3-1 હતો, ત્યારે મુસેટીએ રિટાયર થવાનો નિર્ણય કર્યો. ત્રીજા સેટમાં મેચનો વળાંક આવ્યો ત્રીજા સેટમાં યોકોવિચે વાપસી કરવાનો પ્રયાસ કર્યો અને ત્રીજા ગેમમાં સર્વિસ બ્રેક કરીને 2-1ની લીડ મેળવી. આ દરમિયાન મુસેટીને જમણા પગના સ્નાયુમાં ખેંચાણ આવ્યું. તેણે મેડિકલ ટાઈમઆઉટ લીધો અને રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ દોડવામાં અસમર્થ રહ્યો. સ્કોર 3-1 થતાં મુસેટીએ મુકાબલામાંથી હટી જવાનો નિર્ણય કર્યો.

યોકોવિચે કહ્યું- હું હારીને ઘરે જવાનો હતો મેચ પછી 38 વર્ષીય યોકોવિચે કહ્યું, "મને લોરેન્ઝો માટે ખૂબ જ ખરાબ લાગી રહ્યું છે. આજે તે મારા કરતાં વધુ સારો રમી રહ્યો હતો. સાચું કહું તો હું હારીને ઘરે જવાની તૈયારીમાં હતો, પરંતુ નસીબે સાથ આપ્યો. હું આ રીતે જીતવા માગતો ન હતો." 25મા ગ્રાન્ડ સ્લેમ તરફ એક વધુ કદમ આ જીત સાથે યોકોવિચ તેની કારકિર્દીના 25મા ગ્રાન્ડ સ્લેમ અને 11મા ઓસ્ટ્રેલિયન ઓપન ખિતાબ તરફ આગળ વધ્યો છે. હાલમાં તે માર્ગારેટ કોર્ટના 24 ગ્રાન્ડ સ્લેમના રેકોર્ડની બરાબરી પર છે. આગળનો મુકાબલો: સિનર કે શેલ્ટન સામે થશે ટક્કર સેમિફાઈનલમાં યોકોવિચનો સામનો બુધવારે મોડી રાત્રે રમાનાર બીજા ક્વાર્ટર ફાઈનલના વિજેતા સાથે થશે. આ મુકાબલો ડિફેન્ડિંગ ચેમ્પિયન જેનિક સિનર અને અમેરિકાના બેન શેલ્ટન વચ્ચે થવાનો છે. ટેનિસ ચાહકોને આશા છે કે સેમિફાઈનલમાં યોકોવિચ અને સિનર વચ્ચે હાઈ-વોલ્ટેજ મુકાબલો જોવા મળી શકે છે. રાયબકીનાએ પહેલો સેટ એક કલાકમાં જીત્યો રાયબકીના અને ઈગા સ્વિયાટેક વચ્ચે પહેલો સેટ લગભગ એક કલાક સુધી ચાલ્યો, જેમાં બંને ખેલાડીઓ વચ્ચે સખત ટક્કર જોવા મળી. સેટની છેલ્લી ગેમમાં રાયબકીનાએ સ્વિયાટેકની સર્વિસ બ્રેક કરીને 7-5 થી સેટ પોતાના નામે કર્યો. બીજા સેટમાં રાયબકીના સંપૂર્ણપણે પ્રભાવી રહી. રશિયામાં જન્મેલી અને કઝાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કરી રહેલી રાયબકીનાએ શરૂઆતની બે સર્વિસ બ્રેક સાથે 3-0 ની લીડ બનાવી અને સ્વિયાટેકને વાપસીનો કોઈ મોકો આપ્યો નહીં. તેણે 6-1 થી બીજો સેટ જીતીને સેમિફાઈનલમાં સ્થાન બનાવ્યું. સેમિફાઈનલમાં અમેરિકન ખેલાડી સામે રમશે રાયબકિનાનો સામનો અમેરિકન ખેલાડી સામે થશે. ગુરુવારે યોજાનારી સેમિફાઈનલમાં રાયબકિનાનો મુકાબલો જેસિકા પેગુલા અને અમાન્ડા અનિસિમોવા વચ્ચેની મેચના વિજેતા સાથે થશે. પેગુલા 2024 યુએસ ઓપનની ફાઈનલિસ્ટ રહી છે, જ્યારે અનિસિમોવા ગયા વર્ષે વિમ્બલ્ડન અને યુએસ ઓપનની ફાઈનલમાં પહોંચી હતી. બીજી સેમિફાઈનલમાં ટોપ સીડ આર્યના સબાલેન્કાનો સામનો એલિના સ્વિતોલિના સામે થશે.

## અભિષેક શર્મા સતત 6 મહિનાથી T20 ટૉપ બેટર : કેપ્ટન સૂર્યાની એક મહિના પછી ટૉપ-10માં વાપસી

**મુંબઈ, તા. 28**

ટીમ ઈન્ડિયાના ઓપનર અભિષેક શર્મા ICC રેન્કિંગમાં સતત 6 મહિનાથી નંબર વન બેટર બન્યો છે. બુધવારે જાહેર થયેલી રેન્કિંગમાં 929 પોઈન્ટ્સ સાથે તે નંબર વન પર છે. અભિષેક પહેલીવાર 30 જુલાઈ 2025ના રોજ નંબર-1 બેટર બન્યો હતો. અભિષેકે ન્યૂઝીલેન્ડ સામે ચાલી રહેલી T20 સિરીઝની પ્રથમ મેચમાં 84 અને ત્રીજી મેચમાં 68* રનની ઈનિંગ રમી હતી. જ્યારે, ટીમ ઈન્ડિયાના T20 કેપ્ટન સૂર્યકુમાર યાદવે ફરી એકવાર ટૉપ-10માં સ્થાન મેળવી લીધું છે. આ અઠવાડિયે તેને પાંચ સ્થાનનો ફાયદો થયો છે. તે 717 રેટિંગ પોઈન્ટ્સ સાથે સાતમા નંબર પર પહોંચી ગયો છે. સૂર્યા ડિસેમ્બરમાં ટૉપ-10માંથી બહાર થયો હતો. ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝમાં છેલ્લી બે મેચમાં સૂર્યાએ સતત બે અડધી સદી ફટકારી હતી અને બંને મેચમાં અણનમ રહ્યા હતા. ભારતનો તિલક વર્મા 781 પોઈન્ટ્સ સાથે ત્રીજા નંબર પર યથાવત છે. ઓલરાઉન્ડર્સમાં હાર્દિક પંડ્યા ત્રીજા નંબર પર પહોંચી ગયો છે. બુમરાહને ચાર સ્થાનનો ફાયદો T20 વર્લ્ડ કપની શરૂઆતથી બરાબર 10 દિવસ પહેલાં આ ભારત માટે સકારાત્મક સંકેત છે. ન્યૂઝીલેન્ડ સામેના શાનદાર પ્રદર્શન બાદ અન્ય ઘણા ભારતીય ખેલાડીઓની રેન્કિંગમાં પણ સુધારો થયો છે, જેનાથી ટીમ ઈન્ડિયાને મોટો મનોબળ મળ્યો છે.

## વર્લ્ડકપ પહેલાં ઓસ્ટ્રેલિયન ટીમ પાકિસ્તાન પહોંચી : 3 T20 મેચની સિરીઝ રમશે



**મુંબઈ, તા. 28**

મિચેલ માર્શની આગેવાની હેઠળ ઓસ્ટ્રેલિયન ટીમ બુધવારે લાહોર પહોંચી ગઈ. જ્યાં તે પાકિસ્તાન સામે 3 T20 મેચની સિરીઝ રમશે. આ સિરીઝ એવા સમયે રમાઈ રહી છે. જ્યારે 7 ફેબ્રુઆરીથી શરૂ થનારા T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાનના રમવા પર શંકા છે. કાંગારૂઓ માટે આ સિરીઝ વર્લ્ડ કપની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ છે. તેને પાકિસ્તાનની તૈયારીઓના અંતિમ તબક્કા તરીકે જોવામાં આવી રહી છે. સિરીઝની પહેલી મેચ 29 જાન્યુઆરીએ લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં રમાશે. પાકિસ્તાની ટીમને સરકારની મંજૂરીની રાહ? પાકિસ્તાની ટીમને ભારત અને શ્રીલંકામાં યોજાનારા T20 વર્લ્ડ કપમાં રમવા માટે સરકારની મંજૂરીની રાહ છે. જોવાનું એ રહેશે કે શું પાકિસ્તાની સરકાર પોતાની ટીમને વર્લ્ડ કપ રમવાની મંજૂરી આપે છે કે નહીં? પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના પ્રમુખ મોહસિન નકવીએ વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથેની બેઠક બાદ કહ્યું હતું કે તમામ વિકલ્પો ખુલ્લા છે અને નિર્ણય શુક્રવાર અથવા આવતા સોમવાર સુધીમાં લેવામાં આવશે. ICCએ બાંગ્લાદેશને વર્લ્ડ કપમાંથી હટાવ્યું બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ અને ત્યાંની વચગાળાની સરકારે સુરક્ષા ચિંતાઓને ટાંકીને ભારતમાં T20 વર્લ્ડ કપની મેચ રમવાનો ઈનકાર કર્યો હતો. આ પછી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ બાંગ્લાદેશના સ્થાને સ્કોટલેન્ડને ટુર્નામેન્ટમાં સામેલ કર્યું હતું. પાકિસ્તાન તેનો વિરોધ કરી રહ્યું છે. ઓસ્ટ્રેલિયાના ઘણા સિનિયર ખેલાડીઓ રમી રહ્યા નથી ઓસ્ટ્રેલિયાની ટીમ પેટ કમિન્સ સહિત તેના કેટલાક અનુભવી ખેલાડીઓ વિના લાહોર પહોંચી છે. વર્લ્ડ કપ પહેલા ઈજાઓમાંથી સાજા થવા માટે કમિન્સ, જોશ હેઝલવુડ, ગ્લેન મેક્સવેલ, ટિમ ડેવિડ અને નાથન એલિસને પાકિસ્તાન પ્રવાસમાંથી બહાર રાખવામાં આવ્યા છે.

## ઓરીએ સારા વિશે ભદ્દી મજાક કરતાં બંનેની દોસ્તીમાં તિરાડ



**મુંબઈ, તા. 28**

મુંબઈ : પોતાની ચિત્રવિચિત્ર હરકતો માટે બદનામ સોશિયલ મીડિયા પર્સનાલિટી ઓરહાન અવતરામાની ઉર્ફે ઓરીએ તાજેતરમાં સારા અલી ખાન વિશે એક ભદ્દી મજાક કરતાં બંનેની દોસ્તીમાં તિરાડ પડી ગઈ છે. સારા અલી ખાન તથા તેના ભાઈ ઈબ્રાહિમ અલી ખાન બંનેએ ઓરીને અનફોલો કરી દીધો છે. ઓરી અનેક બોલિવુડ સેલિબ્રિટીનો અંગત મિત્ર છે. ખાસ કરીને જાહ્નવી કપૂર સાથે તેની નિકટતા જાણીતી છે. જોકે, ઓરીને બોલિવુડ કલાકારો આટલું મહત્વ શા માટે આપે છે તે હજુ સુધી કોઈને સમજાયું નથી. ઓરીએ તાજેતરમાં એક સોશિયલ મીડિયા પોસ્ટમાં સારાની હિટ ફિલ્મોની સંખ્યા આંતરવસ્ત્રોની લંબાઈ જેટલી ટૂંકી છે તેવી મજાક કરી હતી. તે પછી સોશિયલ મીડિયા યૂઝર્સએ તેના પર ભારે પસ્તાળ પાડી હતી. કેટલાક ચાહકોએ લખ્યું હતું કે પોતે જાહ્નવી સહિતના અમુક બોલિવુડ સ્ટાર્સને ઓરી જેવા વાહિયાત માણસ સાથેની નિકટતાને કારણે અનફોલો કર્યા છે. ઓરીએ એક પોસ્ટમાં સારા, અમૃતા અને પલક સૌથી બકવાસ નામો હોવાનું ગણાવ્યું હતું. સારાએ ઓરીની હરકતોનો સીધો જવાબ આપવાને બદલે એક ગીતના' પ્રતિભાશાળી લોકો વિવાદોમાં નથી પડતા' એવા શબ્દો શેર કર્યા હતા. જોકે, ઓરીને બોલિવુડ કલાકારો આટલું મહત્વ શા માટે આપે છે તે હજુ સુધી કોઈને સમજાયું નથી. ઓરીએ તાજેતરમાં એક સોશિયલ મીડિયા પોસ્ટમાં સારાની હિટ ફિલ્મોની સંખ્યા આંતરવસ્ત્રોની લંબાઈ જેટલી ટૂંકી છે તેવી મજાક કરી હતી. તે પછી સોશિયલ મીડિયા યૂઝર્સએ તેના પર ભારે પસ્તાળ પાડી હતી. કેટલાક ચાહકોએ લખ્યું હતું કે પોતે જાહ્નવી સહિતના અમુક બોલિવુડ સ્ટાર્સને ઓરી જેવા વાહિયાત માણસ સાથેની નિકટતાને કારણે અનફોલો કર્યા છે. ઓરીએ એક પોસ્ટમાં સારા, અમૃતા અને પલક સૌથી બકવાસ નામો હોવાનું ગણાવ્યું હતું. સારાએ ઓરીની હરકતોનો સીધો જવાબ આપવાને બદલે એક ગીતના' પ્રતિભાશાળી લોકો વિવાદોમાં નથી પડતા' એવા શબ્દો શેર કર્યા હતા.

## દિશા પટાણી તલવિંદર સાથેના સંબંધોની પરોક્ષ ઘોષણા કરી



**મુંબઈ, તા. 28**

મુંબઈ : દિશા પટાણીએ પંજાબી સિંગર તલવિંદર સાથેના પોતાના સંબંધાની પરોક્ષ ઘોષણા કરી છે. તાજેતરમાં મુંબઈમાં એક ઈવેન્ટમાં બંનેએ હાથમાં હાથ પરોવીને સાથે એન્ટ્રી કરી હતી. તે પરથી તેમની ડેટિંગની અફવાને બળ મળ્યું છે. થોડા દિવસો પહેલાં નુપુર સેનનના લગ્નમાં દિશા અને તલવિંદર વચ્ચે આત્મીયતા જોવા મળી હતી. ત્યારથી બંને વચ્ચે રોમાંસ ચાલી રહ્યો હોવાની અફવા છે.ભૂતકાળમાં દિશા પટાણી ટાઈગર શ્રોફને ડેટ કરતી હતી. તેઓ લગ્ન કરવાના છે તેવી પણ ચર્ચા હતી. પરંતુ ટાઈગરને પોતાની કારકિર્દી પ્રત્યે ધ્યાન આપવું હોવાથી તેને લગ્ન કરવામાં રસ નહોતો. પરિણામે તેમનું બ્રેકઅપ થઈ ગયું હતું. થોડા દિવસો પહેલાં નુપુર સેનનના લગ્નમાં દિશા અને તલવિંદર વચ્ચે આત્મીયતા જોવા મળી હતી. ત્યારથી બંને વચ્ચે રોમાંસ ચાલી રહ્યો હોવાની અફવા છે.ભૂતકાળમાં દિશા પટાણી ટાઈગર શ્રોફને ડેટ કરતી હતી. તેઓ લગ્ન કરવાના છે તેવી પણ ચર્ચા હતી. પરંતુ ટાઈગરને પોતાની કારકિર્દી પ્રત્યે ધ્યાન આપવું હોવાથી તેને લગ્ન કરવામાં રસ નહોતો. પરિણામે તેમનું બ્રેકઅપ થઈ ગયું હતું.



## જેનિફર વિંગેટ અને કરણ વાહીના દિલ મળી ગયા! : ટીવીના પોપ્યુલર સ્ટાર્સે લગ્ન કરી લીધા હોવાની ચર્ચા, એક્ટરે સ્પષ્ટતા કરી

**મુંબઈ તા. 28**

ટીવીના પોપ્યુલર એક્ટર કરણ વાહી અને એક્ટ્રેસ જેનિફર વિંગેટ આ દિવસોમાં તેમના અંગત જીવનને લઈને ચર્ચામાં છે. સોશિયલ મીડિયા પર બંનેના લગ્નને લઈને સતત અફવાઓ ફેલાઈ રહી છે અને ઈન્ટરનેટ પર તેનાથી સંબંધિત ઘણા અહેવાલો પણ સામે આવી રહ્યા છે. જોકે, આ સમાચારોની સચ્ચાઈ કંઈક અલગ જ છે. 'હિન્દુસ્તાન ટાઈમ્સ'ના એક્સક્લુઝિવ રિપોર્ટ અનુસાર, જ્યારે આ અફવાઓ અંગે તેમણે કરણ વાહીનો સંપર્ક કર્યો, ત્યારે એક્ટરે સ્પષ્ટ શબ્દોમાં આ સમાચારોને નકારી કાઢતા કહ્યું, 'ફેક ન્યૂઝ.' કરણના આ નિવેદન બાદ બંનેના લગ્નને લઈને ચાલી રહેલી અટકળો પર હાલ પૂરતો વિરામ લાગી ગયો છે. નોંધનીય છે કે, કરણ વાહી અને જેનિફર વિંગેટ ઈન્ડસ્ટ્રીમાં લાંબા સમયથી છે અને બંને ખૂબ સારા મિત્રો છે. બંનેએ પોતાની કારકિર્દીના શરૂઆતના તબક્કામાં ફેમસ ટીવી શો 'દિલ મિલ ગયે'માં સાથે કામ કર્યું હતું. જ્યાં જેનિફરે ડો. રિદ્ધિમા ગુપ્તા અને કરણે ડો. સિદ્ધાંત મોદીનો રોલ કર્યો હતો. વર્ષ 2024માં લગભગ 14 વર્ષ પછી બંને વેબ સિરીઝ 'રાયસિંઘાણી વર્સિસ રાયસિંઘાણી'માં ફરી એકવાર સ્ક્રીન પર સાથે જોવા મળ્યા. આ સિરીઝમાં તેમની કેમેસ્ટ્રીને ઓડિયન્સે ખૂબ પસંદ કરી, જેના પછી તેમના ડેટિંગની અફવાઓ પણ તેજ બની ગઈ. પર્સનલ લાઈફની વાત કરીએ, તો કરણ લાંબા સમયથી સિંગલ છે, જ્યારે જેનિફર વિંગેટના લગ્ન પહેલા એક્ટર કરણ સિંહ ગ્રોવર સાથે થયાં હતાં. બંનેએ વર્ષ 2012માં લગ્ન કર્યાં હતાં, પરંતુ બે વર્ષ પછી અલગ થઈ ગયા અને નવેમ્બર 2014માં તેમના અલગ થવાની સત્તાવાર જાહેરાત કરી. બંનેના આગામી પ્રોજેક્ટ્સની વાત કરીએ, તો જેનિફર વિંગેટ ટૂંક સમયમાં એક અનટાઈટલ્ડ નેટફ્લિક્સ વેબ સિરીઝમાં જોવા મળશે, જેનું ડિરેક્શન રેન્સિલ ડી'સિલ્વા કરી રહ્યા છે. આ સિરીઝ પરિણીતિ ચોપરાની વેબ સિરીઝ ડેબ્યૂ પણ હશે અને તેમાં તાહિર રાજ ભસીન અને સુમિત વ્યાસ પણ મહત્વની ભૂમિકાઓમાં જોવા મળશે.

# ચાંદીમાં આગ ઝરતી તેજી, બે જ દિવસમાં ₹44,000 મોંઘી થઈ: સોનામાં પણ ઉછાળો, ₹1.63 લાખની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો.....



**નવી દિલ્હી, તા.28**

ચાંદી-સોનાના ભાવ સતત ત્રીજા દિવસે ઓલ ટાઈમ હાઈ પર છે. આજે 28 જાન્યુઆરીએ એક કિલો ચાંદીની કિંમત 17,257 રૂપિયા વધીને 3,61,821 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) એ આ માહિતી આપી છે.

બે દિવસમાં ચાંદીની કિંમત 44,116 રૂપિયા મોંઘી થઈ છે. આ પહેલા શુક્રવારે તેની કિંમત 3,17,705 રૂપિયા પ્રતિ કિલો હતી. આ વર્ષે અત્યાર સુધીમાં માત્ર 28 દિવસમાં જ તે 1.31 લાખ રૂપિયા મોંઘી થઈ ચૂકી છે.

જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 4,926 રૂપિયા વધીને 1,63,827 રૂપિયા પર પહોંચી ગયો છે. બે દિવસમાં સોનું 9,517 રૂપિયા મોંઘું થયું છે. આ પહેલા સોનાનો ભાવ 23 જાન્યુઆરીએ 1,54,310 રૂપિયા/10g હતો.

આ વર્ષે જાન્યુઆરીના 28 દિવસમાં જ ચાંદી 1,31,401 રૂપિયા મોંઘી થઈ ગઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીની કિંમત 2,30,420 રૂપિયા હતી, જે હવે 3,61,821 રૂપિયા પ્રતિ કિલો પહોંચી ગઈ છે.

જ્યારે સોનાની કિંમત 30,632 રૂપિયા વધી ગઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,33,195 રૂપિયાનું હતું, જે હવે 1,63,827 રૂપિયા થઈ ગયું છે. વૈશ્વિક તણાવ અને 'ગ્રીનલેન્ડ' વિવાદ: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલેન્ડ પર કબજો કરવાની જીદ અને આ મુદ્દે યુરોપિયન દેશોને ટેરિફની ધમકીએ વૈશ્વિક બજારોમાં અસ્થિરતા વધારી દીધી છે. જ્યારે પણ દુનિયામાં ટ્રેડ વોરનો ખતરો વધે છે, રોકાણકારો શેરબજારમાંથી પૈસા કાઢીને સુરક્ષિત રોકાણ એટલે કે સોના તરફ ભાગે છે.

રૂપિયાની રેકોર્ડ નબળાઈ : ભારતમાં સોનાની કિંમત ફક્ત વૈશ્વિક દરો પર જ નહીં, પરંતુ ડોલર-રૂપિયાના એક્સચેન્જ રેટ પર પણ નિર્ભર કરે છે. આજે રૂપિયો ડોલર સામે 91.10 ના ઓલ-ટાઈમ લો પર છે. LKP સિક્યોરિટીઝના જતિન ત્રિવેદી અનુસાર, રૂપિયાની નબળાઈને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ખરીદવામાં આવતા સોનાની લેન્ડિંગ કોસ્ટ ભારતમાં ખૂબ મોંઘી થઈ ગઈ છે, જેનાથી સ્થાનિક બજારમાં કિંમતો 1.5 લાખને પાર કરી ગઈ છે.

સેન્ટ્રલ બેંકો દ્વારા ભારે ખરીદી: વિશ્વભરની કેન્દ્રીય બેંકો (જેમ કે ભારતની RBI) તેમના વિદેશી મુદ્રા ભંડારને સુરક્ષિત રાખવા માટે સોનાનો સ્ટોક વધારી રહી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના આંકડા અનુસાર 2025માં રેકોર્ડ ખરીદી પછી 2026ની શરૂઆતમાં પણ સેન્ટ્રલ બેંકોની માંગ મજબૂત બની રહી છે, જેના કારણે સપ્લાય ઓછી અને ડિમાન્ડ વધુ હોવાને કારણે કિંમતો વધી રહી છે.

ઔદ્યોગિક માંગ - સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EV માં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર - અમેરિકી કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે.

ઉત્પાદકોની સ્પર્ધા - ઉત્પાદન અટકી જવાના ડરથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

રિસર્ચ હેડ ડો. રેનિશા ચૈનાની અનુસાર જો અમેરિકી ટેરિફ અને મધ્ય પૂર્વમાં તણાવ વધુ વધે છે, તો સોનું 2026માં 1,90,000 રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે. જ્યારે ચાંદી 4 લાખ રૂપિયા સુધી જઈ શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

# સેન્સેક્સ 487 પોઈન્ટ વધીને 82,344 પર બંધ થયો: નિફ્ટીમાં 167 પોઈન્ટનો ઉછાળો રહ્યો, ઓઈલ એન્ડ ગેસ સેક્ટર સૌથી વધુ 3.4% વધ્યું

**મુંબઈ, તા.28**

શેરબજારમાં આજે એટલે કે 28 જાન્યુઆરી (બુધવાર) ના રોજ ઉતાર-ચઢાવ જોવા મળ્યો. સેન્સેક્સ 487 પોઈન્ટ વધીને 82,344 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં 167 પોઈન્ટનો ઉછાળો રહ્યો.

ઓઈલ એન્ડ ગેસ, મીડિયા, પ્રાઈવેટ બેંક અને રિયલ્ટી સેક્ટરમાં 3% સુધીની તેજી છે. સેન્સેક્સ 30માંથી 21 શેરોમાં તેજી અને 9માં ઘટાડો જોવા મળી રહ્યો છે.

એક્સિસ બેંક, BEL અને અદાણી પોર્ટ્સના શેરોમાં 2% સુધીની તેજી છે. જ્યારે એશિયન પેઈન્ટ્સ, મારુતિ અને ઈન્ફોસિસના શેરોમાં 5% સુધીનો ઘટાડો જોવા મળી રહ્યો છે.

એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 1.05% વધીને 5,138 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.58% ઘટીને 53,024 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 2.21% ચઢીને 27,725 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.49% વધીને 4,160 પર કારોબાર કરી રહ્યો છે.

27 જાન્યુઆરીએ અમેરિકી બજાર ડાઉ જોન્સ 0.83% ઘટીને 49,003 પર બંધ થયો. નાસ્ડેક ઈન્ડેક્સ 0.91% અને S&P 500 0.41% ચઢીને બંધ થયો.




27 જાન્યુઆરીએ વિદેશી રોકાણકારો (FIIs) એ 3,068 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. જ્યારે ઘરેલુ રોકાણકારો (DII) એ 8,999 કરોડ રૂપિયાના શેર્સ ખરીદ્યા છે.

ડિસેમ્બર 2025માં FIIs એ કુલ 34,350 કરોડના શેર્સ વેચ્યા હતા. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા હતા.

શેરબજાર એટલે કે 27 જાન્યુઆરી (મંગળવાર) ના રોજ તેજી સાથે બંધ થયું. સેન્સેક્સ 319 પોઈન્ટ વધીને 81,857 ના સ્તરે બંધ થયું. નિફ્ટી પણ 126 અંક વધ્યો, તે 25,175 ના સ્તરે બંધ થયો હતો.

મેટલ સેક્ટરમાં સૌથી વધુ 3% ની તેજી જોવા મળી. PSU બેંક અને પ્રાઈવેટ બેંક સેક્ટરમાં પણ 1% થી વધુની તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 30 માંથી 18 શેરોમાં તેજી અને 12 માં ઘટાડો જોવા મળ્યો હતો.

એક્સિસ બેંક, અદાણી પોર્ટ્સ અને ટેક મહિન્દ્રાના શેરોમાં 5% સુધીની તેજી જોવા મળી. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એશિયન પેઈન્ટ્સ અને કોટક મહિન્દ્રા બેંકના શેરોમાં 3% સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

# યુરોપ સાથે મુકત વેપાર કરાર થતા ટેકસટાઈલ ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધશે

**મુંબઈ, તા.28**

યુરોપ સાથે ભારતે કરેલા મુક્ત વેપાર કરારને દેશના ટેકસટાઈલ તથા એપરલ ઉદ્યોગે આવકાર્યો છે. આ કરારથી ભારતના ટેકસટાઈલ ઉદ્યોગની યુરોપમાં સ્પર્ધાત્મકતામાં વધારો થશે અને નિકાસમાં વૃદ્ધિ જોવા મળશે તેવી એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (એઈપીસી) દ્વારા અપેક્ષા વ્યકત કરવામાં આવી છે.

આ કરારથી ઉદ્યોગનું માનસ એકદમ પ્રોત્સાહક બન્યું છે એમ કાઉન્સિલના ચેરમેન ડો. એ. શક્તિવેલ દ્વારા એક નિવેદનમાં જણાવાયું હતું.

કરારને પરિણામે યુરોપ ખાતે ભારતની ટેકસટાઈલ નિકાસ આગામી ત્રણ વર્ષમાં બમણી થઈ જવાની ઉદ્યોગ અપેક્ષા રાખી રહ્યું છે.




સદર કરારમાં ભારતના એપરલ તથા ટેકસટાઈલ પ્રોડકટસ પર શૂન્ય ડયૂટીની જોગવાઈથી યુરોપની બજારમાં ભારતની સ્પર્ધાત્મકતામાં વધારો થશે. યુરોપની બજારોમાં ભારતના નિકાસકારો લાંબા સમયથી ટેરિફ સંબંધિત ગેરલાભોનો સામનો કરી રહ્યા છે.

મુક્ત વેપાર કરાર લાગુ થયા બાદ ભારતની યુરોપ ખાતે એપરલ નિકાસ વાર્ષિક ધોરણે ૨૦થી ૨૫ ટકા જેટલી વધવાનો ઉદ્યોગ દ્વારા અંદાજ મુકાઈ રહ્યો છે. હાલમાં આ વિસ્તારમાં નિકાસમાં ૩ ટકા જેટલી જ વૃદ્ધિ જોવા મળી રહી છે.

યુરોપ એ વિશ્વમાં એપરલનો સૌથી મોટો આયાતકાર વિસ્તાર છે. નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં યુરોપની એપરલ આયાત અંદાજે ૨૦૨.૮૦ અબજ ડોલર રહી હતી.

જર્મની, સ્પેન, ફ્રાન્સ તથા ઈટાલી જેવા યુરોપના દેશો ભારત ખાતેથી એપરલ તથા ગારમેન્ટસની મોટેપાયે આયાત કરે છે. ભારતની એપરલ નિકાસમાં ૨૮ ટકા જેટલો હિસ્સો યુરોપનો છે. ટેરિફ નાબુદ કરાતા ભારત હવે બાંગલાદેશ, વિયેતનામ તથા તુર્કીની સ્પર્ધા કરી શકશે જેઓ હાલમાં યુરોપની બજારમાં ડયૂટી ફ્રી અથવા પ્રાથમિકતાના લાભો મેળવી રહ્યા છે. મુકત વેપાર કરારને કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રીએ સમયસરનો ગણાવ્યો છે અને દેશના ટેકસટાઈલ ઉદ્યોગ માટે મહત્વની ઘટના તરીકે વર્ણવ્યો છે.

# TVSનો ત્રીજા ક્વાર્ટરમાં નફો 49% વધીને ₹841 થયો: કમાણી 33% વધીને ₹14,745 કરોડ, ઓક્ટોબર-ડિસેમ્બરમાં કંપનીએ 15.44 લાખ વાહનો વેચ્યા

**નવી દિલ્હી, તા.28**

ઓટોમોબાઈલ કંપની TVS મોટર્સને નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરમાં 841 કરોડ રૂપિયાનો નફો થયો છે. વાર્ષિક ધોરણે તેમાં 49%નો વધારો થયો છે. એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં કંપનીને 566 કરોડ રૂપિયાનો નફો થયો હતો.

જ્યારે કંપનીની કમાણીમાં 33%નો વધારો થયો છે. ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં TVS મોટર્સે 14,745 કરોડ રૂપિયાની કમાણી કરી છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં આ આંકડો 11,099 કરોડ રૂપિયા હતો. પરિણામો પછી TVS મોટર્સનો શેર 5% વધીને 3,735 પર બંધ થયો છે.




અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ: TVS એ આ ક્વાર્ટરમાં રેકોર્ડબ્રેક વેચાણ કર્યું છે. કુલ 2-વ્હીલર અને 3-વ્હીલરનું વેચાણ 27% વધીને 15.44 લાખ યુનિટ્સ થયું, જે કંપનીના ઈતિહાસમાં એક ક્વાર્ટરનું સૌથી વધુ વેચાણ છે.

ઈલેક્ટ્રિક વાહનોની માગ વધી: કંપનીના ઈલેક્ટ્રિક વાહનોની માગ ઝડપથી વધી છે. EV ના વેચાણમાં 40% નો વધારો જોવા મળ્યો અને તે 1.06 લાખ યુનિટ્સના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું.

થ્રી-વ્હીલર અને નિકાસમાં તેજી: થ્રી-વ્હીલર વાહનોનું વેચાણ ગયા વર્ષની સરખામણીમાં બમણા (106%) થી પણ વધુ થઈ ગયું છે. સાથે જ, વિદેશોમાં થતી નિકાસમાં પણ 35% ની મજબૂત વૃદ્ધિ નોંધાઈ છે. પરિણામો પછી TVS મોટર્સનો શેર આજે (બુધવાર, 28 જાન્યુઆરી) 4.68% વધીને 3,735 રૂપિયા પર બંધ થયો. કંપનીનો શેર છેલ્લા એક મહિનામાં 4.50% વધ્યો છે. જ્યારે, છેલ્લા 6 મહિનામાં તે 33.45% વધ્યો અને એક વર્ષમાં 20% વધ્યો છે. કંપનીનું માર્કેટ-કેપ 1.77 લાખ કરોડ રૂપિયા છે.

TVS એક મલ્ટીનેશનલ બાઈક મેન્યુફેક્ચરર કંપની છે. રેવન્યુના મામલે તે ભારતની ત્રીજી સૌથી મોટી મોટરસાઈકલ કંપની છે. કંપનીનું વાર્ષિક સરેરાશ વેચાણ 30 લાખથી વધુ છે.

જોકે, તેની મેન્યુફેક્ચરિંગ ક્ષમતા 40 લાખથી વધુ ટુ-વ્હીલરની છે. TVS ભારતની બીજી સૌથી મોટી નિકાસકાર પણ છે. કંપની 60થી વધુ દેશોમાં પોતાના વાહનો વેચે છે. TVS ના સ્થાપક ટી. વી. સુંદરમ આયંગરે 1911માં મદુરાઈની પ્રથમ બસ સેવાથી શરૂઆત કરી અને ટ્રાન્સપોર્ટેશન બિઝનેસમાં TVS નામથી કંપનીની સ્થાપના કરી, જેની પાસે સાઉધર્ન રોડવેઝના નામથી ટ્રકો અને બસોનો એક મોટો કાફલો હતો.

# મારુતિ સુઝુકીનો ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં નફો 4% વધ્યો: રેવન્યુ 29% વધીને ₹49,891 કરોડ રહી, કંપનીએ ત્રણ મહિનામાં 6.67 લાખ કાર વેચી

**મુંબઈ, તા.28**

ઓટોમોબાઈલ કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયાએ નાણાકીય વર્ષ 2025-26 ના ત્રીજા ક્વાર્ટરમાં 49,891 કરોડ રૂપિયાની કુલ કમાણી કરી. આ ગયા વર્ષની સરખામણીમાં 29% વધી છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીએ 38,752 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ જ ક્વાર્ટરમાં કંપનીએ 6.67 લાખ કાર વેચી.

કુલ કમાણીમાંથી પગાર, ટેક્સ, કાચા માલની કિંમત જેવા ખર્ચાઓ બાદ કરીએ તો કંપની પાસે 3,794 કરોડ રૂપિયા ચોખ્ખા નફા (નેટ પ્રોફિટ) તરીકે બચ્યા. આ 2025 ના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટર કરતાં 4% વધુ છે. ગયા વર્ષે કંપનીને 3,659 કરોડ રૂપિયાનો નફો થયો હતો.



ત્રીજા ક્વાર્ટરમાં કંપનીને પ્રોડક્ટ અને સર્વિસ વેચીને 49,891 કરોડ રૂપિયાની આવક એટલે કે રેવન્યુ પ્રાપ્ત થઈ. વાર્ષિક ધોરણે આ 29% વધ્યું છે. ઓક્ટોબર-ડિસેમ્બર 2025 માં કંપનીએ 38,752 કરોડ રૂપિયાની રેવન્યુ જનરેટ કરી હતી.

ત્રીજા ક્વાર્ટરમાં મારુતિ સુઝુકીએ કુલ 6,67,769 વાહનો વેચ્યા. ઘરેલું બજારમાં કંપનીનું વેચાણ આ સમયગાળા દરમિયાન 20.9% ઓછું રહ્યું, જ્યારે નિકાસ 3.9% વધુ રહી.

તેના કારણે કંપનીની વાર્ષિક ધોરણે એકંદર વેચાણ વૃદ્ધિ 18% રહી. ઘરેલું બજારમાં કંપનીએ 5,64,669 વાહનો વેચ્યા, જ્યારે 1,03,100 વાહનોની નિકાસ કરી. ત્રીજા ક્વાર્ટરના પરિણામો પછી, મારુતિ સુઝુકીનો શેર આજે 1.93% ઘટીને 14,951 રૂપિયા પર ટ્રેડ થઈ રહ્યો છે. છેલ્લા 6 મહિનામાં કંપનીના શેરે 21% વળતર આપ્યું છે. જ્યારે, આ વર્ષે એટલે કે 1 જાન્યુઆરીથી અત્યાર સુધી કંપનીનો શેર 11% ઘટ્યો છે. જ્યારે છેલ્લા એક વર્ષમાં કંપનીનો શેર 23% વધ્યો છે. મારુતિ સુઝુકીનું માર્કેટ કેપ 4.7 લાખ કરોડ રૂપિયા છે.

મારુતિ સુઝુકીની સ્થાપના 24 ફેબ્રુઆરી 1981ના રોજ ભારત સરકારની માલિકી હેઠળ મારુતિ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે થઈ હતી. 1982માં કંપનીએ જાપાનની સુઝુકી કોર્પોરેશન સાથે મળીને સંયુક્ત સાહસ 'મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ' બનાવ્યું.

ભારતીયો માટે પહેલી બજેટ કાર 1983 માં મારુતિ 800 લોન્ચ થઈ. 47,500 રૂપિયાની એક્સ-શોરૂમ કિંમતે કંપનીએ દેશના એક મોટા વર્ગને કાર ખરીદવા માટે સક્ષમ બનાવ્યો હતો. મારુતિ સુઝુકી છેલ્લા 40 વર્ષમાં દેશમાં લગભગ 3 કરોડ વાહનો વેચી ચૂકી છે.

# અમેરિકામાં સ્માર્ટફોન નિકાસ 200% વધીને 12.54 બિલિયન ડોલર પહોંચી

## 50 ટકા ટેરિફ અને નિકાસમાં તીવ્ર ઘટાડા અંગે વ્યાપક ચિંતાઓ છતાં નોંધપાત્ર આગેકુચ

**અમદાવાદ, તા.28**

વાણિજ્ય વિભાગના તાજેતરના ડેટા અનુસાર, એપલના નેતૃત્વમાં, ભારતની યુએસમાં સ્માર્ટફોન નિકાસ વાર્ષિક ધોરણે ૨૦૦ ટકાથી વધુ વધીને ૧૨.૫૪ બિલિયન ડોલર થઈ ગઈ છે. નાણાકીય વર્ષ ૨૫ ના સમાન સમયગાળા દરમિયાન, આ આંકડો ૪.૧ બિલિયન ડોલર હતો.

સ્માર્ટફોન નિકાસમાં આ ત્રણ ગણો ઉછાળો માત્ર ભારતની કેટલીક મુખ્ય ચીજવસ્તુઓની યુએસમાં નિકાસમાં તીવ્ર ઘટાડાને સરભર કરતો નથી, પરંતુ એકંદર નિકાસ વૃદ્ધિને ટકાવી રાખવામાં પણ મદદ કરે છે. વ્યાપક ૫૦ ટકા ટેરિફ લાદવા અને નિકાસમાં તીવ્ર ઘટાડા અંગે વ્યાપક ચિંતાઓ છતાં આ પરિણામ જોવા મળ્યું છે.

આ સમયગાળા દરમિયાન જે ઉદ્યોગોને સૌથી વધુ નુકસાન થયું તેમાં જેમ્સ અને જ્વેલરી (નિકાસમાં વાર્ષિક ધોરણે ૪૪ ટકાનો ઘટાડો), ઓટો પાર્ટ્સ (૬.૮ ટકાનો ઘટાડો) અને પેટ્રોલિયમ ઉત્પાદનો (૭.૭૮ ટકાનો ઘટાડો)નો સમાવેશ થાય છે. આ સમયગાળા દરમિયાન યુએસમાં નિકાસ કરાયેલી ૯૮ વસ્તુઓમાંથી ૫૯ વસ્તુઓ બે-અંકના વર્ગીકરણ સ્તરે નકારાત્મક ક્ષેત્રમાં રહી.

આમ છતાં, નાણાકીય વર્ષ ૨૬ના પ્રથમ આઠ મહિનામાં ભારતની યુએસમાં કુલ નિકાસ ૧૧.૨૮ ટકા વધી. આ શક્ય બન્યું કારણ કે, જ્યારે યુએસમાં કુલ નિકાસમાં ૫.૯ બિલિયન ડોલરનો વધારો થયો હતો, ત્યારે ફક્ત સ્માર્ટફોન નિકાસમાં ૮.૩ બિલિયન ડોલરનો વધારો થયો હતો.

આનાથી માત્ર અન્ય વસ્તુઓની નિકાસમાં થયેલા ઘટાડાને સરભર કરવામાં આવ્યો ન હતો, પરંતુ એન્જિનિયરિંગ માલ અને લોખંડ અને સ્ટીલ ઉત્પાદનો દ્વારા સમર્થિત એકંદર નિકાસમાં પણ વધારો થયો હતો, જે સકારાત્મક ક્ષેત્રમાં રહ્યો હતો. અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે સ્માર્ટફોન નિકાસને ઉચ્ચ યુએસ ટેરિફમાંથી મુક્તિ આપવામાં આવી છે અને તે શૂન્ય ડયુટી પર બજારમાં પ્રવેશ કરે છે.

# મર્સિડીઝ-BMW-વોલ્વો સહિતની ઈમ્પોર્ટેડ કારની કિંમત ઘટશે, યુરોપિયન કાર પર ડ્યુટી 110%થી ઘટીને 10% થઈ, ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટમાં જાહેરાત....


**નવી દિલ્હી, તા.28**

ભારતમાં હવે યુરોપથી આયાત થતી કારો સસ્તી થઈ જશે. ભારત સરકારે યુરોપથી આવતી કારો પર લાગતી આયાત ડ્યુટીને 110%થી ઘટાડીને 10% કરી દીધી છે. જોકે, સરકારે આ માટે 2.5 લાખ વાહનોની વાર્ષિક મર્યાદા નક્કી કરી છે. એટલે કે, આખા વર્ષમાં યુરોપથી આયાત થતી મહત્તમ 2.5 લાખ વાહનો પર જ ડ્યુટી ઓછી લાગશે. આ નિર્ણય ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો ભાગ છે.

આ કરારની જાહેરાત 27 જાન્યુઆરીના રોજ ભારત-EU સમિટમાં કરવામાં આવી. 18 વર્ષ ચાલેલી લાંબી વાતચીત પછી બંને પક્ષોએ આ કરારને અંતિમ સ્વરૂપ આપ્યું છે. તેને 2027 સુધીમાં લાગુ કરવામાં આવશે.

ભારતમાં મર્સિડીઝ બેન્ઝ અને BMWની મોટાભાગની લોકપ્રિય કારો પહેલેથી જ સ્થાનિક એસેમ્બલી દ્વારા બને છે. એટલે કે, પાર્ટ્સ આયાત કરીને અહીં જોડીને બનાવવામાં આવે છે. આના પર આયાત ડ્યુટી ફક્ત 15-16.5% સુધી લાગે છે, તેથી EU સાથે FTA થવાથી તેમની કિંમતમાં કોઈ મોટો ફેરફાર આવશે નહીં.

આ કેવી રીતે અને ક્યારથી લાગુ પડશે? જવાબ- સરકારે હજુ તેની સત્તાવાર જાણકારી આપી નથી. પરંતુ ડ્યુટી રાતોરાત 110%થી 10% નહીં થાય. પહેલા તેનું સત્તાવાર નોટિફિકેશન બહાર પાડવામાં આવશે. તેને આગામી કેટલાક વર્ષોમાં ધીમે ધીમે ઘટાડવામાં આવશે. તેના 2026ના અંત અથવા 2027 ની શરૂઆતમાં લાગુ થવાની સંભાવના છે.



ભારતમાં કયા પ્રકારની કાર સસ્તી થશે? જવાબ- આ ડીલનો ફાયદો ફક્ત તે જ કારોને મળશે, જે સંપૂર્ણપણે યુરોપથી બનીને ભારત આવે છે. તેમાં મોટાભાગે મર્સિડીઝ, ઓડી, ફરારી અને BMW કંપનીની સ્પોર્ટ્સ અને લક્ઝરી કારો શામેલ છે.

કારની કિંમત કેટલી ઓછી થશે? જવાબ- હાલમાં ભારતમાં મર્સિડીઝ બેન્ઝ G-વેગન કારની અંદાજિત કિંમત 4 કરોડ રૂપિયા છે. આના પર સરકાર 110% ઈમ્પોર્ટ ડ્યુટી એટલે કે લગભગ 2.1 કરોડ રૂપિયા વસૂલે છે. નવી 10% ઈમ્પોર્ટ ડ્યુટી લાગુ થયા પછી તેની કિંમત 1.99 કરોડ રૂપિયા રહેવાની શક્યતા છે.

શું ઈલેક્ટ્રિક વાહનો પર પણ આ છૂટ લાગુ પડશે? જવાબ- ઈલેક્ટ્રિક વાહનોને લગભગ 5 વર્ષ સુધી ડ્યુટી કટમાંથી બહાર રાખવામાં આવશે, જેથી ટાટા મોટર્સ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા જેવા સ્થાનિક ખેલાડીઓને સુરક્ષા મળે. તે પછી તેમના પર પણ કટ લાગુ થઈ શકે છે.

ડ્યુટી હટાવ્યા પછી તેના પર કેટલી બચત થશે, તે હજુ નક્કી નથી. સરકારના નોટિફિકેશન પછી જ તેની સ્થિતિ સ્પષ્ટ થઈ શકશે.

વેચાણની દ્રષ્ટિએ ભારત હાલમાં અમેરિકા અને ચીન પછી વિશ્વનું ત્રીજું સૌથી મોટું કાર બજાર છે. જોકે, EU ઉત્પાદકોનો ભારતના 44 લાખ યુનિટ વાર્ષિક કાર વેચાણવાળા બજારમાં હિસ્સો 4%થી ઓછો છે. આમ છતાં, ભારતે તેના ઓટો સેક્ટરને ખૂબ સુરક્ષિત (પ્રોટેક્ટેડ) રાખ્યું હતું. ઉચ્ચ ટેક્સને કારણે વિદેશી કંપનીઓ માટે ભારતીય બજારમાં તેમની મોંઘી કારો વેચવી મુશ્કેલ હતી. હવે આ ડીલ પછી મર્સિડીઝ, BMW, ઓડી અને ફોક્સવેગન જેવી કંપનીઓ માટે ભારતમાં પોતાનો વ્યાપ વધારવો સરળ બનશે. વર્ષ 2024-25માં કુલ વેપાર 190 અબજ ડોલર (લગભગ 15.80 લાખ કરોડ રૂપિયા)ને પાર કરી ગયો છે. આ સમયગાળા દરમિયાન ભારતે યુરોપિયન દેશોને 75.9 અબજ ડોલરનો માલ અને 30 અબજ ડોલરની સેવાઓ નિકાસ કરી. જ્યારે, યુરોપે ભારતને 60.7 અબજ ડોલરનો માલ અને 23 અબજ ડોલરની સેવાઓ મોકલી.

આ કરાર પછી બમણો થવાની અપેક્ષા છે. કરારથી માલ અને સેવાઓ પરના ટેરિફ ઘટશે, જેનાથી વેપાર સરળ બનશે. બંને પક્ષો એક સંરક્ષણ કરાર અને 2026-2030 માટે વ્યૂહાત્મક યોજના પણ જાહેર કરશે.

# 1518 કરોડના સાયબર ફ્રોડનો માસ્ટર માઇન્ડ સુરત એરપોર્ટ પરથી ઝડપાયો

## ચાઈનીઝ ગેંગને બેંક એકાઉન્ટ પૂરા પડાતો, 8 મહિના દુબઈમાં છુપાયો, શારજાહથી સુરત આવતા જ ધરપકડ

**સુરત, તા.28**

સુરતના ચકચારી 1500 કરોડથી વધુના સાયબર ફ્રોડ અને બેંક એકાઉન્ટ ભાડે આપવાના કૌભાંડમાં ઉધના SITને મોટી સફળતા મળી છે. છેલ્લા 8 મહિનાથી ધરપકડ ટાળવા માટે દુબઈમાં આશરો લઈ રહેલા મુખ્ય આરોપી દિવ્યેશ જીતેન્દ્રભાઈ ચક્રાણીને સુરત એરપોર્ટ પરથી દબોચી લેવામાં આવ્યો છે. આરોપી વિરુદ્ધ અગાઉ લુક-આઉટ નોટિસ જારી કરવામાં આવી હતી, જેના આધારે તે શારજાહથી સુરત પરત ફરતા જ સુરત એરપોર્ટ પર ઝડપાઈ ગયો હતો.



આ કૌભાંડમાં આરોપીઓની કામ કરવાની પદ્ધતિ અત્યંત વ્યવસ્થિત અને ગુનાહિત કાવતરાથી ભરેલી હતી. આરોપીઓ આર્થિક રીતે નબળા અથવા સામાન્ય નાગરિકોને રૂપિયાની લાલચ આપી હતી. આ લોકો પાસેથી તેમના અસલ પાનકાર્ડ અને આધારકાર્ડ મેળવી લેવામાં આવતા હતા. દસ્તાવેજોના આધારે ખોટી દુકાનો કે વ્યવસાયના સેટઅપ બતાવીને બેંકોમાં 'કરંટ એકાઉન્ટ' ખોલાવવામાં આવતા હતા.

એકવાર બેંક એકાઉન્ટ ખૂલી જાય એટલે તેની વેલકમ કિટ, ચેકબુક, ડેબિટ કાર્ડ અને બેંકમાં રજિસ્ટર્ડ થયેલું મોબાઈલ સીમકાર્ડ આરોપીઓ પોતાની પાસે રાખી લેતા હતા. આ એકાઉન્ટ્સના યુઝરનેમ અને પાસવર્ડ બદલીને, ખોટા ઈલેક્ટ્રોનિક દસ્તાવેજો ઉભા કરી આ સંપૂર્ણ કિટ્સ સાયબર ફ્રોડ આચરતી આંતરરાષ્ટ્રીય ચાઈનીઝ ગેંગને ઊંચા કમિશનથી વેચી દેવામાં આવતી હતી.

આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ 21 મે 2025 ના રોજ ઉધના વિસ્તારમાં વાહન ચેકિંગ દરમિયાન થયો હતો. એક શંકાસ્પદ એક્ટિવા ચાલક (રજીસ્ટર નં- GJ-05 TD-7745) ની પૂછપરછમાં બેંક એકાઉન્ટ્સનો આ મોટો ખેલ સામે આવ્યો હતો. પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે, આ ભાડે આપેલા એકાઉન્ટ્સ દ્વારા અત્યાર સુધીમાં અંદાજે રૂપિયા 1518,05,13,682નું સાયબર ફ્રોડ ટ્રાન્ઝેક્શન થયેલું હોવાનું જાણવા મળ્યું છે. આ નાણાં ઈન્ટરનેશનલ ગેંગ દ્વારા વિવિધ સાયબર ગુનાઓ આચરીને આ એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

મુખ્ય આરોપી દિવ્યેશ જીતેન્દ્રભાઈ ચક્રાણી (ઉ.વ. 26, ધંધો- ટેક્સટાઈલ્સ, રહે- 13, લક્ષ્મીનગર સોસાયટી, એ.કે.રોડ, સુરત; મૂળ દેવળીયા, અમરેલી) આ ગુનામાં પોલીસની પકડથી બચવા છેલ્લા 8 મહિનાથી દુબઈ નાસી ગયો હતો. સુરત પોલીસે તેની સામે લુક-આઉટ સર્ક્યુલર જારી કર્યો હતો. જેવો દિવ્યેશ શારજાહની ફ્લાઈટ પકડી સુરત એરપોર્ટ પર ઉતર્યો, કે તુરંત જ ઈમિગ્રેશન અને ઉધના SIT ની ટીમે તેની અટકાયત કરી લીધી હતી. ઉધના SIT એ આ કેસમાં અત્યંત ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. દિવ્યેશની ધરપકડ સાથે આ કેસમાં કુલ આરોપીઓનો આંકડો 30 પર પહોંચ્યો છે. અગાઉ પકડાયેલા 25 આરોપીઓ વિરુદ્ધ પોલીસ 1,50,000 (દોઢ લાખ) પાનાનું વિશાળ ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી ચૂકી છે. મની ટ્રેલના આધારે તપાસ કરી પોલીસે અગાઉ અન્ય 4 આરોપીઓ પાસેથી રૂ. 2,60,32,214ની મત્તાનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

## અમદાવાદીઓ માટે મોટી રાહત, બુલેટ ટ્રેનનું કામ વહેલું પૂર્ણ થતાં શાહીબાગ અંડર બ્રિજ ફરી શરુ કરાયો....

**અમદાવાદ, તા.28**

અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ છેડાને જોડતાં મહત્ત્વપૂર્ણ શાહીબાગ અંડર બ્રિજને આજથી (28મી જાન્યુઆરી) વાહનચાલકો માટે ફરીથી ખૂલ્લો મૂકી દેવામાં આવ્યો છે. નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન દ્વારા બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી અપેક્ષિત ગતિ કરતાં વધુ ઝડપથી પૂર્ણ કરવામાં આવતા આ સફળતા મળી છે. પોલીસ કમિશ્નરના જાહેરનામા મુજબ, આ બ્રિજ જે સમયે ખૂલવાનો હતો, તેના કરતાં આશરે 16 કલાક અગાઉ જ ટ્રાફિક માટે કાર્યરત કરી દેવાતાં ઍરપોર્ટ તરફ જતાં મુસાફરો અને સ્થાનિક રહીશોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.





નોંધનીય છે કે, બુલેટ ટ્રેનના ગર્ડર લોન્ચિંગ જેવી જટિલ કામગીરી માટે આ અંડર બ્રિજ ગત 23મી જાન્યુઆરીથી 5 દિવસ માટે તમામ પ્રકારના વાહનો માટે બંધ કરવામાં આવ્યો હતો. વહીવટી તંત્રના આયોજન મુજબ આ માર્ગ 28મી જાન્યુઆરીની મધરાતે 12 કલાકે શરુ થવાનો હતો, પરંતુ તંત્રની સતર્કતા અને ઝડપી કામગીરીને લીધે 28મી જાન્યુઆરીની વહેલી સવારથી જ અહીં વાહનોની અવરજવર શરુ કરી દેવાઈ છે. આ નિર્ણયને કારણે દિલ્હી દરવાજા અને શાહીબાગ વિસ્તારમાંથી ઍરપોર્ટ તરફ જતાં હજારો વાહનચાલકોને હવે લાંબા અંતરના ફેરા અને સમયના વેડફાટમાંથી મુક્તિ મળી છે.

છેલ્લા પાંચ દિવસથી અંડર બ્રિજ બંધ હોવાને કારણે વાહનચાલકોને ગિરધરનગર રેલવે ઓવર બ્રિજ અને ડફનાળા રિવરફ્રન્ટ જેવા વૈકલ્પિક રૂટ પરથી પસાર થવું પડતું હતું, જેને પરિણામે આ વિસ્તારોમાં પીક અવર્સ દરમિયાન ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હતી. સુભાષ બ્રિજ પર પણ હાલ કામગીરી ચાલતી હોવાથી વાહનચાલકો બેવડી મુશ્કેલી અનુભવી રહ્યા હતા, પરંતુ શાહીબાગ અંડર બ્રિજ અચાનક વહેલો શરુ થઈ જતાં શહેરના ટ્રાફિકનું ભારણ ઘટ્યું છે અને વાહન વ્યવહાર ફરી એકવાર સંપૂર્ણપણે પૂર્વવત્ થયો છે.

## અમદાવાદ ગ્રામ્ય કોર્ટને 25 દિવસમાં બીજી વખત ફરી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, તંત્રમાં દોડધામ

**અમદાવાદ, તા.28**

અમદાવાદમાં ગ્રામ્ય કોર્ટને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ખળભળાટ મચી ગયો છે. માત્ર 25 દિવસના ટૂંકા ગાળામાં બીજી વખત ન્યાય સંકુલને નિશાન બનાવવામાં આવતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ છે.



મળતી માહિતી અનુસાર, અમદાવાદ ગ્રામ્ય કોર્ટના સત્તાવાર મેઈલ આઈડી પર બોમ્બ હોવાનો ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. આ ઘટનાને લઈને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમો તાત્કાલિક કોર્ટ સંકુલમાં પહોંચી હતી. કોર્ટના ગેટથી લઈને દરેક માળ અને રૂમમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ સ્થળ પર પહોંચ્યો છે અને કોર્ટમાં આવતાં-જતાં લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ ગત પાંચમી જાન્યુઆરીના રોજ પણ આ જ પ્રકારે ગ્રામ્ય કોર્ટને ઉડાવી દેવાની ધમકી મળી હતી. એરપોર્ટ અને હવે વારંવાર કોર્ટને મળતી આ ધમકીઓને પગલે તંત્ર ઍલર્ટમાં છે. 25 દિવસમાં બીજી વાર મળેલી આ ધમકી કોઈ તોફાની તત્ત્વોનું કૃત્ય છે કે કોઈ મોટું કાવતરું, તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.

વારંવાર એક જ સંસ્થાને ટાર્ગેટ કરતાં મેઈલ ક્યાંથી અને કયા IP એડ્રેસ પરથી આવી રહ્યા છે, તેની તપાસ માટે અમદાવાદ સાયબર ક્રાઈમની મદદ લેવામાં આવી રહી છે. અગાઉની ધમકીના તાર અને વર્તમાન ઘટના વચ્ચે કોઈ કનેક્શન છે કે કેમ તેની પણ ઝીણવટભરી તપાસ ચાલી રહી છે. હાલમાં સમગ્ર કોર્ટ સંકુલને પોલીસ સુરક્ષા હેઠળ રાખવામાં આવ્યું છે.

## 30 વર્ષની ગેરંટીવાળો કેનાલ રોડ 7 મહિનામાં જ બેસી ગયો: સુરતના પાલનપુર કેનાલ રોડ પર ઠેર-ઠેર તિરાડો, સ્થાનિકોનો આક્ષેપ- 'પ્રજાના પૈસાનું આંધણ કર્યું'

**સુરત, તા.28**

સુરતના પાલનપુર કેનાલ રોડ પર સ્માર્ટ સિટીના નામે લાખો-કરોડો રૂપિયાના ખર્ચે બનેલો RCC રોડ માત્ર 6-7 મહિનામાં જ તૂટી પડ્યો છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. 30 વર્ષની ગેરંટીની વાતો સાથે બનાવવામાં આવેલા આ રોડમાં હવે ઠેર-ઠેર તિરાડો, ગાબડાં અને નમી જવાની સ્થિતિમાં પહોંચી ગયો છે, જેને લોકો 'પ્રજાના પૈસાનું આંધણ' ગણાવી રહ્યા છે.



સ્થાનિક અગ્રણી મહેશભાઈ પટેલ સહિત નાગરિકોનો આક્ષેપ છે કે, ગુણવત્તામાં ચેડાં અને ભ્રષ્ટાચારને કારણે રોડની આવી હાલત થઈ છે. RCC રોડ સામાન્ય રીતે દાયકાઓ સુધી ટકે તે રીતે બનાવવામાં આવતા હોય છે પરંતુ, અહીં સ્થિતિ ઉલટી છે. આ રોડ 30 વર્ષ સુધી ચાલે એવી વાતો કરવામાં આવી હતી પણ 7-8 મહિનામાં જ રોડ તૂટી ગયો છે, દબાઈ ગયો છે અને તેમાં મોટી તિરાડો પડી ગઈ છે. રોડ એક તરફ નમી જવાથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે, કામગીરીમાં મટીરીયલની ચોરી કરવામાં આવી છે. આ ઘટના પાછળ કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ વચ્ચેની પૈસાની ભાગબટાઈ અને ભ્રષ્ટાચાર જવાબદાર હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં તેઓએ જણાવ્યું કે, નબળી કામગીરી અંગે સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. મહેશભાઈએ આ અંગે સુરત મ્યુનિસિપલ કમિશનર અને વિજિલન્સ ઓફિસરને ઈ-મેઈલ દ્વારા પુરાવા સાથે ફરિયાદ કરી હોવા છતાં આજ સુધી તંત્ર તરફથી કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. કોઈપણ પ્રકારની તપાસ કે રિપેરિંગની કામગીરી શરૂ ન થતા લોકોમાં એવો સંદેશ જઈ રહ્યો છે કે, તંત્ર ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટરને છાવરી રહ્યું છે. અધિકારીઓની આ નિષ્ક્રિયતા સામે લોકોમાં ભારે આક્રોશ છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોઈ સુનાવણી ન થતા હવે આ લડત ગાંધીનગર સુધી પહોંચશે. મેં ઈ-મેઈલ કર્યા પણ કોઈ જવાબ મળ્યો નથી, હવે હું સીધી મુખ્યમંત્રીને રજૂઆત કરીશ.

સ્થાનિકોની માંગ છે કે, CM આ બાબતે તપાસના આદેશ આપે અને જે કોન્ટ્રાક્ટરો તેમજ અધિકારીઓએ સાથે મળીને પ્રજાના ટેક્સના પૈસાનો દુરુપયોગ કર્યો છે, તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે. સરકારની છબી ખરાબ કરનારા તત્વોને બ્લેકલિસ્ટ કરવાની માંગ જોર પકડી રહી છે. CMને રજૂઆત કર્યા બાદ પણ જો સંતોષકારક પગલાં લેવામાં નહીં આવે તો સ્થાનિકોએ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની તૈયારી કરી લીધી છે. મહેશભાઈએ સ્પષ્ટ ચીમકી આપી છે કે, 'જો અમારી માંગણીઓ નહીં સંતોષાય તો અમે ગામના તમામ લોકોને સાથે રાખીને મોટું આંદોલન કરીશું.' મોટી દુર્ઘટના સર્જાય અને કોઈ નિર્દોષનો જીવ જાય તે પહેલાં રોડનું નવીનીકરણ કરવું અનિવાર્ય બન્યું છે.

## અમદાવાદમાં મૌખિક ટ્રિપલ તલાકની ચોંકાવનારી ઘટના, ઓછું ભોજન મળતા પતિએ આપ્યા તલાક

**અમદાવાદ, તા.28**

અમદાવાદના શાહપુર વિસ્તારમાં રહેતી એક મહિલાને તેના પતિએ ફોન પર જ ટ્રિપલ તલાક આપી દીધાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ વિવાદનું કારણ જાણીને કોઈને પણ નવાઈ લાગે તેવું છે, કારણ કે પત્નીએ તેના પિયરથી સાસરીમાં મોકલેલા જમવાના ટિફિનમાં ભોજન ઓછું હોવાથી ઉશ્કેરાયેલા પતિએ ટ્રિપલ તલાક આપ્યા હતા. આ મામલે હવે મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી અનુસાર, શાહપુરમાં પોતાના પિયરમાં રહેતી મહિલાએ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વર્ષ 2016માં મુસ્લિમ રીત-રિવાજ મુજબ અસારવા ખાતે રહેતા મુનાફ શેખ સાથે તેના લગ્ન થયા હતા અને આ લગ્નજીવન દરમિયાન તેને ત્રણ સંતાનો પણ છે. ગત 14મી જાન્યુઆરીના રોજ મહિલા તેના ભાઈના લગ્ન નિમિત્તે સંતાનો સાથે પિયર ગઈ હતી, જ્યાં 18મી



જાન્યુઆરીએ બપોરના જમણવાર બાદ મોકલાવેલા ટિફિન અંગે પતિ સાથે થયેલી સામાન્ય વાતચીત ઉગ્ર થતાં મહિલાને ફોન પર જ તલાક આપી દેવામાં આવ્યા હતા. મહિલાના ભાઈના લગ્ન હોવાથી મહિલા તેના બાળક સાથે લગ્ન અર્થે પિયર આવી હતી. ભાઈના લગ્નના જમણવારના દિવસે મહિલાએ તેની ફઈના હાથે સાસરીમાં પતિ અને સાસુ માટે જમવાનું ટિફિન મોકલાવ્યું હતું. જો કે, રાત્રિના સમયે પતિએ ફોન કરીને ગુસ્સે થઈને કહ્યું હતું કે, 'તારા પિયરે એક પ્લેટ જેટલું ખાવાનું મોકલેલ છે, આટલું તો હું રોજ ભિખારીઓને ભીખમાં આપું છું.' પત્નીએ જ્યારે તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે પતિએ ઉશ્કેરાઈને બિભત્સ ગાળો આપી હતી.

## વટવામાં પત્નીની નજર સામે પતિનું મોત : સિંગરવામાં વૃદ્ધાનું મોત

- **વટવામાં ત્રણ સવારી જતા યુવકનું લોડિંગ ટક્કરથી મોત,બે મહિલા સારવાર હેઠળ**

**અમદાવાદ, તા.28**

પૂર્વમાં હિટ એન્ડ રનના બે બનાવમાં યુવક અને વૃદ્ધાનું મોત થયું હતું. જેમાં વટવા જીઆઈડીસી પાસે ત્રણ સવારીમાં જતા યુવકના બાઈકને લોડિંગ રિક્ષાએ ટક્કર મારતા પત્નીની નજર સામે પતિનું મોત થયું હતું. જ્યારે પત્ની સહિત બે મહિલાને ગંભીર ઈજાઓ થતાં સારવાર હેઠળ છે બીજા બનાવમાં સિંગરવા વિસ્તારમાં મંદિર પાસે ઉભા રહેલા વૃદ્ધાને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા મોત થયું હતું. આ બન્ને બનાવમાં ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.



જશોદાનગરમાં રહેતા મહિલાએ ટ્રાફિક જે ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા લોડિંગ રિક્ષા ચાલક સામે ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે સાંજે તેમના પતિ તથા બહેનપણી ત્રણ સવારે બાઈક પર બેસીને વટવા નણંદના ઘરે જઈ રહ્યા હતા. આ સમયે વટવા જીઆઈડીસી ફેસ ૧ કીરણ ઈન્ડસ્ટ્રીઝના દરવાજા પાસેથી પસાર થતા હતા ત્યારે પૂરઝડપે આવી રહેલી લોડીંગ રીક્ષા ચાલકે બાઈકને ટક્કર મારી હતી. ફરિયાદી સહિત ત્રણેય રસ્તા પર પટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત કરીને રીક્ષા લઈને ડ્રાઈવર ભાગી ગયો હતો. ૧૦૮ની ટીમ ઘટના સ્થળે આવતા પહેલા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં પતિનું સ્થળ પર મોત થયું હતુ. જ્યારે ફરિયાદી તથા સહેલી ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. બીજા બનાવમાં સિંગરવામાં રહેતા વૃદ્ધા તા.૨૫ના રોજ સાંજના સમયે સિંગરવા વિસ્તારમાં મહાદેવના મંદિર પાસે રોડ ઉપર ઉભા હતા. ત્યારે અજાણ્યા વાહન ચાલકે પૂરરઝડપે વાહન હંકારીને ટક્કર મારતાં વૃદ્ધા ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા તેમને ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન અસારવા સિવિલ હોસ્પિટલમાં મોત થયું હતું. આ ઘટના અંગે ટ્રાફિક આઈ ડિવિઝન પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધીને આસપાસના સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

